## ગુજરાતમાં સૌ પ્રથમ ગુજરાત યુનિ.દ્વારા શરૂ કરાયેલા

# ઓનલાઈન કોર્સીસમાં ઈન્ટર્નશિપ અને ટ્રેનિંગ માટે નવી પોલિસી નક્કી કરાશે

અમદાવાદ,સોમવાર

ગુજરાતમાં પ્રથમ એવી ગુજરાત યુનિવર્સિટી દ્વારા શરૂ કરાયેલા ઓનલાઈન કોર્સમાં નવી શિક્ષણ નીતિની જોગવાઈ પ્રમાણેની ફરજીયાત ઈન્ટર્નશિપ અને ઓન જોબ ટ્રેનિંગ કઈ રીતે કરાવવી તે માટે નવી પોલીસી નક્કી કરાશે.કારણકે હાલ તો રાજ્યની તમામ યુનિ.ઓ માટે ઓફલાઈન રેગ્યુલર કોર્સ ચાલે છે અને જેમાં વિદ્યાર્થીઓએ પાંચમા સેમેસ્ટરમાં ઓફલાઈન ઈન્ટર્નશિપ જ કરી હતી.પરંતુ ઓનલાઈન કોર્સમાં ઓફલાઈન-ફીઝિકલ ઈન્ટર્નશિપ-ટ્રેનિંગ શક્ય નથી.જેથી ઓનલાઈન ઈન્ટર્નશિપ કયાં અને કઈ રીતે કરાવવી તે માટે પોલીસી બનશે.

## ફરજિયાત એવી ટ્રેનિંગ-ઈન્ટર્નશિપ રેગ્યુલર કોર્સની જેમ ફીઝિકલ શક્ય ન થતાં ઓનલાઈન કરાવવા મંજૂરી અપાશે

યુજીસી દ્વારા ગુજરાત યુનિવર્સિટીને યુજીમાં ત્રણ અને પીજીમાં કુલ છ કોર્સને ઓનલાઈન ભણાવવાની મંજૂરી અપાયાના ત્રણ વર્ષ બાદ અંતે ગત વર્ષે યુનિ.એ આ કોર્સ શરૂ કર્યા હતા.ગત વર્ષે ઓક્ટોબરમાં પ્રથમવાર છ ઓનલાઈન કોર્સમાં પ્રવેશ અપાયા હતા.જેમાં બી.એ અંગ્રેજી,બીકોમ જનરલ, બીસીએ,એમએ અંગ્રેજી, એમકોમ જનરલ અને એમએસસી મેથ્સનો સમાવેશ થાય છે. આ કોર્સીસમાં ગત વર્ષે ઓક્ટોબર બાદ ફેબ્રુઆરીમાં બીજીવારના પ્રવેશ થયા હતા અને ત્યારબાદ આ વર્ષે જુલાઈ ઈન્ટેકના પ્રવેશ થયા હતા.આમ કુલ ત્રણ વખત થયેલા પ્રવેશમાં ૧૧૪૩ વિદ્યાર્થીએ પ્રવેશ લીધો છે.

નવી શિક્ષણ નીતિમાં યુજીના વિદ્યાર્થીઓ પાંચમા સેમેસ્ટરમાં કરવી પડતી ફરજીયાત ઈન્ટર્નશિપ આ ઓનલાઈન કોર્સને પણ લાગુ પડશે.જેથી ગત વર્ષે પ્રવેશ લેનારાવિદ્યાર્થીઓ હાલ ત્રીજા સેમેસ્ટરમાં છે પરંતુ આ વર્ષે પાંચમા સેમેસ્ટરમાં આવનારા ૧૫૪ વિદ્યાર્થીએ ફરજીયાત ઈન્ટર્નશિપ અને ઓન જોબ ટ્રેનિંગ કરવાની થશે.ગુજરાતમાં હાલ માત્ર ગુજરાત યુનિ.માં જ આ ઓનલાઈન કોર્સીસ ચાલે છે ત્યારે ઓનલાઈન કોર્સીસમાં કઈ રીતે ઈન્ટર્નશિપ-ઓન જોબ ટ્રેનિંગ વિદ્યાર્થીઓને કરાવવી તે માટે યુનિ.દ્વારા પોલીસી નક્કી કરાશે.

### BA-BComમાં ઓનલાઈન કોર્સની ડિમાન્ડ વધી : એક જ વર્ષમાં ૫૦ ટકા પ્રવેશ વધ્યા

ગુજરાત યુનિ.માં કુલ છ ઓનલાઈન કોર્સીસમાં ૧૧૪૩ પ્રવેશ થયા છે.ખાસ કરીને બીએ-બીકોમમાં ઓનલાઈન કોર્સની ડિમાન્ડ વધતા ૫૦ ટકા પ્રવેશ વધ્યા છે.ગત વર્ષે ઓક્ટોબરમાં છ કોર્સમાં ૧૫૪ પ્રવેશ થયા હતા અને ફેબ્રુઆરી ઈન્ટેકમાં ૩૪૩ અને ત્યારબાદ આ વર્ષે જુલાઈમાં ૬૪૬ પ્રવેશ થયા હતા.કુલ ૧૧૪૩ પ્રવેશમાં બીએમાં ૨૪૩ અને બીકોમમાં ૩૦૧ પ્રવેશ છે.યુનિ.દ્વારા હવે એમબીએ,જર્નાલીઝમ,એમસીએ અને લાયબ્રેરી સાયન્સ કોર્સ પણ ઓનલાઈન શરૂ કરવા મંજૂરી માંગવામા આવી છે.

## જુબાનીમાં સતત ગેરહાજર PSI સામે બિનજામીનપાત્ર વોરંટ

અમદાવાદ,સોમવાર

સરકારી કામમાં અડચણ ઊભી કરવા અંગેના આશરે છ વર્ષ જૂના એક કેસમાં કોર્ટ સમક્ષ જુબાની આપવા માટે વારંવાર ગેરહાજર રહેતા નિકોલ પોલીસ મથકના તત્કાલીન પીએસઆઈ એસ.વી. છાસઠીયાના વલણની ગંભીર નોંધ લઈ અમદાવાદ ગ્રામ્ય કોર્ટે પીએસઆઇ છાસઠીયા વિરૂધ્ધ બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યું હતુ. જેને પગલે ફફડી ઉઠેલા પીએસઆઈએ વોરંટ રદ કરાવવા અરજી કરતાં કોર્ટે પીએસઆઇ વિરૂધ્ધનું વોરંટ તો રદ કર્યુ પરંતુ તેને સબક સમાન રૂ.એક હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો હતો.

## ૨૧ હજાર કરોડના નાર્કો-ટેરર-ડ્રગ્સ કેસમાં સરબજીતસિંહને જામીન નહીં

અમદાવાદ, સોમવાર

મુન્દ્રા પોર્ટ પરથી ઝડપાયેલા રૂ. ૨૧,૦૦૦ કરોડના આંતરરાષ્ટ્રીય નાર્કો-ટેરર ડ્રગ્સ કૌભાંડમાં સંડોવાયેલા અને પંજાબથી ૪૫૦ ગ્રામ હેરોઇન સાથે રંગેહાથ પકડાયેલા આરોપી સરબજીત સિંહ ઉર્ફે સેઠીની નિયમિત જામીન અરજી અત્રેની સ્પેશ્યલ એનઆઇએ કોર્ટે આકરા વલણ સાથે ફગાવી દીધી છે. એનઆઇએ કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે આરોપી સામે પ્રથમ દર્શનીય મજબૂત કેસ બને છે અને તેની સામે રાષ્ટ્રીય સુરક્ષા તથા આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ નેટવર્ક સાથે જોડાયેલા ગંભીર આરોપો છે. આંતરરાષ્ટ્રીય નાર્કો-ટેરર સિન્ડિકેટ સાથે ઘેરા તાર જોડાયેલા હોવાનું સામે આવ્યું છે, ત્યારે આરોપીને જામીન પર મુક્ત કરી શકાય નહીં. ગત તા. ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ કચ્છના મુન્દ્રા પોર્ટ પર અફઘાનિસ્તાનથી ઈરાન થઈને આવેલા સેમી પ્રોસેસ્ડ ટાલ્ક સ્ટોન્સના કન્ટેનરોમાંથી ૨૯૮૮.૨૧ કિલો હેરોઇન જપ્ત કરવામાં આવ્યું હતું.
















## પોરબંદરમાં કેન્દ્રીય મંત્રીનું 'રીલ પોલિટિક્સ'

# ઝેન-ઝીને રીઝવવા મંત્રીની સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ સાથે બેઠક!

પોરબંદર,સોમવાર

પોરબંદરની મુલાકાતે આવેલા કેન્દ્રીયમંત્રી ડો.મનસુખ માંડવિયા દ્વારા એક હોટલમાં સોશિયલ મીડિયા કન્ટેન્ટ ક્રિએટરો અને ઈન્ફ્લુએન્સર્સ સાથે ખાસ બેઠક યોજવામાં આવતાં તેમણે વાસ્તવિક જનસમસ્યાઓને બદલે પોતાની તરફેણમાં પ્રચાર ઊભો કરવાનો પ્રયાસ કર્યાની તીવ્ર પ્રતિક્રિયા સ્થાનિક રાજકીય વર્તુળોમાં પ્રવર્તી રહી છે.

## વાસ્તવિક વિકાસના પ્રશ્નો પડખે મુકાતાં રોષ, 'રીલ્સથી નહીં, રિઝલ્ટથી જ મત મળશે'- જનતામાં ઉઠેલો સૂર

દિલ્હીથી ઝેન-ઝી અને યુવાનોને આકર્ષવા માટે મળેલી સૂચનાઓ મુજબ પરંપરાગત સભા-સરઘસના બદલે ડિજિટલ માધ્યમનો આશરો લેવાયો હોવાનું સામે આવ્યું છે, જ્યાં કેન્દ્રીયમંત્રીએ ક્રિએટરોને સોશિયલ મીડિયાના યોધ્ધા ગણાવીને ભોજન અને ભેટ-સોગાદો સાથે સંવાદ સાધ્યો હતો.

પોરબંદરમાં ઉદ્યોગોના વાયદાઓ છતાં વાસ્તવિક અમલવારીનો અભાવ, રોજગારીની તકો, મોંઘવારી, ખેડૂતોના પાકના યોગ્ય ભાવ અને સરકારી હોસ્પિટલમાં સુવિધાઓની કમી જેવા મૂળભૂત પ્રશ્નો આજે પણ અણઉકેલ રહ્યા છે. આ ઉપરાંત, જેતપુરના સાડી ઉદ્યોગનું કેમિકલયુક્ત પ્રદૂષિત પાણી પોરબંદરના દરિયામાં ઠાલવવાના વિવાદિત પ્રોજેક્ટ મુદ્દે જળવાઈ રહેલું મૌન, બંદરમાં છેલ્લા કેટલાય મહિનાઓથી છવાયેલું અંધારું તેમજ અસ્માવતી ઘાટ તરફ જતા માર્ગ પર લાઈટોના અભાવે માછીમારો સામે સર્જાતું અકસ્માતનું જોખમ જેવા સળગતા સવાલો સામે પ્રજા જવાબ માંગી રહી છે.

લોકોમાં ઉઠેલા આક્રોશ મુજબ, માત્ર હા જી હા કરતા મર્યાદિત કન્ટેન્ટ ક્રિએટરો સાથે હસી-મજાક કરીને કે સેલ્ફી અને રીલ્સ બનાવીને જમીની વાસ્તવિકતાઓ બદલાઈ શકતી નથી. પોરબંદરની પ્રજા હવે જાગૃત થઈ ચૂકી છે, અને ખોટા આત્મીય સંવાદો કે સોશિયલ મીડિયાના ચમકતા ફિલ્ટર્સ પાછળ છુપાયેલી મુશ્કેલીઓને ઓળખી ગઈ છે. જનતા સ્પષ્ટપણે માની રહી છે કે, લોકોના પાયાના પ્રશ્નોનું નિરાકરણ લાવવાથી જ લોકચાહના મળે છે. તેથી નેતાઓએ એ સ્પષ્ટ સમજવું પડશે કે, ચૂંટણીઓમાં મત રીલ્સથી નહીં પરંતુ પ્રશ્નોના નિરાકરણ માટે લાવેલા રિઝલ્ટથી જ મળશે.

### અમદાવાદમાં હજુ પાંચ દિવસ તાપમાન ૩૭ની આસપાસ જ રહેશે

અમદાવાદ, સોમવાર

અમદાવાદમાં ગરમીનું પ્રમાણ યથાવત્ રહેતાં સરેરાશ મહત્તમ તાપમાનનો પારો ૩૭.૧ ડિગ્રીએ નોંધાયો હતો. હજુ આગામી પાંચ દિવસ અમદાવાદનું તાપમાન ૩૭ ડિગ્રીની આસપાસ જ રહેવાની આગાહી છે. રાજ્યમાંથી અન્યત્ર રાજકોટમાં ૪૦.૮, ભુજમાં ૩૯, સુરતમાં ૩૭.૭, વડોદરામાં ૩૭.૬, ભાવનગરમાં ૩૬.૪ ડિગ્રી સરેરાશ મહત્તમ તાપમાન નોંધાયું હતું.

## વાત વાતમાં

### નવરાત્રિ પાસમાં 'અનામત' ?

તમે માર્ક કરજો... નવરાત્રિના પાસ જેની પાસે પહોંચવા જોઈએ એ તરવરિયા જુવાનિયાઓને તો માંડ સરેરાશ 'દોઢ' જ પાસ મળતા હોય છે !

બીજી બાજુ, ગરબાનાં ત્રણ આંટા મારતાં તો હાંફ ચડી જાય એવાં અંકલો અને આન્ટીઓ પાસે રોજના સરેરાશ ચાર પાસ હોય છે !

એટલે જ અમને લાગે છે કે ગરબાના પાસમાં 'અનામત' સિસ્ટમ હોવી જોઈએ!

જુઓ...

***

૫૦ ટકા પાસ તો મહિલાઓ માટે જ અનામત રાખો ! કેમકે મહિલાઓ છે, તો જ ગરબાઓ 'જોવાલાયક' બને છે !

છતાં કોઈ યુવક 'બોબી ડાર્લિંગ' બનીને આવી જાય તો સીધો એને સ્ટેજ પર ચડાવી દેવાનો !

***

૧૦ ટકા પાસ કાનના ડોક્ટરો માટે રાખો ! કેમકે સ્પીકરોના ખતરનાક અવાજથી ભલભલાના કાનના પડદા 'હચમચી' જાય છે !

કાનમાં એવી ધાક પડી જાય છે કે સાલું બીજા દિવસે સવારે એમ જ લાગે છે કે બોસ, કંઈ સંભળાતું કેમ નથી ? (મૂળ તો આઠ વાગ્યાનું એલાર્મ નહોતું સંભળાયું.)

જો ડોક્ટરો 'ઘટનાસ્થળ' પર હાજર હોય તો એમને શોધીને ટ્રિટમેન્ટ લઈ શકાય ને ?

***

પાંચ ટકા પાસ ગળાનાં ડોક્ટરો માટે રિઝર્વ રખાવો ! કેમકે સ્પીકરોના ભયંકર ઘોંઘાટમાં આપણાં ઓળખીતાં જોડે ઝખ મારીને ઊંચા અવાજે બે મિનિટ વાતો કરીએ, એમાં તો ગળાં છોલાઈ જાય છે !

બીજું, આ ડોક્ટરો 'ઓન-ધ-સ્પોટ' ટ્રિટમેન્ટમાં ૧૫ ટકા ડિસ્કાઉન્ટ આપે તો પણ ઘણું છે !

***

અચ્છા, ૨૫ ટકા પાસ કોલેજિયનો માટે, ૧૨ ટકા સિનિયર સિટીઝનો માટે, ૧૦ ટકા નાનાં બાળકો માટે અને બે ટકા પાસ મહિલા પોલીસોને આપો. બરાબર છે ?

***

અને છેલ્લે... ૫૦ ટકા માત્ર 'જોવા માટે' આવનારા ક્રાઉડ માટે અનામત રાખો !

એક મિનિટ ! તમે કહેશો કે મન્નુભાઈ, તમે ઓલરેડી ૧૧૪ ટકા તો ગણાવી ચૂક્યા છો ! એમાં ઉપરથી બીજા ૫૦ ટકા ક્યાંથી ઘૂસાડવાના ?

તો મિત્રો, આયોજકો એ જ કહે છે ને ? પેલા વધારાના ૫૦ ટકાને એન્ટ્રી આપી દે છે એમાં જ તો ગરબા રમવાની જગ્યા બચતી નથી !

- મન્નુ શેખચલ્લી

## બે મેગાવોટથી વધુના સોલાર પ્લાન્ટથી વીજ ઉત્પાદન પર અંકુશ

# સરકારને સોલાર પાવરમાં રસ નથી, ખાનગી વીજકંપનીના લાભાર્થે સોલાર પર કાપ

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,સોમવાર

વીજળીની અછતને કારણએ વીજકટોકટી તરફ ધકેલાઈ રહેલા ગુજરાતની સરકાર આશ્ચર્યજનક રીતે સૌર ઉર્જાથી વીજળી પેદા કરનારાઓને ૨૦ ટકાથી માંડીને ૭૦ ટકા ઓછી વીજળી પેદા કરવાની ફરજ પાડી રહી છે. આઘાતજનક બાબત તો એ છેકે પ્રદુષણ વિના જ પેદા થતી અને સૂરજ તપતો હોય ત્યારે વીજ ઉત્પાદન અટકાવી ન શકાતું હોવા છતાંય ગુજરાત સરકાર તરફથી બે મેગાવોટથી વધુ વીજળી પેદા કરવાની ક્ષમતા ધરાવતા ઉત્પાદકોને તેમની કુલ ઉત્પાદન ક્ષમતાના ૭૦ ટકાથી માંડીને ૨૦ ટકા જેટલી ઓછી વીજળી પેદા કરવાની ફરજ પાડી રહ્યા છે. સૌર ઉર્જાથી વીજળી પેદા કરનારાઓ પાસે ઓછી વીજળી પેદા કરવાનો કોઈ રસ્તો નથી અને સ્ટોરેજ કરવાનો પણ કોઈ રસ્તો ન હોવા છતાંય ગુજરાત સરકારની વીજ કંપનીઓ તેમને ઈ-મેઈલ પાઠવીને માત્ર ૩૦, ૪૦, ૫૦ ટકા ૮૦ ટકા વીજળીનું જ ઉત્પાદન કરવા જણાવી રહી છે.

## સોલાર પાવરની વીજળીનો સંગ્રહ ન થઈ શકતો હોવા છતાં ઉત્પાદકોને વીજ ઉત્પાદનમાં કાપ મૂકવા સરકારની સૂચના

બીજીતરફ ગુજરાતના ઉદ્યોગો અને રહેઠાણના વીજવપરાશકારોને યુનિટદીઠ રૂા. ૮ના ભાવની વીજળીના ખર્ચનો બોજ વેંઢારવો પડી રહ્યો છે. બે મેગાવોટથી વધુની ઉત્પાદન ક્ષમતા ધરાવતા ગુજરાતના ૧૫૦૦થી ૨૦૦૦ જેટલા સૌર ઉર્જા ઉત્પાદકો સરકારી વીજ પુરવઠા કંપનીઓને યુનિટદીઠ માત્ર રૂા. ૨.૭૬થી ૨.૯૫ના ભાવે વીજળી આપી રહ્યા હોવા છતાંય અને તેમની વીજળી ખરીદી લેવાના સરકારે કરાર કર્યા હોવા છતાંય ખાનગી વીજ કંપનીઓને ઘી કેળાં કરાવવા માટે સૌર ઉર્જાથી વીજળી પેદા કરનારાઓને ઓછી વીજળીનું ઉત્પાદન કરવાની ફરજ પાડવામાં આવી રહી છે. હજી ૧૮મી ઓક્ટોબરે જ તેમને તેમની કુલ ક્ષમતાથી ૨૦ ટકા ઓછી વીજળી પેદા કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો. આ અગાઉ તો તેમને કુલ ક્ષમતાના ૭૦ ટકાથી માંડીને ૫૦ ટકા ઓછું ઉત્પાદન કરવાના આદેશો આપવામાં આવ્યા હતા. બીજીતરફ તેમની વીજળીનો સંગ્રહ ન થઈ શકતો હોવાથી વેડફાઈ રહી છે. ૧૫૦૦થી ૨૦૦૦ એકમોનો મળીને રોજના અંદાજે ૧ કરોડ યુનિટ વીજળીનો વેડફાટ થઈ રહ્યો છે. ૨૩મી સપ્ટેમ્બરે અંદાજે ૧૫૦૦થી ૨૫૦૦ જેટલા સોલાર પાવર જનરેટર્સને મેઈલ પાઠવીને તેમની સોલાર વીજળીના ઉત્પાદનનો સપ્લાય ૫૦ ટકા ઓછો કરી દેવા જણાવ્યું છે. ગુજરાતની વીજ કંપનીઓને વડોદરાથી સ્ટેટ લેવલ ડિસ્પેચ સેન્ટરે કરેલા મેઈલને વાંચતા સ્પષ્ટ થાય છે કે ૨૩મી સપ્ટેમ્બર ૨૦૨૬ પહેલા આ વીજ સપ્લાયમાં ૭૦ ટકા કાપ મૂકવાનો મેસજે આપ્યો હતો. આ ૭૦ ટકા વીજ સપ્લાય કટમાંથી હવે ૫૦ ટકા વીજ સપ્લાય કટ કરવાની સૂચના છે.

## કથળેલી વહીવટી કામગીરીનો ચિતાર

# સરકારી લાભો મેળવવા ૨૨,૨૬૪ લોકોએ સેવા સેતુની રાહ જોવી પડી

અમદાવાદ, સોમવાર

અમદાવાદ શહેરમાં અત્યાર સુધીમાં યોજાયેલા સેવા સેતુના ૭ કાર્યક્રમોમાં ૨૨,૨૬૪ અરજીઓનો નિકાલ કરાયો હોવાનો દાવો કરાયો છે. જેનો સીધો મતલબ એવો પણ થાય કે, જુદા જુદા સરકારી લાભો મેળવવા માટે આટલી મોટી સંખ્યામાં લોકોએ સેવા સેતુ કાર્યક્રમની રાહ જોવાની ફરજ પડી હતી!

## ૯૬૦૦ અરજી માત્ર હેલ્થ વેલનેસ કાર્ડની! કાર્યક્રમને ધરાર સફળ બતાવવા રોજિંદી અરજીઓ અટકાવી

લોકોને સરકારી સેવાઓનો ઝડપી લાભ મળે તેના માટે સરકારે સેવા સેતુ કાર્યક્રમો ચાલુ કર્યા છે. પરંતુ અમદાવાદમાં આ સેવા સેતુ કાર્યક્રમો કથળેલી સરકારી સેવાઓનો ચિતાર આપી રહ્યા છે. બીજી તરફ આવા કાર્યક્રમોને ધરાર સફળ બનાવવા માટે કચેરીઓમાં દરરોજ આવતી અરજીઓને પણ રોકી રાખીને બાદમાં સેવા સેતુ દરમિયાન પ્રક્રીયા કરાઈ રહી છે! જેના કારણે અરજદારોએ ઉલટાની વધારે હેરાનગતિ વેઠવી પડે છે. આમ તો સેવા સેતુમાં ૫૬ પ્રકારની સરકારી, અર્ધ સરકારી સેવાઓ આવરી લેવાઈ હોવાનો દાવો પણ કરાય છે. પરંતુ અમદાવાદના કાર્યક્રમોની કુલ ૨૨ હજાર અરજીઓ પૈકી ૯૬૦૪ તો માત્ર હેલ્થ વેલનેસ કાર્ડની હતી! એટલે કે આંકડા મોટા બતાવવા આરોગ્ય કાર્ડની સેવાઓનો ઉપયોગ થઈ રહ્યો છે. હકીકતમાં અધિકારીઓ નિયમિત રીતે યોગ્ય કામ કરે તે ધ્યાન રાખવાની ફરજ લોક પ્રતિનિધિઓએ નિભાવે તો સેવા સેતુના આયોજનની જરૂર જ નથી.

**સેવા સેતુના નામે અરજીઓના આંકડા**

| | |
|---|---|
| પૂર્વનો સંયુક્ત કાર્યક્રમ | ૧૦૨૨૭ |
| પશ્ચિમ સંયુક્ત કાર્યક્રમ | ૬૧૪૯ |
| ઉત્તર-પશ્ચિમ ઝોન | ૭૨૮ |
| પૂર્વ ઝોન | ૧૦૯૬ |
| મધ્ય ઝોન | ૧૨૬૦ |
| પશ્ચિમ ઝોન | ૧૪૮૫ |







## માલ પરિવહનની ક્ષમતા વધારવા વધુ એક પગલું

# મુંબઈ-અમદાવાદ વચ્ચે ૧.૫ કિમી લાંબી ડબલ ડેકર માલગાડી દોડી

અમદાવાદ, સોમવાર

મુંબઈ અને અમદાવાદ ગુજરાતના વેપાર, ઉદ્યોગ અને માલપરિવહન માટે મહત્વના કેન્દ્રો છે. આ બંને શહેરો વચ્ચે માલની હેરફેર ઝડપી અને સરળ બને તે માટે રેલવેએ દોઢ કિલોમીટર લાંબી ડબલ ડેકર કન્ટેનર માલગાડી દોડાવી માલ પરિવહનની ક્ષમતા વધારવા બાબતનું મહત્વનું પગલું ભર્યું છે.

## ૩૬૦ કન્ટેનરવાળી માલગાડીમાં ૧૨૦૦૦ અને વચ્ચે ૯૦૦૦ હોર્સપાવર વાળા બે એન્જિન જોડાયા

પ્રાપ્ત માહિતી મુજબ, તાજેતરમાં રેલવે દ્વારા મુંબઈ-અમદાવાદ માર્ગ પર આશરે ૧.૫ કિલોમીટર લાંબી ડબલ ડેકર કન્ટેનર માલગાડી દાડાવવામાં આવી હતી. જેમાં પહેલી વખત બે સ્તરે કુલ ૩૬૦ કન્ટેનર લઈ જવામાં આવ્યાં હતાં. આ માલગાડીને ખેંચવા માટે આગળ ૧૨,૦૦૦ હોર્સપાવરનું 'મેક ઈન ઈન્ડિયા'નું એન્જિન અને વચ્ચે ૯,૦૦૦ હોર્સપાવરનું બીજું એન્જિન જોડવામાં આવ્યું હતું. ગુજરાતના ઉદ્યોગો અને વેપાર માટે મુંબઈ મહત્વનું બજાર અને બંદરો સાથે જોડાણ પૂરું પાડે છે. જ્યારે અમદાવદા આસપાસના વિસ્તારોમાં ઔદ્યોગિક અને વેપારી પ્રવૃતિઓનું મોટું કેન્દ્ર હોવાથી ઈલેક્ટ્રિક એન્જિન સાથેની ડબલ સ્તરની માલગાડીથી બંને શહેરો વચ્ચે માલની હેરફેરમાં સરળતા આવી શકે છે. જોકે, પરિવહનનો ખર્ચ કેટલો ઘટશે અને તેનો લાભ ગુજરાતના વેપારીઓને કેટલો મળશે તે જોવાનું રહેશે.

## વર્ષ ૨૦૧૯-૨૦ અને તે પછી પ્રવેશ લેનારા

# MBBSના નાપાસ વિદ્યાર્થીઓને પાસ થવા હવે વધુ એક તક મળશે

અમદાવાદ,સોમવાર

એમબીબીએસના વિદ્યાર્થીઓને કોવિડ સહિતની પરિસ્થિતિને ધ્યાને રાખીને ફર્સ્ટ પ્રોફેશનલ એમબીબીએસ એક્ઝામ પાસ કરવા માટે હવે વધુ એક તક મળશે. ૨૦૧૯-૨૦માં અને તે પછીના વર્ષોમાં પ્રવેશ મેળવનારા વાદ્યાર્થીઓને કુલ પાંચ તક ફાઈનલ પરીક્ષા પાસ કરવા માટે મળશે.

## અગાઉ કમિશન દ્વારા ફર્સ્ટ એમબીબીએસ ક્લિયર કરવા માટે ચાર તક અપાતી પરંતુ હવે પાંચ મળશે

નેશનલ મેડિકલ કમિશને કોવિડ ડ્યુટી તેમજ આરોગ્ય સંબંધીત મુશ્કેલીઓને ધ્યાને રાખીને અગાઉ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં એમબીબીએસમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓને ફર્સ્ટ એમબીબીએસ પાસ કરવા માટે વધારાની એક તક આપી હતી. પરંતુ ત્યારબાદ પણ અન્ય વર્ષનો વિદ્યાર્થીઓને લઈને યુનિ.ઓ-કોલેજો તરફથી રજૂઆતો કમિશનને કરવામા આવી હતી.જેને પગલે નેશનલ મેડિકલ કમિશને ૨૦૧૯-૨૦ અને તે પછીના વર્ષોમાં એમબીબીએસમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓને ફર્સ્ટ એમબીબીએસ ક્લિયર કરવા માટે પાંચમો અટેમ્પ્ટ આપવામા આવ્યો છે.

નિયમ મુજબ વિદ્યાર્થીઓને ચાર તક મળતી હોય છે પરંતુ આ ખાસ પાંચમીવારની તક કેટલાક નિયમો-શરતોને આધીન જ વિદ્યાર્થીઓને મળશે.જેમાં વિદ્યાર્થીને અગાઉ પાંચમી તક મળેલી ન હોવી જોઈએ કે લીધી ન હોય તો જ આ તક મળશે.ઉપરાંત યુનિ.કે કોલેજે વિદ્યાર્થીનો પ્રવેશ રદ કરેલો ન હોવો જોઈએ તથા ચાર વર્ષ પુરા કરેલા હોવા જોઈએ.આ તક મળ્યા બાદ ઈન્ટર્નશિપ સાથેનો કુલ કોર્સનો કુલ સમયગાળો દસ વર્ષથી વધવો ન જોઈએ.

Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah
Regd.NI.GAMC 28

**વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**
**- જાહેરખબર મેનેજર**

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઈટ, અમદાવાદ- ૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ
Regd. NI. GAMC 28

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા વિરમગામના ગામ મોજે કુમરખાણની સીમના રી-સર્વે અનુસાર સર્વે નંબર-૧૧૭૬ (જુના સર્વે નંબર-૨૯૨ પૈકી ૫) ની કુલ ૪૦૪૭ ચોરસમીટરના ક્ષેત્રફળની જુની શરતની ખેતીની જમીન વિષ્ણુબેન તે તખતસંગની દિકરી તે રાજેન્દ્રસિંહની પત્નિએ તેઓની સંપૂર્ણપણે સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારી પાસેથી સદરહુ જમીનના ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઇનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઇપણ વ્યક્તિનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઇલ નંબર-૧૦૪૦૧
તારીખ : ૨૦-૧૦-૨૦૨૬

**શરદ એન. દરજી**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**(એમ.કોમ., એલ.એલ.બી.)**
ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦
ફોન નંબર : ૦૭૯-૨૬૪૬૯૮૦૦

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ-૮(સોલા)ના તાલુકા સાબરમતીના ગામ મોજે ચાંદલોડિયાની સીમના ડ્રાફ્ટ ટાઉનપ્લાનીંગ સ્કીમ નંબર-૪૫-બીના ફાઈનલ પ્લોટ નંબર-૬ (સર્વે નંબર -૬૭) ની ૬૩૦૯ ચોરસમીટરની જમીન ઉપર વનરાજ (ચાંદલોડિયા) કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ દ્વારા બાંધવામાં આવેલ 'વનરાજ એપાર્ટમેન્ટ' ના નામથી ઓળખાતી સ્કીમમાં બ્લોક ''કે'' માં આવેલ નીચે દર્શાવેલ જુદા જુદા ફ્લેટ હોલ્ડરોની તેમના નામ પછી વર્ણવેલ બાંધકામવાળી મિલકતો સોસાયટીના સભ્યપદ તરીકે પોત- પોતાની સંપૂર્ણ, સ્વતંત્ર/સંયુક્ત માલિકી અને કબજા ભોગવટાની બોજારહિત હોવાનું જણાવી નીચે દર્શાવેલ ફલેટ હોલ્ડરોએ તેમના પોત-પોતાના ફલેટોના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને શ્રી ઈન્ફ્રા બિલ્ડ (Shree Infra Build)એ નામની ભાગીદારી પેઢીને રી-ડેવલપમેન્ટ માટે આપવાનું નક્કી કરેલ છે. વધુમાં ફલેટ નંબર- કે-૦૧ તથા કે-૦૯ ના સભાસદ દ્વારા અસલ શેર સર્ટીફીકેટ ખોવાઈ ગયેલ છે અને સોસાયટી દ્વારા તેમને ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ ફાળવેલ છે. પરતું અસલ શેર સર્ટીફીકેટ ઉપર કોઈપણ પ્રકારનો બોજો, લીયન કે ચાર્જ કરેલ નથી તેવું જણાવેલ છે. સદરહુ સોસાયટીના ચેરમેન તથા સેક્રેટરીની સૂચના અને સંમતિ અને જવાબદારીએ આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરવા જણાવેલ છે. (૧) ગીતાબેન સુમનભાઈ પંડ્યાની ફ્લેટ નંબર-કે/૦૧ (સીટી સર્વે નંબર-537/BK/00/K1/121) વાળી મિલકત (૨) અશોકભાઈ કાંતિલાલ પટેલની ફલેટ નંબર-કે/૦૨ (સીટી સર્વે નંબર-537/BK/00/K2/122) વાળી મિલકત (૩) જગદીશભાઈ શાંતિલાલ પારેખની ફલેટ નંબર-કે/૦૩(સીટી સર્વે નંબર-537/BK/00/K3/123) વાળી મિલકત (૪) દક્ષાબેન અરવિંદભાઈ પારેખની ફલેટ નંબર-કે/૦૪(સીટી સર્વે નંબર-537/BK/00/K4/124) વાળી મિલકત (૫) ધીરજબેન પોપટભાઈ પટેલની ફલેટ નંબર-કે/૦૫(સીટી સર્વે નંબર-537/BK/01/K5/125) વાળી મિલકત (૬) પ્રવિણભાઈ પોપટભાઈ પટેલની ફલેટ નંબર-કે/૦૬(સીટી સર્વે નંબર-537/BK/01/K6/126) વાળી મિલકત (૭) ખુશાલભાઈ ગણપતભાઈ પટેલની ફલેટ નંબર-કે/૦૭(સીટી સર્વે નંબર-537/BK/01/K7/127) વાળી મિલકત (૮) હર્ષાબેન વિપુલભાઈ રાઠોડ અને વિપુલભાઈ રાઠોડની ફલેટ નંબર-કે/૦૯(સીટી સર્વે નંબર- 537/BK/02/K9/129) વાળી મિલકત(૯) નિશાબેન ક્રિષ્ના પાટીલની ફલેટ નંબર-કે/૧૦(સીટી સર્વે નંબર-537/BK/02/K10/130) વાળી મિલકત (૧૦) દિનેશકુમાર કાનારામની ફલેટ નંબર-કે/૧૧(સીટી સર્વે નંબર-537/BK/02/K11/131) વાળી મિલકત (૧૧) રાજેન્દ્રકુમાર દિનેશચંદ્ર સોમપુરાની ફ્લેટ નંબર-કે/૧૨(સીટી સર્વે નંબર-537/BK/02/K12/132) વાળી મિલકત તો સદરહુ મિલકતો ઉપર કોઈપણ શખ્સ, બેંક કે મંડળીનો બોજો, ચાર્જ, લીયન હોય કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો હોય કે સદરહુ મિલકતો ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭(સાત)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ મિલકતો ઉપરના તમામ હક્કો જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ મિલકતોના ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેના પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ દ્વારા રી-ડેવેલપમેન્ટ અંગેની કાર્યવાહી કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ. તેની નોંધ લેશો.

તારીખ ૧૯-૧૦-૨૦૨૬

**હિતેષ એમ. રાવલ**
**એડવોકેટ,**
**એચ. એમ. રાવલ એન્ડ કંપની,**
**એડવોકેટ્સ,**
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફલોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોન : (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ગીતાબેન મહેશભાઈ દેસાઈ, રહેવાસી-અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૯(બોપલ)ના તાલુકા ઘાટલોડીયાના ગામ મોજે થલતેજની સીમના ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૧ (થલતેજ)ના ફાઈનલ પ્લોટ નંબર-૩૨(સર્વે/બ્લોક નંબર-૯૩/૨)ની કુલ ૧૫૦૯ ચોરસમીટરની જમીન પૈકી ૫૦૬ ચોરસમીટરની બિનખેતીની જમીન ઉપર નિલકંઠ ઓનર્સ એસોસીએશન દ્વારા મુકવામાં આવેલ સ્કીમ કે જે ''સુરભી એપાર્ટમેન્ટ'' તરીકે ઓળખાય છે. જેમાં આવેલ ફલેટ નંબર-૧૦ ની બાંધકામવાળી મિલકત તથા એસોસીએશનના શેર સર્ટીફીકેટના તથા સભ્યપદના હક્કો, તેમજ એસોસીએશનની સહિયારી મિલકતો તથા સગવડતાઓમાંના વરાડે પડતા હક્કો સહિતની મિલકત એસોસીએશનના સભાસદ તરીકે તેમની સંપુર્ણ, સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવેલ છે. વધુમાં સદરહુ મિલકત ઉપર તેઓએ ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઈનાન્સ કંપની લિમિટેડ માંથી લોન મેળવેલ છે, તે સિવાય સદરહુ મિલકત ઉપર તેમણે કોઈપણ પ્રકારનો બોજો, લીયન કે ચાર્જ કરેલ નથી અને સદરહુ મિલકતના ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઈનાન્સ કંપની લિમિટેડના બોજા સહિતના તેઓના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને Darman Hetul Buildcon LLP એ નામની મર્યાદીત જવાબદારી ધરાવતી ભાગીદારી પેઢીને રી-ડેવલપમેન્ટ માટે આપવાનું નક્કી કરેલ છે તો સદરહુ મિલકત ઉપર ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઈનાન્સ કંપની લિમિટેડ સિવાય કોઈપણ શખ્સ, બોજો, ચાર્જ, લીયન હોય કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારના દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, હોય કે કોઈના કોઈપણ પ્રકારના બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭(સાત)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ મિલકત ઉપરના હક્કો જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ મિલકતના ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઈનાન્સ કંપની લિમિટેડના બોજા સહિતના ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ. તેની નોંધ લેશો.

તારીખ ૧૯-૧૦-૨૦૨૬

**હિતેષ એમ. રાવલ**
**એડવોકેટ,**
**એચ. એમ. રાવલ એન્ડ કંપની,**
**એડવોકેટ્સ,**
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફલોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોન: (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા વિરમગામના ગામ મોજે કુમરખાણની સીમના રી-સર્વે અનુસાર સર્વે નંબર-૧૧૪૩ (જુના સર્વે નંબર-૨૫૫ પૈકી) ની કુલ ૭૮૭૭ ચોરસમીટરના ક્ષેત્રફળની ખેતીની જમીન (૧) કલીબેન અંબારામ (૨) જનકભાઇ અંબારામ (૩) વિકુભાઇ અંબારામ (૪) ચકીબેન અંબારામ (૫) મરઘાબેન તે અંબારામ મોતીલાલની વિધવા ઔરત (૬) ગવરીબેન ચીકાભાઇ મેર (૭) બળદેવભાઇ ચીકાભાઇ મેર (૮) રમેશભાઇ ચીકાભાઇ મેર તથા (૯) ભરતભાઇ ચીકાભાઇ મેરે તેઓની સંપૂર્ણપણે સંયુક્ત માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારી પાસેથી સદરહુ જમીનના ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઇનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઇપણ વ્યક્તિનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઇલ નંબર-૧૦૪૦૨
તારીખ : ૨૦-૧૦-૨૦૨૬

**શરદ એન. દરજી**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**(એમ.કોમ., એલ.એલ.બી.)**
ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦
ફોન નંબર : ૦૭૯-૨૬૪૬૯૮૦૦

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, (૧) અગ્રાવત ચીમનલાલ છોટાલાલ તથા (૨) કુબાવત કિંજલ સ્વપ્નીલ, બંને રહેવાસી-અમદાવાદના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ- ૯(બોપલ)ના તાલુકા ઘાટલોડીયાના ગામ મોજે થલતેજની સીમના ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૧ (થલતેજ)ના ફાઈનલ પ્લોટ નંબર-૩૨(સર્વે/બ્લોક નંબર-૯૩/૨)ની કુલ ૧૫૦૯ ચોરસમીટરની જમીન પૈકી ૫૦૬ ચોરસમીટરની બિનખેતીની જમીન ઉપર નિલકંઠ ઓનર્સ એસોસીએશન દ્વારા મુકવામાં આવેલ સ્કીમ કે જે ''સુરભી એપાર્ટમેન્ટ'' તરીકે ઓળખાય છે જેમાં આવેલ ફલેટ નંબર-૪૦ ની બાંધકામવાળી મિલકત તથા એસોસીએશનના શેર સર્ટીફીકેટના તથા સભ્યપદના હક્કો, તેમજ એસોસીએશનની સહિયારી મિલકતો તથા સગવડતાઓમાંના વરાડે પડતા હક્કો સહિતની મિલકત એસોસીએશનના સભાસદ તરીકે તેમની સંપુર્ણ, સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટાની બોજારહિત હોવાનું જણાવી સદરહુ મિલકતના તેઓના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને Darman Hetul Buildcon LLP એ નામની મર્યાદીત જવાબદારી ધરાવતી ભાગીદારી પેઢીને રી- ડેવલપમેન્ટ માટે આપવાનું નક્કી કરેલ છે તો સદરહુ મિલકત ઉપર કે તેના કોઈપણ ભાગ ઉપર કોઈપણ શખ્સ, બોજો, ચાર્જ, લીયન હોય કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારના દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, હોય કે કોઈના કોઈપણ પ્રકારના બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭(સાત)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ મિલકત ઉપરના હક્કો જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ મિલકતના ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ. તેની નોંધ લેશો.

તારીખ ૧૯-૧૦-૨૦૨૬

**હિતેષ એમ. રાવલ**
**એડવોકેટ,**
**એચ. એમ. રાવલ એન્ડ કંપની,**
**એડવોકેટ્સ,**
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફલોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોન: (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

## ભાજપના રાજમાં મળતિયાઓ માલામાલ

# નવા વાડજનું સ્પોર્ટ્સ સેન્ટર માત્ર પાંચ લાખ વાર્ષિક ફીથી ભાડે આપી દેવાશે

અમદાવાદ, સોમવાર

**નવા વાડજમાં એસી બેડમિન્ટન કોર્ટ, વોલિબોલ કોર્ટ અને બોક્સ ક્રિકેટ સહિતની સુવિધાઓ સાથે રૂ.૪.૬૭ કરોડના ખર્ચે તૈયાર થયેલું સ્પોર્ટ્સ સેન્ટર માત્ર પાંચ લાખ રૂપિયાની વાર્ષિક ફીથી ભાડે આપી દેવાની તૈયારીઓ શરૂ થઈ છે. રમત-ગમતની અન્ય સુવિધાઓની માફક આ સુવિધા પણ નજીવી ફીમાં ભાડે રાખી મળતિયાઓ માલામાલ બનશે.**

## ૪.૬૭ કરોડના ખર્ચે તૈયાર થયેલા સ્પોર્ટ્સ સેન્ટરમાં બેડમિન્ટન, વોલિબોલ અને બોક્સ ક્રિકેટની સુવિધા

**સ્પોર્ટ્સ સંકૂલ માટે નિયત કરાયેલી ફી**

| | |
|---|---|
| બેડમિન્ટન કોર્ટ(એસી) | રૂ.૫૦૦થી ૪૦૦૦ |
| વોલિબોલ કોર્ટ | રૂ.૨૦૦થી ૩૦૦૦ |
| યોગ-મેડિટેશન(એસી) | રૂ.૨૦૦થી ૨૦૦૦ |
| ચેસ | રૂ.૧૫૦થી રૂ.૨૦૦૦ |
| કેરમ | રૂ.૧૦૦ |
| લાઈબ્રેરી(એસી) | રૂ.૩૦૦ |
| બોક્સ ક્રિકેટ | રૂ.૭૦૦થી ૧૨૦૦ |

અમદાવાદ મ્યુનિ. દ્વારા કોમનવેલ્થ ગેમ્સના નામે રમત-ગમત માટે આડેધડ ખર્ચ શરૂ થયો છે. તેનાથી સામાન્ય નાગરિકોને કોઈ ફાયદો થાય કે નહીં, પરંતુ સત્તાધીશોના મળતિયાઓ જરૂર પૈસાદાર બની જશે. કારણ કે શહેરમાં કરોડો રૂપિયાના ખર્ચે ઉભી કરાયેલી રમત-ગમતની સુવિધાઓ નજીવા દરથી સંચાલન માટે ભાડે અપાઈ રહી છે.

વળી પ્રજાના પૈસે તૈયાર થયેલી આ સુવિધાઓનો ઉપયોગ કરવા માટેના દર કમર્શિયલ એકમો જેટલા જ રાખવામાં આવે છે! જેમાં હવે નવા વાડજ સ્પોર્ટ્સ સેન્ટરનો ઉમેરો થવા જઈ રહ્યો છે. આ સ્પોર્ટ્સ સેન્ટર બાળકો અને યુવાનોને રમત-ગમતનો લાભ મળે તેવો છે. પરંતુ તેની ફીના દર એટલા તોતિંગ નક્કી કરાયા છે કે, મધ્યમ અને ગરીબ વર્ગને પોષાય તેમ નથી. આટલી ઉંચી ફીના દર છતાં આખુ સેન્ટરનું વાર્ષિક ભાડું માત્ર પાંચ લાખ રૂપિયા જ નક્કી કરાયું છે!

## પરસેવાની કમાણી વિના તહેવારો કોરા ગયાં

# મનરેગા મજૂરો -સુપરવાઈઝરોને હજુ રૂ.૪૩ કરોડ ચૂકવાયાં નથી

અમદાવાદ,સોમવાર

ગુજરાતમાં કાળી મજૂરી કરીને પેટનો ખાડો પૂરતા ગરીબ શ્રમિકોને તેમના હકના નાણાં માટે વલખાં મારવા પડી રહ્યા છે. ગરીબ શ્રમિકોને રોજગાર આપતી યોજના મનરેગામાં કામ કરતા શ્રમિકોને ૨૦ જૂન ૨૦૨૬થી આજ દિન સુધી વેતન ચૂકવવામાં આવ્યું નથી. કાયદા મુજબ કામ પૂરું થયાના ૧૫ દિવસમાં નાણાં સીધા ખાતામાં જમા થવા જોઈએ, પરંતુ વહીવટી તંત્રની બેદરકારીને કારણે નવરાત્રી અને દશેરા જેવા તહેવારો પણ આ ગરીબ પરિવારો માટે કોરા રહ્યાં છે.

માત્ર ભાવનગર જિલ્લામાં જ શ્રમિકોનું ૨.૬૬ કરોડ રૂપિયા બાકી છે. આ ઉપરાંત, યોજનાનું સંચાલન કરતા મનરેગા સુપરવાઈઝરોને પણ ૧.૪૪ કરોડ રૂપિયા ચૂકવાયા નથી. આમ, કુલ મળીને કરોડો રૂપિયા વહીવટી તંત્રની ફાઈલોમાં અટવાઈ પડ્યા છે. ધોમધખતા તડકામાં અને કાળી મજૂરી કરીને લોહીનું પાણી કરનારા શ્રમિકોના ઘરમાં અત્યારે ચૂલો સળગાવવો પણ મુશ્કેલ બન્યો છે. ગુજરાતમાં કુલ મળીને મનરેગાના મજૂરોને હજુ ૪૩ કરોડ ચૂકવાયા નથી.

યુપીએ સરકાર દ્વારા ગ્રામીણ વિસ્તારના ગરીબોને રોજગારીની ગેરંટી આપવા માટે મનરેગા કાયદો લાવવામાં આવ્યો હતો. આ કાયદા અંતર્ગત સ્પષ્ટ જોગવાઈ છે કે શ્રમિકે કરેલા કામનું મહેનતાણું ૧૫ જ દિવસમાં ચૂકવી દેવું પડે. જો આ સમયગાળામાં ચૂકવણું ન થાય, તો શ્રમિકો વળતર મેળવવા હકદાર બને છે. પરંતુ ભાજપ સરકારના રાજમાં નિયમો માત્ર કાગળ પર જ રહી ગયા હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. સરકારની ગરીબ શ્રમિકોને મહેનતાણું ચૂકવવામાં પણ અનદેખી કરી રહી છે.

## આજે 'ઓસ્ટિયોપોરોસિસ દિવસ' છે ત્યારે

# દર ૩માંથી એક વયસ્ક મહિલાને હાડકા નબળા પડવાની સમસ્યા

અમદાવાદ,સોમવાર

**ઓસ્ટિયોપોરોસિસ એવો રોગ છે જેમાં હાડકાં અંદરથી પોલાં અને નબળા પડી જાય છે. સાયલન્ટ કિલર ગણાતી એવી ઓસ્ટિયોપોરોસિસમાં પ્રારંભે કોઈ લક્ષણ જોવા મળતા નથી. ૫૦ વર્ષથી વધુ વયની દર ૩માંથી ૧ મહિલા અને દર પાંચમાંથી ૧ પુરુષને ઓસ્ટિયોપોરોસિસની સમસ્યા છે.**

## ઘરમાં રહેવાની આદતને કારણે શહેરી વિસ્તારમાં ૭૦ ટકાથી વધુ લોકોમાં વિટામિન ડીની ઉણપ

દર વર્ષે ૨૦ ઓક્ટોબરની ઉજવણી 'ઓસ્ટિયોપોરોસિસ ડે' તરીકે કરવામાં આવે છે. તબીબોના મતે શહેરી વિસ્તારમાં બદલાતી જીવનશૈલી અને ઘરમાં રહેવાની આદતને કારણે ૭૦થી ૮૦ ટકા લોકોમાં વિટામિન ડીની ઉણપ જોવા મળે છે. હાડકાના સ્વાસ્થ્ય પર ધ્યાન આપવા ફ્રેક્ચર થાય ત્યાં સુધી રાહ જોવી જોઈએ નહીં. હાડકા સંબધિત સમસ્યાને વૃદ્ધાવસ્થાનો સામાન્ય ભાગ માનીને નજરઅંદાજ કરવી ભૂલભરેલું છે. ઘણા લોકો માને છે કે ઓસ્ટિયોપોરોસિસ અને નબળા હાડકાની સમસ્યા માત્ર વૃદ્ધાવસ્થામાં જ થાય છે. પરંતુ જીવનભરની આપણી આદતો હાડકાના સ્વાસ્થ્યને અસર કરે છે. એક સર્વેક્ષણ પ્રમાણે ગુજરાતમાં ૪૦થી ૮૦ની વયજૂથમાં ૨૨ ટકા હિપ ફ્રેક્ચર, ૨૪ ટકાને મેજર ઓસ્ટિયોપોરોસિસ ફ્રેક્ચરના સારવાર-જોખમની શ્રેણીમાં હતા. પૂરતા પ્રમાણમાં કેલ્શિયમ ધરાવતો સંતુલિત આહાર લેવો જોઈએ તેમ જણાવતા ડૉ. જતિન વખારિયાએ ઉમેર્યું કે વિટામિન ડીનું યોગ્ય સ્તર, નિયમિત કસરત હાડકાને મજબૂતી જાળવવામાં મદદ કરે છે. મેનેપોઝ પછી મહિલાઓ, વૃદ્ધો અને અગાઉ ફ્રેક્ચર થયું તેવા જોખમી પરિબળ ધરાવતા લોકોએ હાડકાના સ્વાસ્થ્યની તપાસ અંગે તબીબી માર્ગદર્શન લેવું જોઈએ.'

## બાપુનગરમાં સોનારિયા બ્લોક પાસેથી

# ૨૪ લાખના હેરોઈન સાથે બે ઝડપાયા: રસ્તા ઉપર વેચાણ!

અમદાવાદ, સોમવાર

**અમદાવાદમાં હવે જાહેરમાં રસ્તા ઉપર બેરોકટોક હેરોઈનનું વેચાણ થઈ રહ્યું હોવાનો ઘટસ્ફોટ બાપુનગર પોલીસે બે શખ્સોને ૨૪ લાખના હેરોઈન સાથે ઝડપી લેતાં થયો છે. રાજસ્થાનથી હેરોઈન લાવીને ગુજરાતમાં વેચાણ કરતી મહિલા સહિત પાંચ સામે ગુનો નોંધાયો છે.**

## રાજસ્થાનમાં વોટ્સ-એપથી સંપર્ક કરી હેરોઈન આપનાર ઉપરાંત મહિલા સહિત પાંચ આરોપી

બાપનનગર પોલીસની ટીમે બાતમીના આધારે બાપુનગરમાં સોનારિયા બ્લોક પાસે રસ્તા ઉપર બર્ગમેન ટુ વ્હીલર ઉપર બેસીને હેરોઈનનું વેચાણ કરતાં બે શખ્સોને ઝડપી પાડ્યા હતા. સોનારિયા બ્લોકમાં જ રહેતા રોહિત ભેરોસિંગ રાજપુત પાસેથી ૧૦.૭૭ લાખની કિંમતનું ૫૩.૮૯૦ ગ્રામ તેમજ આનંદ સોમાભાઈ પ્રજાપતિ પાસેથી ૧૪ લાખની કિંમતનું ૭૦.૨૨ ગ્રામ હેરોઈન કબજે કરવામાં આવ્યું હતું. બન્ને આરોપીઓએ કેફીયત આપી હતી કે, સોનારિયા બ્લોકમાં જ રહેતા નાનુ ઉર્ફે ભાવેશ નટવરભાઈ પટણી અને ટીનાબહેન પપ્પુભાઈ પટણીના કહેવાથી રાજસ્થાનના સાંચોર ખાતે જઈ એક વોટ્સ-એપ નંબર ઉપર સંપર્ક કરીને હેરોઈન લાવ્યા હતા. અગાઉ છથી સાત વખત હેરોઈન લાવીને વેચાણ કરી ચૂકેલા બન્ને આરોપીઓને રાજસ્થાન જઈને હેરોઈન લાવવા માટે રૂા. ૧૦,૦૦૦ આપવામાં આવતા હતા. જ્યારે, છૂટક વેચાણ કરે તેના ઉપર પણ પૈસા આપવામાં આવતા હતા. બાપુનગર પોલીસે કુલ ૨૪.૮૨ લાખના ૧૨૪.૧૧૧ ગ્રામ હેરોઈન સાથે બે આરોપીને ઝડપી હેરોઈન વેચાણનું કામ સોંપનાર મહિલા ટીનાબહેન, નાનુ પટણી ઉપરાંત રાજસ્થાનમાં હેરોઈન આપનાર અજાણ્યા શખ્સને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરી છે.







# ખાદ્યતેલની આયાતમાં ૩.૭%, કિંમતમાં ૧૧%નો વધારો

અમદાવાદ, તા. ૧૯

તહેવારોની મોસમની માંગને પહોંચી વળવા ખાદ્યતેલના વેપારીઓએ નોંધપાત્ર પ્રમાણમાં ખાદ્યતેલની આયાત કરી હતી. નવેમ્બર-સપ્ટેમ્બર ૨૦૨૫-૨૬ દરમિયાન ભારતની ખાદ્યતેલની આયાત ૩.૨૭% વધીને ૧૫.૧૬૪ મિલિયન ટન થઈ હતી, જે એક વર્ષ અગાઉ ૧૪.૬૮૩ મિલિયન ટન હતી. આ આયાતમાં પામ તેલનો હિસ્સો સૌથી મોટો હતો. સપ્ટેમ્બરમાં, મુખ્ય ખાદ્યતેલોના ભાવમાં પાછલા વર્ષની સરખામણીમાં ૯.૭ થી૧૧.૨%નો વધારો થયો છે. ડોલર સામે રૂપિયામાં નબળો પડવો આનું મુખ્ય કારણ હતું.

## નબળા રૂપિયાને કારણે ખાદ્ય તેલના ભાવમાં વધારો : આયાતમાં પામ તેલનો હિસ્સો સૌથી મોટો

ક્રૂડ પામ તેલના વધુ આગમનને કારણે પામ તેલની આયાત ૫.૩૨% વધીને ૭.૩૫૨ મિલિયન ટન થઈ છે. સોયાબીન તેલની આયાત ૩.૨૫% વધીને ૫.૧૭૬ મિલિયન ટન, જ્યારે સૂર્યમુખી તેલની આયાત ૧.૯૦% ઘટીને ૨.૬૨૪ મિલિયન ટન થઈ હતી. રિફાઈન્ડ ખાદ્ય તેલની આયાત ઘટીને ૦.૭૪ મિલિયન ટન, જ્યારે ક્રૂડ તેલની આયાત વધીને ૧૪.૪૨૩ મિલિયન ટન થઈ હતી.

રિફાઈન્ડ તેલ કરતાં ક્રૂડ તેલની આયાતમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. રિફાઈન્ડ ખાદ્ય તેલની આયાત ૧.૬૮૯ મિલિયન ટનથી ઘટીને ૦.૭૪ મિલિયન ટન થઈ, જેનાથી કુલ આયાતમાં તેનો હિસ્સો ૧૨% થી ઘટીને ૫% થઈ ગયો.




ક્રૂડ ખાદ્ય તેલની આયાત ૧૨.૯૯૩ મિલિયન ટનથી વધીને ૧૪.૪૨૩ મિલિયન ટન થઈ. આ મુખ્યત્વે એટલા માટે હતું કારણ કે ક્રૂડ પામ તેલ રિફાઈન્ડ પામોલિન આયાતને બદલે બદલાઈ ગયું.

આર્જેન્ટિના ભારતમાં ખાદ્ય તેલનો સૌથી મોટો સપ્લાયર રહ્યો છે. તેણે કુલ ૩.૪૪૩ મિલિયન ટન ખાદ્ય તેલની નિકાસ કરી છે, જેમાં ૨.૭૧૪ મિલિયન ટન ક્રૂડ સોયાબીન તેલ અને ૭.૨૯ મિલિયન ટન સૂર્યમુખી તેલનો સમાવેશ થાય છે.

મલેશિયાએ ૨.૯૭૬ મિલિયન ટન પામ તેલ પૂરું પાડ્યું હતું, જ્યારે ઈન્ડોનેશિયાએ ૨.૯૦૫ મિલિયન ટન નિકાસ કર્યું હતું. નેપાળે પણ ભારતમાં ૬.૮૨ મિલિયન ટન શુદ્ધ તેલની નિકાસ કરી હતી, જેમાં ૬.૦૫ મિલિયન ટન શુદ્ધ સોયાબીન તેલનો સમાવેશ થાય છે. નેપાળે શૂન્ય આયાત ડ્યુટીનો લાભ મેળવ્યો હતો.

ગત વર્ષની સરખામણીમાં સપ્ટેમ્બર ૨૦૨૬માં ખાદ્ય તેલના ભાવમાં નોંધપાત્ર વધારો થયો હતો. આંતરરાષ્ટ્રીય ભાવમાં વધારો અને રૂપિયાનું અવમૂલ્યન આ પાછળના મુખ્ય કારણો હતા. નબળા રૂપિયાને કારણે ખાદ્ય તેલના ભાવમાં વધારો થયો હતા

જાણકારોના જણાવ્યા અનુસાર, આ દરમિયાન રૂપિયો યુએસ ડોલર સામે રૂા. ૮૮.૩૨થી રૂા. ૯૫.૫૧ પર નબળો પડ્યો, જે લગભગ ૮.૧% ઘટ્યો. આનાથી આયાતી તેલનો ખર્ચ વધુ વધ્યો. ઊંચા આયાત વોલ્યુમ, આંતરરાષ્ટ્રીય ભાવમાં વધારો અને ઘટતા રૂપિયાને કારણે ભારત માટે ખાદ્ય તેલની આયાતનો ખર્ચ વધી રહ્યો છે. તે જ સમયે, ક્રૂડ તેલ તરફના પરિવર્તનથી સોર્સિંગ પદ્ધતિઓ પણ બદલાઈ રહી છે.

# ખાંડની MSP રૂ. ૩૧ થી વધારીને રૂ. ૫૦ કરવાની માંગણી તીવ્ર બની

અમદાવાદ, તા. ૧૯

મહારાષ્ટ્રમાં ખાંડ મિલના કામદારોએ ખેડૂતોની માંગણીઓના સમર્થનમાં ૨૨ તારીખથી અનિશ્ચિત હડતાળની ધમકી આપી છે. ખેડૂતો અને કામદારો બંનેની પ્રાથમિક માંગ ખાંડના લઘુત્તમ વેચાણ ભાવ (MSP)માં વધારો કરવાની છે. ખેડૂતો કહે છે કે ખાંડ મિલોની નબળી આર્થિક સ્થિતિને કારણે, તેઓ શેરડી માટે સમયસર ચુકવણી મેળવી શકતા નથી. તેઓ માને છે કે ખાંડના લઘુત્તમ વેચાણ ભાવ રૂ. ૫૦ પ્રતિ કિલો વધારવાથી ખાંડ ઉદ્યોગ અને શેરડીના ખેડૂતોને રાહત મળશે. વધુમાં, તેની ગ્રાહકો પર ખાસ અસર થશે નહીં.

## ખાંડનો લઘુત્તમ વેચાણ ભાવ સાત વર્ષથી પ્રતિ કિલો રૂ. ૩૧ પર અટકી ગયો છે, જ્યારે શેરડીનો FRP વધી રહ્યો છે

ખેડૂતો ખાંડના લઘુત્તમ વેચાણ ભાવને વર્તમાન રૂ. ૩૧ રૂપિયા પ્રતિ કિલોથી વધારીને રૂ. ૫૦ રૂપિયા પ્રતિ કિલો કરવાની માંગ કરી રહ્યા છે. તેઓ ઈથેનોલના ખરીદ ભાવને રૂ. ૫૮ રૂપિયાથી વધારીને રૂ. ૭૦ રૂપિયા પ્રતિ લિટર કરવાની પણ માંગ કરી રહ્યા છે.

છેલ્લા સાત વર્ષમાં શેરડીના વાજબી અને લાભદાયી ભાવ (FRP)માં ૨૬ ટકાથી વધુનો વધારો થયો છે, પરંતુ ખાંડના લઘુત્તમ વેચાણ ભાવમાં માત્ર એક જ વાર સુધારો કરવામાં આવ્યો છે. ફેબ્રુઆરી ૨૦૧૯ પછી ખાંડનો ખાંડના લઘુત્તમ વેચાણ ભાવ વધ્યો નથી અને તે ૩૧ રૂપિયા પ્રતિ કિલો પર સ્થિર રહ્યો છે.

ખાંડ ઉદ્યોગનો સૌથી મોટો ખર્ચ શેરડીની ખરીદી પર થાય છે. ૨૦૨૦-૨૧માં શેરડીનો વાજબી અને લાભદાયી ભાવ ૨,૮૫૦ રૂપિયા પ્રતિ ટન હતો, જે ૨૦૨૬-૨૭ની પિલાણ સીઝન માટે વધારીને ૩,૬૫૦ રૂપિયા પ્રતિ ટન કરવામાં આવ્યો છે. તેનાથી વિપરીત, ફેબ્રુઆરી ૨૦૧૯ થી ખાંડનો લઘુત્તમ વેચાણ ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ. ૩,૧૦૦ પર સ્થિર રહ્યો છે.

ઉત્પાદન ખર્ચ અને અન્ય ખર્ચમાં સતત વધારાને ધ્યાનમાં રાખીને, ખાંડ ઉદ્યોગ લાંબા સમયથી લઘુત્તમ વેચાણ ભાવમાં વધારો કરવાની માંગ કરી રહ્યો છે.ખાંડ ઉદ્યોગના કામદારો ૨૨મી તારીખથી અનિશ્ચિત હડતાળ પર જવાની તૈયારી કરી રહ્યા છે

મહારાષ્ટ્રમાં ખાંડ ઉદ્યોગના કર્મચારીઓએ ૨૨મી તારીખથી અનિશ્ચિત હડતાળ પર જવાની ધમકી આપી છે, જેમાં ખાંડનો લઘુત્તમ વેચાણ ભાવ પ્રતિ કિલો રૂ. ૫૦ કરવાનો સમાવેશ થાય છે. તેમનું કહેવું છે કે લઘુત્તમ વેચાણ ભાવ વધારવાથી રાજ્યની ખાંડ મિલોની નાણાકીય સ્થિતિમાં સુધારો થશે.

ઉદ્યોગના સુત્રોએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે છેલ્લા સાત વર્ષથી ખાંડના લઘુત્તમ વેચાણ ભાવમાં વધારો કર્યો નથી. પરિણામે, બેંકો ખાંડના સ્ટોક સામે જામીનગીરી તરીકે ખાંડ મિલોને લોન આપતી વખતે સાવચેતી રાખે છે.

# સપ્ટેમ્બર ત્રિમાસિકમાં IT કંપનીઓમાં મ્યુ. ફંડોનું હોલ્ડિંગ્સ તળિયે ઉતર્યું

મુંબઈ, તા. ૧૯

આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ) સંબંધિત ચિંતા, વૈશ્વિક ગ્રાહકો દ્વારા નબળા ખર્ચ તથા વિકાસ પર પ્રતિકૂળ અસરને પરિણામે વર્તમાન નાણાં વર્ષના સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં આઈટી કંપનીઓમાં મ્યુચ્યુઅલ ફન્ડસનો હોલ્ડિંગ્સ ઓલ ટાઈમ નીચી સપાટીએ પહોંચ્યું છે.

## ફન્ડોની યાદીમાં અગાઉ અગ્રેસર રહેતી આઈટી કંપનીઓ હવે પાછલા ક્રમ



આઈટી ક્ષેત્ર પર દબાણને પરિણામે ઈન્ફોસિસ તથા ટીસીએસ જેવી ટોચની આઈટી કંપનીઓ જે એક સમયે ફન્ડોની યાદીમાં અગ્રેસર રહેતી હતી તે હવે યાદીમાંથી નીકળી ગઈ છે.

૨૦૨૫ના અંતે ફન્ડોની ઈક્વિટી એસેટ અન્ડર મેનેજમેન્ટ (એયુએમ)માં આઈટી સ્કોટકસનો હિસ્સો જે ૭.૬૦ ટકા હતો તે સપ્ટેમ્બર ત્રિમાસિકના અંતે ઘટી ૫.૩૦ ટકા પર આવી ગયો છે.

આઈટી સ્ટોકસમાં વર્તમાન કરેકશન માટે ડી-રેટિંગ કારણભૂત છે નહીં કે તેમની આવકમાં ઘટાડો એમ એક રિસર્ચ પેઢીના રિપોર્ટમાં જણાવાયું હતું.

ડીસેમ્બર, ૨૦૨૫ના અંતે ફન્ડો પાસેના આઈટી સ્ટોકસનું એકંદર મૂલ્ય જે રૂપિયા ૩.૯૮ લાખ કરોડ રહ્યુ હતું તે સપ્ટેમ્બર ત્રિમાસિકમાં ઘટી રૂપિયા ૨.૯૭ લાખ કરોડ રહ્યુ હતું. નવેમ્બર, ૨૦૨૫માં આ મૂલ્ય રૂપિયા ૪.૦૩ લાખ કરોડ વિક્રમી રહ્યું હતું.

૨૦૨૬ના પ્રારંભમાં મ્યુચ્યુઅલ ફન્ડસના ટોચના પાંચ હોલ્ડિંગ્સમાં ઈન્ફોસિસનો સમાવેશ થતો હતો તે સપ્ટેમ્બરમાં ઘટી ૧૦માં સ્થાને પહોંચી ગઈ છે. આવીજ સ્થિતિ ટીસીએસ તથા અન્ય આઈટી કંપનીઓના સ્ટોકસમાં જોવા મળી છે.

એઆઈને કારણે આઈટી ક્ષેત્ર પર પ્રતિકૂળ અસર પડશે તેવી ગણતરીએ ફન્ડ મેનેજરો આઈટી ક્ષેત્રમાંથી પીછેહઠ કરી રહી હોવાનું પણ રિપોર્ટમાં જણાવાયું હતું.

### શેર દીઠ રૂ.૧૦૬૫થી રૂ.૧૧૧૯ પ્રાઈસ બેન્ડ નક્કી કરાઈ

# જિયો પ્લેટફોર્મ્સનો રૂ.૩૦,૨૧૩ કરોડનો IPO ભારતમાં વિક્રમ સર્જવાની તૈયારીમાં

મુંબઈ, તા.૧૫

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની ડિજિટલ અને ટેલિકોમ કંપની જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડનો સંપૂર્ણ ફ્રેશ ૨૭ કરોડ શેરોનો રૂ.૩૦,૨૧૩ કરોડનો આઈપીઓ-ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ ભારતીય શેર બજારના ઈતિહાસમાં સૌથી મોટો આઈપીઓ બનવાની તૈયારીમાં છે. કંપનીએ આજે આઈપીઓ માટે શેર દીઠ રૂ.૧૦૬૫થી રૂ.૧૧૧૯ પ્રાઈસ બેન્ડ નક્કી કરી છે. આઈપીઓ ૨૧, ઓકટોબરના ખુલશે અને ૨૩, ઓકટોબર ૨૦૨૬ના બંધ થશે. જે પ્રાઈસ બેન્ડના ઉપરના ભાવે વેલ્યુ આશરે રૂ.૧૦.૩ લાખ કરોડ એટલે કે લગભગ ૧૦૮ અબજ ડોલર થાય છે. આઈપીઓમાં શેર માટે લઘુત્તમ લોટ ૧૨ શેર રાખવામાં આવ્યો છે.

કંપનીના મેનેજિંગ ડિરેકટર આકાશ અંબાણીએ જણાવ્યું હતું કે, આ સંપૂર્ણ ઈસ્યુ ફ્રેશ શેરોનો છે. જિયો પ્લેટફોર્મ્સ દેવા મુક્ત, એટલે કે નેટ ડેટ ફ્રી કંપની બનવાની દિશામાં આગળ વધી રહી છે. આઈપીઓમાંથી મળનારી રકમનો ઉપયોગ

### કંપની નેટ ડેટ ફ્રી બનવાની દિશામાં આગળ વધી રહી છે : આકાશ અંબાણી

મુખ્યત્વે રિલાયન્સ જિયો ઈન્ફોકોમના દેવાની ચૂકવણી માટે કરવામાં આવશે. જિયોની ભવિષ્યની વૃદ્ધિ માટે ફાઈવ-જી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ), બ્રોડબેન્ડ અને પોતાની ટેકનોલોજી વિકસાવવાની વ્યુહરચના પર ભાર મૂકવામાં આવ્યો છે. જિયો માત્ર ટેલિકોમ સર્વિસિઝ પૂરતી મર્યાદિત રહેવા માંગતું નથી. કંપની ગ્રાહકોને વધુ ડિજિટલ સર્વિસિઝ આપીને પ્રતિ ગ્રાહક આવક વધારવા માગે છે.

ચીન સિવાય જિયો વિશ્વનો સૌથી મોટો ફાઈવ-જી ગ્રાહક



બેઝ ધરાવે છે. આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે, કંપની પોતાની સંપૂર્ણ ટેકનોલોજી સિસ્ટમ્સનો ઉપયોગ કરીને વિદેશી ટેલિકોમ કંપનીઓ સાથે ભાગીદારી કરવા માગે છે. કંપનીનો ઉદ્દેશ ટેકનોલોજી વેચવાનો નહીં, પરંતુ મેનેજડ સર્વિસિઝ દ્વારા વૈશ્વિક બજારમાં સ્થાન મજબૂત કરવાનો છે. કંપનીએ ૬જીના વ્યવસાયિક અમલીકરણની શરૂઆત ૨૦૩૦ના દાયકાના પ્રારંભમાં થવાની અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી.

કંપનીના ડિરેકટર ઈશા અંબાણીએ જણાવ્યું હતું કે, આઈપીઓનું મૂલ્યાંકન લાંબાગાળાના રોકાણકારો માટે આકર્ષક બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. કોટક મહિન્દ્રા બેંકના સ્થાપક ઉદય કોટકે જણાવ્યુ હતું કે, જિયો પ્લેટફોર્મ્સના આઈપીઓનું વેલ્યુએશન નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ની કમાણીના આધારે લગભગ ૩૪ ગણું પી/ઈ થાય છે, જ્યારે તેના નજીકના સ્પર્ધકનું વેલ્યુએશન લગભગ ૪૧ ટાઈમ્સ-ગણુ છે. આઈપીઓના શેર ભાવ નિર્ધારિત કરતી વખતે વૈશ્વિક સંસ્થાકીય રોકાણકારો સાથેની મીટિંગો અને તેમના પ્રતિસાદને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા.

## આઈપીઓનું વેલ્યુએશન લાંબાગાળાના રોકાણકારો માટે આકર્ષક બનાવવાનો પ્રયાસ : ઈશા અંબાણી

# પૂરવઠો વધવા સાથે યુરિયાની વૈશ્વિક કિંમતમાં નોંધપાત્ર ઘટાડો

મુંબઈ, તા. ૧૯

પૂરવઠામાં વધારાને પગલે યુરિયાનો આયાત ખર્ચ મેની સરખામણીએ ૬૦ ટકા જેટલો નીચે આવી ગયાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું. મેમાં યુરિયાનો ટન દીઠ ભાવ જે ૯૪૫ ડોલર હતો તે હાલમાં ઘટી ૩૯૦ ડોલર આસપાસ આવી ગયો છે.

## દેશમાં ખરીફ વાવણીની કામગીરી સમાપ્ત થતા માગ પણ ઘટી

સપ્ટેમ્બરમાં યુરિયાના આંતરરાષ્ટ્રીય ભાવમાં ૧૫ ટકા ઘટાડો નોંધાયો છે એમ ફર્ટિલાઈઝર મંત્રાલયના સુત્રોએ જણાવ્યું હતું. આયાત સ્રોતો વધારવાના સરકારના પ્રયાસોને કારણે યુરિયાની આયાત હવે ઓમાન, મલેશિયા, વિયેતનામ, જ્યોર્જિયા, નાઈજિરિયા, રશિયા સહિતના વિવિધ દેશો ખાતેથી થઈ રહી છે.

મેમાં ખરીફ મોસમની વાવણી પહેલા યુરિયાની માગ વધતા ભાવમાં વધારો જોવા મળ્યો હતો. જો કે હવે ખરીફ મોસમનું વાવેતર પૂરુ થયું છે ભારતની યુરિયાની માગ ઘટી જતા આંતરરાષ્ટ્રીય ભાવ નરમ પડયા હોવાનું સુત્રોએ વધુમાં જણાવ્યું હતું.

ગત નાણાં વર્ષમાં ખાતર સબસિડી પેટે રૂપિયા ૨.૧૭ લાખ કરોડનો ખર્ચ થયો હતો તેની સરખામણીએ વર્તમાન વર્ષમાં આ આંક રૂપિયા ૨૦,૦૦૦થી રૂપિયા ૨૨૦૦૦ કરોડ વધુ રહેવાનો અંદાજ મુકાઈ રહ્યો છે.




# ગુજરાત સમાચાર

## કોર્પોરેટ કૃષિનું પ્રભાત

છેલ્લા જે બે ત્રિમાસિક પરિણામો આવ્યા એણે કૃષિ અને મૂલ્યવર્ધિત કૃષિ પેદાશો માટે આશાવંત ચિત્ર રજૂ કર્યું છે. ભારતમાં કૃષિ પેદાશો સંબંધિત કોર્પોરેટ કંપનીઓમાં એકાએક વધારો થયો છે અને એમાંની અનેક કંપનીઓ હવે આંતરરાષ્ટ્રીય લિન્કેજ ધરાવતી થઈ છે. દેશમાં નવા નાણાંકીય વર્ષનો પ્રારંભ થયો એને સમય વીતી ગયો છે અને આ સમયગાળામાં ગંગા-યમુનામાં ઘણા પાણી વહી ગયા છે. વાસંતિક ફૂલોના રંગની જેમ અર્થતંત્રના અનેક રંગ આ વરસે પ્રજાએ જોવાના છે. ભારત અત્યારે સમય અને સંયોગોના એક એવા ત્રિભેટે આવીને ઊભેલો દેશ છે કે જેની સામે રાષ્ટ્રીય જીવનના અનેક ક્ષેત્રોમાં અનેક પડકારો ઊભા છે. ગમે તેવું નેતૃત્વ હોય તો પણ આ પડકારોને પહોંચી વળવાનું કામ આસાન નથી. આફ્રિકન દેશો સહિતના અનેક દરિદ્ર રાષ્ટ્રો ભીષણ મંદીમાં મદદ માટે ભારત તરફ મીટ માંડીને બેઠા છે.

ઘરના છોકરાઓએ ઘંટી ચાટવી ન પડે એ માટે સરકાર પારકાને આટો આપવામાં સ્વાભાવિક વિલંબ કરી રહી છે. તોય આજ સુધીમાં લાખો ટન અનાજ નિકાસ થયા છે ને ભેટ પણ અપાયા છે. ટૂંકાગાળાના આ ખેલનો ઈતિહાસ બહુ લાંબો છે. કેન્દ્ર સરકારે ચોખાની કેટલીક જાતોની નિકાસ પર પ્રતિબંધ મૂકે એનું મુખ્ય કારણ અનિયત ચોમાસા હોય છે. ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં વરસાદ શબ્દ સાંભળતા જ લોકો થરથર ધ્રૂજવા લાગે છે એવો એમનો આ વખતનો અનુભવ છે. સરકાર પીડિતોને મદદ કરે છે પરંતુ આખી દુનિયા ફરી વસાવવી પડે એટલે શું એ પ્રલયનો ભોગ બનેલા લોકોને પૂછો તો ખબર પડે. જરૂરિયાતની સામે ચાલુ વરસે અનાજ-કઠોળ ઉત્પાદન બહુ જ ઓછું આવવાનું છે. હવે આ ચોમાસાની વિદાય પછી મોડી પડેલી રવિ મોસમ પર ઘણો આધાર છે. પાછલી મોસમની ઘટને કારણે જીરુ, ડુંગળી, તેલીબિયાંના ભાવ આવતા શિયાળે પ્રજાને વ્યાકુળ કરશે.

હવામાનમાં ફેરફારોને કારણે વરસાદનો છેલ્લો રાઉન્ડ ઘટાદાર વાદળો અને વર્ષાથી છવાયેલો હતો પરંતુ જે ખેતરો ધોવાઈ ગયા છે એમને ગંભીર નુકસાન થયું છે. દેશમાં ખરીફ પાક સારો હોય તો જ એને અનુસરીને રવિપાક પણ સારો થાય છે. એટલે ચાલુ નાણાકીય વર્ષ કૃષિ ક્ષેત્ર માટે ફળદાયી તો રહેવાનું છે પરંતુ એના પરિણામે જ બજારમાં રૂપિયો ફરતો થવાનો છે અને અન્ય ઔદ્યોગિક સહિતના ક્ષેત્રમાં પણ આ વર્ષે તેજીની અસર દેખાવાની છે. એ તેજીની અત્યારે ખરેખર શરૂઆત થઈ ગઈ છે. દુનિયાભરમાં મંદીના સન્નાટા બોલતા હોય ત્યારે ભારતીય અર્થતંત્ર તેજીના હવામાનને લઈ આવે તે એશિયાના વિવિધ દેશો માટે આશ્ચર્યજનક છે. ચીનથી પાછા ફરી રહેલા અનેક રોકાણકારો પોતાના ભંડોળ સાથે હવે ભારતમાં અવતરણ કરવા લાગ્યા છે. નવાઈની વાત એ છે કે આગંતુક વિદેશી રોકાણકારોને ભારતીય ઉદ્યોગોમાં હવે કૃષિ સંબંધિત ઔદ્યોગિક પ્રવૃત્તિમાં વધુ રસ પડે છે. આ એક શુભ ચિહ્ન છે.

રિઝર્વ બેન્કના ગવર્નરે હવે શરૂ થઈ રહેલી રવિ મોસમ માટે ૧૦.૫ ટકાનો વિકાસ અંદાજ મૂક્યો છે. જો કે પહેલી નજરે મુશ્કેલ લાગે છે, પરંતુ ઈ. સ. ૨૦૨૫ - ૨૦૨૬ ના બેકલોગને સરભર કરવા માટે ઉદ્યોગો અને સેવાઓ જે રીતે કામે લાગેલા દેખાય છે, એ જોતાં એ સાવ અસંભવ નથી. મિસ્ટર શક્તિકાન્તે અગાઉ પણ કહ્યું જ હતું કે ભારતીય અર્થતંત્રની ગાડી હવે પાટે ચડી ગઈ છે અને સુધારાવાદી અભિગમ દ્વારા અર્થતંત્રમાં ચડતી કળાનો ચંદ્ર દેખાય છે. દેશમાં સરકાર સતત ગુલાબી ચિત્ર રજૂ કરવા ચાહે છે પરંતુ નાના પરિવારોના પર્સ-પાકિટ વધુ નાના અને ખાલી થઈ ગયા છે. અર્થતંત્ર જ્યારે કટોકટીના ભેડાઘાટમાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે કુદરતી કૃપા સરીખો વરસાદ જો સકારાત્મક રહે તો કૃષિ ક્ષેત્રની મદદથી અર્થતંત્ર વધુ ગતિવાન બને. કેન્દ્ર સરકારે દેશના અધિક ડેન્ગ્યુ સંક્રમિત ૧૨ રાજ્યો સાથે ઉચ્ચસ્તરની એક મિટિંગ યોજીને સખત પગલાં લેવાનો અનુરોધ કર્યો છે. ચીનમાં હવે ઝેરી તાવના રોગચાળાની સ્થિતિ ગંભીર છે. એનો લાભ ભારતને મળે છે.

સ્ટાર્ટ અપનો પ્લાન લગભગ બધા જ સેક્ટરમાં નિષ્ફળતાને જઈ વર્યો છે. આરંભે શૂરા જેવો ઘાટ ધરાવતા સ્ટાર્ટ અપ ઈન્ડિયા પ્રોજેક્ટનું બાળમરણ થયું એવું કહેવું અતિશયોક્તિ નહીં ગણાય. ઈ. સ. ૨૦૧૫ માં બધા જ ભારતીય સ્ટાર્ટ અપ પ્રોજેક્ટે દેશવિદેશમાંથી સાડા સાત અબજ ડોલરનું ફન્ડિંગ ભેગું કર્યું હતું જે એના પછીના વર્ષે એટલે કે ૨૦૧૬ માં ઘટીને સાડા ત્રણ અબજ ડોલર થઈ ગયેલું. ઈ. સ. ૨૦૧૬ ની નોટબંધીએ તો અડધોઅડધ સ્ટાર્ટઅપની બુનિયાદ તોડી નાંખી હતી.

## બદલાયેલું હવામાન હવે જગતને જંપવા દે એમ નથી

**અલ્પવિરામ**

ઉત્તર ભારત અને દક્ષિણના કેટલાક રાજ્યોમાં અત્યારે ધોધમાર વરસાદ ચાલુ છે. શરદ પૂર્ણિમા નજીક આવી રહી છે તે ખરેખર તો સ્વચ્છ આકાશની મોસમ છે. ગુજરાત ઉપર પણ આજકાલમાં હાથીઓના સૈન્ય જેવા વિરાટ વાદળો છવાઈ જવાના છે. મોસમ રંગ બદલી રહી છે. સાંભળવું ગમે નહિ તો ભલે પણ એ સત્ય છે કે પ્રકૃતિએ પડખું ફેરવ્યું છે. જાપાન અને યુરોપે ગયા વરસે કદી કલ્પના પણ કરી ન હતી એવા ઉકળાટનો અનુભવ કર્યો છે. પછીથી વરસાદ અને ભીષણ ઝંઝાવાત અદ્યાપિ ચાલુ છે. છેલ્લા એક વરસમાં પૃથ્વી પર આવેલા વાવાઝોડાની સરેરાશ પાછલા પચાસ વરસમાં સૌથી વધુ છે. ભારતમાં વરસાદ પડે ત્યાં આડેધડ પડે એ સંયોગો કાયમી થઈ ગયા છે.

પૂર્વ ભારત માટે ચોમાસુ એક આપત્તિ છે. ખરેખર વ્યક્તિગત રીતે દરેક મનુષ્ય આત્મદર્શન કરે કે પાછલા વરસોમાં કોરોનાના આગમન પછી એણે પોતાની જીવનશૈલીને કેટલીક બદલાવી તો ખ્યાલ આવશે કે અભિજાત લક્ષણો એમ થોડાક ગોથા ખાવાથી બદલાતા નથી. મૃત્યુના ભયથી ડરતા ડરતા રોજ ત્યારે ઉકાળાઓ ગટગટાવ્યા એ કંઈ પ્રકૃતિ કે પર્યાવરણ સાથેની દોસ્તી ન હતી. શરીરને નુકસાનકારક જે કંઇ આહાર છે તે અટકાવવાની વાત બહુ શરૂઆતમાં વિશ્વ આરોગ્ય સંસ્થાએ કહી હતી. જો એવા ત્યાજ્ય આહારનો ઉપયોગ અટકે તો જ એના ઉત્પાદનો બંધ થાય.

મર્યાદા બહારના આહાર શરીરની ભીતર દુર્ઘટના નોંતરે છે જે ડાક્ટર જ જોઈ શકે કે સાંભળી શકે. કોરોનાએ ઈમ્યુનિટીને પડકારેલી છે. ને સરેરાશ ભારતીય પ્રજાની ઈમ્યુનિટીને દુનિયા આજે વખાણે છે. જો કે જેટલા મૃત્યુ કોરોના વખતે થયા એ દુ:ખદ છે. આજે પણ ડેન્ગ્યુ અને હૃદયરોગની એવરેજ બહુ ઊંચી છે. જિંદગી અલ્પવયે સમેટાઇ જાય ત્યારે સપનાઓની એક લાંબી વણઝાર પણ દિવંગત થઈ જતી હોય છે. મૃત્યુ સંસારનો સૌથી કારમો ઘા છે. જેમણે આકસ્મિક રીતે સ્વજનો ગુમાવ્યા છે તેઓના પર હજુ પણ શોકના વાદળો છવાયેલા જોવા મળે છે.

આમ તો નવા સૈકાના આ ત્રીજા દાયકાની શરૂઆત જ હજારો-લાખો એકરના સળગતા જંગલો વચ્ચે થઈ હતી. પચાસ હજાર ચોરસ કિલોમીટરની આગથી થયેલા નુકસાનનો હિસાબ કરતા આસ્ટ્રેલિયન સરકારને એક વરસ લાગ્યું. કચ્છના અને લાતૂરના ભૂકંપનો હિસાબ કરતા આપણને પણ એક વરસ લાગ્યું હતું. સહેજ પણ ચિંતા વિના લોકો જિંદગી પસાર કરે છે. જે ચિંતા છે તે પોતાની અંગત છે. પર્યાવરણની નથી. આપણી માનસિકતા એવી છે કે ઓસ્ટ્રેલિયન



જંગલો સળગ્યા પણ એ આગ અહીં થોડી આવવાની છે ? પરંતુ એ આગ અહીં આવી શકે છે. કારણ કે આ આગ પૃથ્વી નામના આપણા સહિયારા ઘરમાં લાગેલી આગ છે. કોઈ બીજા ગ્રહ કે ઉપગ્રહ પરનો આ ધૂમાડો નથી. સંયુક્ત રાષ્ટ્રસંઘ અંર્ગતના વિશ્વ મોસમ સંગઠનના નવા અહેવાલો આમ તો માણસ જાતની ઊંઘ ઉડાડવા માટે પૂરતા છે.

હવે પછી આવનારા તમામ વરસોમાં કુદરત રુઠેલી રહેવાની છે. એક વાત એ ધ્યાનમાં લેવા જેવી છે કે દરેક આપત્તિમાં હવે બચાવ કામગીરી ધીમી પડતી જાય છે. એટલે કે કુદરતી સંકટ આત્યંતિક હોય છે. હવે કુદરત આગાહીઓને વશ નથી. ભલે હવામાન ટેકનોલોજી વધી પરંતુ અંદાજ ખોટા પડે છે. પૂનાની વેધશાળાએ ગયા વખતે સ્પષ્ટ કહ્યું હતું કે આ વખતે શિયાળો હૂંફાળો રહેવાનો છે, બહુ ઠંડી તો પડવાની જ નથી ! એ વિધાનો સાવ અવૈજ્ઞાનિક સાબિત થયા અને શિયાળો નિયમસરનો કાતિલ નીવડ્યો. જો કે ગ્લોબલ વાર્મિંગનો તો અર્થ જ એ છે કે ખૂબ જ ઠંડી અને અસહ્ય ગરમી.

ગયા વખતે પહેલો એવો શિયાળો હતો જેણે રૂમ હિટરોનું માર્કેટિંગ કર્યું. કોઈ મોસમ એના અતિરેકને કારણે માણી શકાય નહિ. ઠંડા પવનના શોખીનો એવી મોસમમાં જો વનવગડે અલગારીની રખડપટ્ટી આરંભે તો તેઓએ આરોગ્યની પછડાટ જ વેઠવાની આવે. કુદરતને માણવાની મઝા પણ ઓછી થવા લાગી છે કારણ કે એ કુદરતના ઉછેર અને સંભાળમાં આપણું તો કોઈ યોગદાન નથી ! પ્રકૃતિ એને જ રમણીય અનુભવ અને આહલાદનો અનુભવ કરાવશે કે જે એના અભિમુખ હશે. આખી જિંદગી કુદરતી સંપદા સાથે માત્ર ભોગવાદી નીતિ રાખનારાઓ એ એની સજા ભોગવવી પડશે.

ગત શિયાળે મધ્યમ વર્ગના અને ભાડાના મકાનમાં વસતા લોકો દોડી દોડીને રૂમ હિટર લઈ આવ્યા હતા. ગેસ ગિઝર અને ઈલેક્ટ્રિક ગિઝર સંબંધિત દુર્ઘટનાઓ અવાર નવાર વાયરલ થતી

**કુદરતનાના મિજાજમાં આવેલા પરિવર્તનને પામી ગયા પછી સમયવર્તે સાવધાન થવાની આ ઘડી છે. કેલેન્ડરમાં દેખાતા મહિનાઓ અને વાતાવરણ વચ્ચેની સંગતતા હવે નહિવત્ જોવા મળશે**

હોવા છતાંય એનું વેચાણ પણ મંદીમાં એકાએક વધી ગયું હતું. મોસમનો આહલાદ હવે બધા માણી શકે એમ નથી. કુદરતે તેના તમામ સર્જનોમાં મનુષ્યને મુઠી ઉંચેરુ સ્થાન આપતાં તેને બુદ્ધિરુપી વિશેષતા બક્ષી છે. આ જ બુદ્ધિને બળે મનુષ્ય પોતાને માટે, કુદરતના તમામ સર્જનોને માત્ર ને માત્ર પોતાની ભૌતિક સુખ-સુવિધાના સાધનો જ માની લીધા છે. તેને વિના મૂલ્યે મળેલી અમૂલ્ય પ્રાકૃતિક સંપદાના વપરાશમાં તે કોઈ પ્રમાણભાન જાળવી શક્યો નથી.

જેના કારણે કુદરતનું જે ચક્ર અત્યાર સુધી એક નિયત ગતિએ ચાલી રહ્યું હતુ, તેમાં હવે થોડા થોડા અંતરાયો આવવા લાગ્યા છે. રૌદ્ર એ પણ કુદરતનું એક સ્વરૂપ છે. પોષતું તે જ મારતું નું બ્રહ્મ-સનાતન-સત્ય જાણે આવનારા ભવિષ્યની વાસ્તવિકતા બનીને આજે સમસ્ત માનવ સમાજની સામે આવીને ઊભું છે. જે પ્રકારે ઘરવપરાશના યંત્રોની પણ સમયાંતરે જાળવણી કરવામાં ન આવે તો, જે સ્થિતિ સર્જાય છે, તેવી જ સ્થિતિ હાલ વૈશ્વિક વાતાવરણમાં જોવા મળી રહી છે. જાપાનના પર્યાવરણવિદોએ કહ્યું છે કે કુદરતને પોતાના સાવ સ્વાભાવિક ક્રમમાં આવવા માટે આ આખી સદીની જરૂર પડશે, એટલો બધો ઉપદ્રવ માણસે વસુંધરા પર આચરેલો છે.

હવાના બદલાયેલા રુખ અને પ્રકૃતિના મિજાજમાં આવેલા પરિવર્તનને પામી ગયા પછી સમયવર્તે સાવધાન થવાની આ ઘડી છે. કેલેન્ડરમાં દેખાતા મહિનાને અને વાતાવરણ વચ્ચેની સંગતતા હવે ખૂબ જ ઓછી જોવા મળશે. ક્યારેક અનરાધાર વરસાદ, તો કદીક અચાનક જ ઘેરી વળતી કાતિલ ઠંડી અને તડાતડ પડતા કરાને જોઈને ઘણી અનુભવી આંખો આશ્ચર્યથી પહોળી થઈ જતી હોય છે. રણ પ્રદેશમાં નદીઓ વહી જાય તેટલો વરસાદ અને લીલાછમ્મ વિસ્તારનું ધૂળિયા રંગમાં રુપાંતર એ વાતનો સંકેત છે કે કુદરતે હવે મનુષ્ય સાથેનો તેનો હિસાબનો ચોપડો ખોલી નાંખ્યો છે. વરસાદે આ વખતે દેશના અનેક સ્થળોએ છેલ્લા સવાસો વરસના ઈતિહાસનો નવો વિક્રમ રચી આપ્યો છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘના નેજાતળે કામ કરતા સંશોધકોના જૂથે ગહન અભ્યાસ પછી જાહેર કર્યું છે કે વીતેલો દાયકો ધગધગતો હતો. માણસજાતના ઈતિહાસમાં ઈ. સ. ૨૦૧૦ થી ઈ. સ, ૨૦૧૯ સુધીનો એક દાયકો બહુ ઊંચા ઉષ્ણતામાનમાં પસાર થયો છે. આ સંશોધકોએ કહ્યું કે ભીષણ ગરમી અને વિકરાળ ઠંડી માટે દુનિયાના દરેક દેશે તૈયાર રહેવું પડશે. પૃથ્વીના સરેરાશ તાપમાનમાં એટલો વધારો થયો છે કે જળ, વાયુ, જંગલો, નદીઓ, સરોવરો અને કૃષિમાં વિવિધ ઉથલપાથલ મચેલી છે અને હવેના વરસોમાં એમાં નવી અને અકલ્પિત અરાજકતાઓ વિશ્વસમુદાયે જોવાની છે. હવે ઈ. સ. ૨૦૨૦ થી ૨૦૨૯ સુધીનો આ ચાલુ દાયકો પાછલા કરતા પણ વધુ ખતરનાક હશે.

## હૈયે હતું એ હોઠે આવ્યું, અમારે તો શાસન પલટો કરવો છે, અરાજકતાવાદી બોલ્યા...

**ટુ ધ પોઇન્ટ**

**અજિત પોપટ**

આખરે હૈયે હતું એ હોઠે આવી ગયું. શુક્રવાર, ૧૯મી ઓક્ટોબરે પાટનગર નવી દિલ્હીમાં કહેવાતી તિરંગા યાત્રા વખતે પોલીસ વાનની બારીમાંથી ડાબેરી ચશ્મિસ્ટ નેતી નેહા બોરા બોલી, અમારે તો રેજિમ ચેન્જ જોઇએ છે. બાંગ્લાદેશે અમને માર્ગ દેખાડ્યો છે... બુલ શીટ ! ગયા અઠવાડિયે આ સ્થાનેથી કહેલું કે વડા ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર તો બહાનું છે. અસલી નિશાન વડા પ્રધાન અને ગૃહ પ્રધાન છે. થોડાક, યસ થોડાક, વાચકોને આ વાત આકરી લાગી હતી. પરંતુ આખરે દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ ગયું. દુ:ખે છે પેટ અને કૂટે છે માથું એ આનું નામ.

સૌથી પહેલાં બાંગ્લા દેશની વાત કરીએ. પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં ક્યારેય લોકશાહી સ્થિર થઇ નહોતી. કહેવાતી લોકશાહીની પીઠ પાછળ લશ્કરી શાસન હતું. બીજી બાજુ ભારતમાં ક્યારેય લશ્કરી શાસન સ્થપાય એવી શક્યતા નહોતી. છેક ઇંદિરા ગાંધી વડા પ્રધાન હતા ત્યારથી આ વાત સ્પષ્ટ થઇ ગયેલી. ઇંદિરાજીએ ત્યારના લશ્કરી સેનાપતિ હસમુખા પારસી બાવા સામ માણેકશાને પૂછેલું કે આપણા દેશમાં લશ્કર બળવો કરે એવું બને ખરું ? સામ પોતાની ટેવ મુજબ હસી પડેલા. એમણે મેડમને સમજાવેલું કે આપણે ત્યાં દરેક રાજ્યના યુવાનો લશ્કરનો એક અનિવાર્ય હિસ્સો છે. આપણું લશ્કર ખરા અર્થમાં કોસ્મોપોલિટન છે એટલે લશ્કરી બળવો શક્ય નથી....

કોંગ્રેસી નેતાઓ આ હકીકત બરાબર જાણે છે એટલે જ લોકશાહી ઢબે ચૂંટાયેલી સરકારને ઊથલાવવા અરાજકતા સર્જવાનો જોખમી રસ્તો પસંદ કર્યો છે. પાકિસ્તાન અને બાંગ્લા દેશના લશ્કરમાં સોએ સો ટકા મુસ્લિમ યુવાનો છે એટલે લશ્કરી બળવો સહેલો છે, લોકશાહીને કચડવી ચપટી વગાડવા જેટલું આસાન છે. વિદેશી નાણાંના જોરે ભારતમાં અરાજકતા સર્જવાનો યોજનાપૂર્વકનો પ્રયાસ થઇ રહ્યો છે. સોશ્યલ મિડિયા પર આ મુદ્દે અસદુદ્દીન ઓવૈસીએ સ્પષ્ટ વાત કરી છે કે ભલે નરેન્દ્ર મોદી સામે મારો એક કરતાં વધુ મુદ્દે વિરોધ છે પરંતુ જે રીતે શાસન પલટાના બૂમબરાડા થઇ રહ્યા છે એની જોડે હું સંમત નથી. મૂળ કહેવાતા આંદોલનકારીઓને ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટ સામે વાંધો છે.

આપણા દેશમાં કેટલીક કહેવાતી એનજીઓ વિદેશથી અઢળક નાણાં મેળવે છે અને એ નાણાંનો બેધડક દુરુપયોગ કરે છે. એક સાવ નાનકડો મુદ્દો યાદ કરાવું. ઉત્તર પ્રદેશમાં એકાદ બે નહીં, સત્તર હજાર ભૂતિયા મદરેસા પકડાયા હતા. એક મદરેસામાં ધારો કે દસથી બાર બાળકો કુરાન-એ-શરીફ પઢતા હોય એમ માની લઇએ તો ૧૭ હજાર મદરેસામાં કેટલાં બાળકો હોઇ શકે ? માંડો ત્રિરાશિ. આ સત્તર હજાર ભૂતિયા મદરેસા કેન્દ્ર સરકાર પાસેથી માતબર રકમ સહાય રૂપે મેળવતા હતા. યોગી આદિત્યનાથે એ બંધ કરાવ્યા.

આવી તો સેંકડો કહેવાતી એનજીઓ દેશમાં છે જે દેશવિરોધી કાર્યોમાં વિદેશી નાણાં છૂટથી વાપરે છે. ફરી યાદ કરાવું. કોકરોચ અભિષેક દીપકે બોસ્ટન યુનિવર્સિટીમાં અનુસ્નાતક થઇને કામ શોધતો હતો. બેકાર હતો. તો દિલ્હી આવીને આંદોલન કરવાના પૈસા ક્યાંથી કાઢ્યા ? દિલ્હીમાં ભાડેથી કે પેઇંગ ગેસ્ટ તરીકે રહેતો હોય તો એનો નિર્વાહ શી રીતે થાય છે ? રોજિંદો ખર્ચ કોણ, કયા કારણે આપે છે ? વિચાર કરો પ્રિય વાચક. આવા તો ઘણા દીપકે આ કહેવાતા આંદોલનમાં સક્રિય છે. સાવ સાદી ભાષામાં કહું તો જમ્મુ કશ્મીરમાં પોલીસ અને સિક્યરિટી દળો પર પથ્થરમારો કરવા માટે કશ્મીરી બાળકોને રોજ પાંચ રૂપિયા ચૂકવાતા હતા એ જ રીતે દિલ્હીમાં ચાલી રહેલા તાયફા માટે જેન ઝીને રોજ અગાઉથી નક્કી કરાયેલું મહેનતાણું ચૂકવાય છે. એ સિવાય કોણ નવરું હોય કે રોજ સાંજ પડ્યે ધાંધલ કરવા આવી જાય ?

દેશની ૧૩૦ કરોડની વસતિમાં રોજ સમજો કે પચાસ હજાર કે લાખ યુવાનો આંદોલન કરતા હોય તો એ કુલ વસતિનો એક ટકોય નથી થતો. અને પાછા આ લોકો શાસન પલટાની વાતો કરે છે. યે મૂંહ ઔર મસૂર કી દાલ ! નીત નવાં બહાનાં કાઢતા આવા અરાજકતાવાદીઓ સામે કડક હાથે કામ લેવું જ રહ્યું. શું કહો છો ?જ

### ગુગલ મેપના લોચાના કારણે ૧૭ના જાન ગયા

## ગુગલ મેપનો સ્વદેશી વિકલ્પ મેપલ્સ: પરંતુ માર્કેટીંગ નથી

**પ્રસંગપટ**

મોત કઇ દિશામાંથી આવશે અને કોના કારણે આવશે તે ખબર પડી શકતી નથી. કોલકત્તામાં દુર્ગા પાંડલનો એકભાગ તૂટી પડતાં નાસભાગમાં ૧૭ દર્શનાર્થીઓ મોતને ભેટ્યા હતા જ્યારે ગ્વાલિયરમાં ગુગલ મેપના દોરી સંચાર અનુસાર ચાલતી ટ્રકે કાબુ ગુમાવતા ૧૫ લોકોના મોત થયા હતા.

ટ્રક રાત્રે ૧.૩૦ વાગે શિતળા માતાની મંદિરે જતા શ્રધ્ધાળુઓની ભીડ પર ફરી વળી હતી. કહે છે કે ડ્રાઇવર વિસ્તારનો જાણકાર નહોતો એટલે તેણે ગુગલ મેપના સહારે શેરડી ભરેલી ઓવરલોડ ટ્રક ચલાવી હતી. પહેલાં તે પોલીસ બેરીકેડ સાથે ટકરાયા બાદ માર્ગના ઢાળ પર સરકી પડી ને બેકાબુ બની ગઇ હતી.

આ વિચિત્ર અકસ્માત પાછળ ખલનાયકની ભૂમિકામાં ગુગલ મેપ હોવાનું કહેવાયું છે. ગુગલ મેપના કારણે અનેક અકસ્માતો થયા છે. મોટા ભાગના વાહનો ગુગલ મેપના આધારે ચાલતા હોય છે. ફોર વ્હીલર, થ્રી વ્હીલર વગેરે કોઈ પણ ખૂણે ગુગલ મેપ મારફતે આસાનીથી ટ્રાવેલ કરી શકે છે.

ટ્રાવેલ માટે મળેલું લોકેશન મહત્વનું દિશા સૂચક બની જાય છે. તે ચોક્કસ સ્થળે ચોક્કસ સમયમાં પહોંચાડી દે છે. ગુગલ મેપનો ઉપયોગ મહત્વનો બનવા સાથે બહુ ઉપયોગી પણ બનતો જાય છે. તેનો વપરાશ આસાન હોઇ હવે તે દરેક વ્હીકલનું મહત્વનું અંગ પણ બની ગયું છે.

લોકો ગુગલ મેપ પર ભરોસો મુકીને વાહનો હંકારે છે પરંતુ ૨૦૨૪ના વર્ષની એક ઘટનામાં ગુગલ મેપના ભરોસે કાર ચલાવતા ત્રણ યુવાનોની કાર નદીમાં પડી હતી, તેમાં બે તો ડોક્ટર હતા.

ગુગલ મેપને ટકરાઇ શકે એવી ભારતની એપનું નામ મેપલ્સ છે. ગુગલનો પ્રભાવ ઈન્ટરનેટ સિસ્ટમ પર ભરડા સમાન છે. ઈમેલથી માંડીને કોમ્પ્યુટરના ઉપયોગની લગભગ તમામ મહત્વની એપ સાથે ગુગલ જોડાયેલું છે. ભારત ગુગલ બ્રાઉઝરનો વિકલ્પ પણ ઉભું કરી શક્યું નથી કે જી મેલ કે ગુગલ મેપ જેવી સર્વિસ પણ ઉભું કરી શક્યું નથી.




વપરાશકારોને કોઇ સ્વદેશી વિકલ્પ મળે તો તે શિફ્ટ થવા તૈયાર છે પરંતુ જીમેલ સહીતની અનેક ફ્રી સર્વિસ સાથે દેશના વપરાશકારો એટલા બધા ટેવાઇ ગયા છે કે તે એક અંગ સમાન બની ગઇ છે.

એવું પણ નથી કે ભારતે જી-મેલ કે ગુગલ મેપ જેવી સર્વિસનો વિકલ્પ ઉભો કરવા પ્રયાસ નથી કર્યો પરંતુ ગુગલના પ્રભાવ ભર્યા માર્કેટીંગ અને વર્ષો જુના સેટ અપ આગળ સ્વદેશી એપનો વપરાશ કરવા ભાગ્યેજ લોકો તૈયાર થાય છે.

ઈન્ટરનેટના પાયામાં ગુગલ છે. જી મેલનો વપરાશ વધ્યો તે પહેલાં હોટ મેલ જેવા અનેક વિકલ્પો હતા પરંતુ ગુગલની ટેકનોલોજીને લોકોએ આવકારી હતી. ગુગલના બ્રાઉઝર ક્રોમના વિકલ્પો પણ અનેક છે છતાં ઈન્ટરનેટ એક્સપ્લોરર અને ફાયર ફોક્સનો વપરાશ ઓછો જોવા મળે છે.

જી મેલની સામે તાજેતરમાં શ્રીધર વામ્બૂની કંપની ઝોહોએ પોતાની ફ્રી ઈમેલ સર્વિસ મુકી હતી પરંતુ તે બહુ ઝળકી શકી નહોતી. ગુગલ મેપની સામે ટક્કર આપી શકે એવી સ્વદેશી મેપ સર્વિસ મેપલ્સ શરૂ કરાઇ છે. ખુદ ઈન્ફોર્મેશન ટેકનોલોજીના કેન્દ્રીય પ્રધાન અશ્વિની વૈશ્નવે કહ્યું હતું કે હું પોતપ્મેપ્લ્સનો ઉપયોગ કરૂં છું.

ડિજીટલ મેપીંગના નિષ્ણાતોએ કહ્યું છે કે ભારતના આંતરીયાળ માર્ગો શોધવા મેપીંગ સિસ્ટમ માટે પડકાર સમાન બની જાય છે. ગયા ફેબ્રુઆરી માં સંસદમાં પણ રજૂઆત કરાઇ હતી કે સ્વદેશી મેપીંગ સર્વિસને અમલમાં મુકવા પ્રયાસો કરવા જરૂરી છે. ગુગલ મેપ કાયમ માટે સાચી દિશા નથી આપતું પરંતુ તેનો વપરાશ એટલી હદે વધેલો છે કે કોઇ તેના વિકલ્પનો ઉપયોગ કરવા તૈયાર નથી.

ગુગલ મેપે બતાવેલી ખોટી ડીરેક્શનના કારણે અકસ્માતો થયા છે અને લોકોએ જાન પણ ગુમાવ્યા છે. એક ઘટના એવી નોંધાયેલી છે કે બિહારથી ગોવા જઇ રહેલા એક પરિવારે ઝડપથી ગોવા પહોંચાય તેવો રૂટ ગુગલ મેપ પર પસંદ કર્યો હતો. બિચારા કર્ણાટકના જંગલોમાં અટવાઇ ગયા હતા.

ભારતમાં રોજ ૫૦ મિલીયન લોકો ગુગલ મેપનો ઉપયોગ કરે છે.ગુગલ મેપના લોચા અવારનવાર ચર્ચામાં આવ્યા છે. ભારત પાસે તેનો વિકલ્પ છે પરંતુ તેનું માર્કેટીંગ નથી કરાતું. જ્યારે આવા કિસ્સા બને ત્યારે ડી-ગૂગલીંગની વાતો ઉછળે છે. જેમાં ગુગલની સર્વિસ બંધ કરીને સ્વદેશી એપ વાપરવા ચીપીયો પછાડાય છે પરંતુ સ્વદેશી એપ દેશના લોકોજ વાપરવા તૈયાર નથી.

**ડી-ગૂગલીંગની વાતો ઉછળે છે પરંતુ ગુગલનો પ્રભાવ વધુ છે એટલે આગળ સ્વદેશી એપ વપારતી નથી**

## કાગડા મળે માંડ માંડ એટલે વધતી જાય ડિમાન્ડ

**બોજ વિનાની મોજ**

**અક્ષય અંતાણી**

'જાત જાતના પક્ષના આ 'સર્વ-પક્ષી' અભયારણ્યમાં સતત પક્ષા પક્ષીના વિવાદ જાય પક્ષાંતર કરીને 'પક્ષ-ઘાત' થાય અને વિપક્ષી અને સત્તા-ભક્ષી વચ્ચે ચાંચમચાંચ મારવાની ચાંચિયા-ગિરી ચાલે. આમાં કયા પક્ષને વખાણીએ એ જ સમજાતું નથી, શું કયો છો કાકા?'

સવાલ સાંભળતાની સાથે જ પથુકાકાએ તડાક કરતો જવાબ આપ્યો કે 'પક્ષાપક્ષીથી પર એવો એક જ પક્ષ હવે આપણાં દેશમાં રહ્યો છે, એ પક્ષ છે શ્રાદ્ધ-પક્ષ. કારણ કે આ પક્ષના બધા જ માનવંતા મેમ્બરો સ્વર્ગે સીધાવ્યા છે. વર્ષમાં એક જ વાર આ પક્ષનું નામ સંભળાય છે, શ્રાદ્ધપક્ષમાં. અને આપણાં એ પૂર્વજો પણ કેટલાં સમજદાર હોય છે? સ્વર્ગમાંથી ધરતી ઉપર શ્રાદ્ધપક્ષમાં પોતાના પ્રતિનિધિ તરીકે કોને મોકલે છે ખબર છેને? કાગડાને. એટલે કોઈ ટીકા ન કરે કે સ્વર્ગે સીધાવ્યા પછી પણ 'ખાઈકી' કરવાનો મોહ નથી છૂટ્યો. બાકી ધરતી પર તો જુદા જુદા પક્ષના 'પક્ષીઓ' ''ખાઈકી''માટે ટાંપીને જ બેઠાં હોય છે. જય જય રઘુરાઈકી, કભી ન ભૂલે ખાઈકી, ખાને મેં ક્યા શરમ ભાઈકી, જય જય રઘુરાઈકી...'

મેં કહ્યું 'કાકા વિવિધતામાં એકતાના દર્શન હવે તો માત્ર શ્રાદ્ધ-પક્ષમાં જ જોવા મળે છે હો?'

કાકાએ પૂછ્યું 'શ્રાદ્ધપક્ષમાં વળી તને વિવિધતામાં એક્તાના દર્શન કેવી રીતે થાય છે?' મેં કહ્યું કે 'જીવતી વ્યક્તિ ભલે જુદી જુદી જ્ઞાતિની હોય, જુદા જુદા ધર્મની હોય પણ મૃત્યુ પામે પછી બધાં કાગડાના રૂપમાં જ શ્રાદ્ધપક્ષમાં દેખા દે છેને? આને જ કહેવાય વિવિધતામાં એક્તા અથવા તો કા... કા... એવો ''કાકા-રવ'' કરતા કાગડાની કેકતા...'

કાકા બોલ્યા 'એનો અર્થ એવો કે ડાર્વિનદાદાએ કહ્યું હતું કે માણસના પૂર્વજો વાંદરા હતા એ થીયરી ખોટી?' મેં કહ્યું 'કાકા વૈજ્ઞાનિક ડાર્વિને વર્ષોના સંશોધન અને અભ્યાસને આધારે એવી થીયરી ઘડી હતી કે માનવના વડવાઓ વાનર હતા. બાકી શ્રાદ્ધપક્ષમા કાગડાને ખીર-પૂરી ખવડાવવાથી પૂર્વજો તૃપ્ત થાય છે એ શ્રદ્ધાનો વિષય છે.'

કાકા બોલ્યા 'ભાઈ મુંબઈ જેવાં શહેરમાં કાગડાય ક્યાં નવરા છે ખીર-પૂરી ખાવા? નાનપણમાં આપણે ગાતા કે આવરે કાગડા કઢી પીવા... એમ મોટપણમાં આપણે ગાવું પડે છે કે આવ રે કાગડા ખીર ખાવા... પણ કાગડા ક્યાં આવે છે? જાણે એપ-આધારિત કેબ બુક કરાવ્યા પછી જેમ રાહ જોઈને ઊભા હોઈએ એવી રીતે કાગડાની રાહ જોઈને ઊભા રહેવું પડે છે. ઘણી વાર કેબવાળા ટ્રીપ કેન્સલ કરે એમ કાગડાય ખીર ખાવા માટે આપણી અગાસીમાં આવવાનું ટાળીને બીજી કોઈ નજીકની અગાસીએ ઉડીને પહોંચી જાય છે. કાગડાની અછત ઊભી થાય એ કેવી વિચિત્ર સ્થિતિ કહેવાય?'

પથુકાકા કહે કે આપણાં દેશમાં માણસની વસતી કૂદકે ને ભૂસકે વધતી જાય છે, અને કાગડાની વસતી ઘટતી જાય છે, એટલે પછી શ્રાદ્ધપક્ષ વખતે કાગડાની ખેંચ જ ઊભી થાયને?'

કાકાની વાતમાં સૂર પૂરાવતા મેં કહ્યું કે કાગડાની આબાદી ઘટતી જાય છે એ હક્કિત છે. હમણાં જ છાપામાં સમાચાર વાંચેલા. મુંબઈ જેવાં શહેરોમાં ઝડપથી બંધાતા જતા કોંક્રિટના જંગલો, કપાતા જતા વૃક્ષો અને ઘટતી હરિયાળીને કારણે કાગડાને માળા ક્યાં બાંધવા એ સવાલ મૂંઝવે છે. બીજું



શહેરોમાં ખુલ્લા ઉકરડાની જગ્યાએ આધુનિક કચરાપેટીઓ ગોઠવાતી જાય છે. કચરો લઈ જતી ટ્રકો પણ ઉપરથી બંધ હોય છે. એટલે કાગડા બીચારા ખાય શું એ ઉપરાંત મુંબઈ જેવાં શહેરોમાં પ્રદૂષણ વધતું જાય છે. આ બધા કારણોને લીધે કાગડાની વસતી ઘટતી જાય છે.'

પથુકાકા બોલ્યા એમ વાત છે? કાગડાનું પોપ્યુલેશન ઘટતું જશે તો પ્રોબ્લેમ થશે હો? ગંદકી ઓછી કરવાનું કામ કોણ કરશે? શ્રાદ્ધપક્ષમાં ખીરપૂરી ખાવા કોણ આવશે? એ બધું તો ઠીક પણ રોજ કઠેડા ઉપર બેસીને મને કાકા... કાકા... કાકા... કહી નામથી કોણ બોલાવશે?

મેં કહ્યું 'રાજવી કવિ કલાપીએ દિલની વેદના અને ભાવના વ્યક્ત કરતી કવિતનો સંગ્રહ બહાર પાડ્યો હતો જે કેકારાવ તરીકે વિખ્યાત થયો. હવે કાગડાની ઘટતી જતી આબાદી જોઈને તમે વ્યથિત થઈ ગયા છો એ ભાવના વ્યક્ત કરવા તમે પણ કાગડા ઉપર કવિતાઓ લખી સંગ્રહ તૈયાર કરો અને નામ આપો 'કાકા-રવ.' તમને કોલા પીવાની આદત છેને? એટલે આ કાવ્ય-સંગ્રહ ઉપર તમારૂં ઉપનામ શું લખશું ખબર છે? કોલા-પી.

પથુકાકા બોલ્યા કે 'મને એક વાતનો જવાબ આપ કે કાગડાઓની વસતી ખરેખર ઘટવા માંડી છે કે પછી (મરેલા ઉંદર સહિત બધુ ખાતા) કાગડાઓની 'મોત-દાર' યાદીમાંથી એમના નામો ઉડાડી દેવામાં આવ્યા છે?

ખડખડાટ હસીને મેં કહ્યું 'કાકા તમે કાગડા માટે મોત-દાર યાદી શબ્દ કમાલનો વાપર્યો હો? આપણી મતદાર યાદીમાંથી પણ કરોડો નામો ઉડી ગયા છેને? જ્યારે કાગડા તો પોતે જ ઉડતા હોય છે એટલે એના નામો પણ ઉડતા જ રહેને?'

કાકા બોલ્યા કે તને બાદશાહ અકબર અને બિરબલનો કાગડાનો કિસ્સો યાદ છે? અવનવા તુક્કા લડાવતા બાદશાહ અકબરે કિલ્લાની રાંગ ઉપર હારબંધ બેઠેલા કાગડાઓની કાગસેનાને જોઈને બિરબલને પૂછ્યું કે બિરબલ જવાબ આપ કે આપણાં દિલ્હીમાં કાગડાની વસતી કેટલી છે?' હાજરજવાબી બિરબલે તડાક કરતો જવાબ આપ્યો કે 'બાદશાહ સલામત... દિલ્હીમાં અત્યારે ૧૧,૧૧,૧૧૧ કાગડા છે.'

જવાબ સાંભળી બાદશાહ તો આશ્ચર્યચક્તિ થઈ ગયા. બિરબલની વધુ કસોટી કરવા જહાંપનાહે પૂછ્યું કે તેં આપેલા આંકડા કરતાં કાગડાની સંખ્યા વધુ હશે તો? બિરબલ બોલ્યો કે જો વધુ હશે તો એમ સમજવું કે કાગડાઓને ત્યાં બહારગામથી મહેમાનો આવ્યા હશે અને જો સંખ્યા ઓછી જણાય તો એમ સમજવું કે દિલ્હીના કાગડા સમર વેકેશનમાં ફેમિલી સાથે બહારગામ ફરવા ગયા હશે? બિરબલના જવાબથી ખુશ થયેલા બાદશાહે તેને દસ સોના મહોરનું ઓનલાઈન પેમેન્ટ કરી દીધું.'

મેં કહ્યું કાકા તમને ખબર છે? કાગડાની આબાદી ઘટી ગઈ છે એનો લાભ ભાડેથી કાગડા પૂરા પાડનારા ઉઠાવે છે?'

નવાઈ પામી કાકા બોલ્યા 'શું વાત કરે છે? કાગડા કોણ ભાડે આપે છે?' મેં કહ્યું કાગડા ભાડે આપનારાની શ્રાદ્ધપક્ષમાં ખરી ડિમાન્ડ હોય છે. મહારાષ્ટ્રના કેટલાંક ગામોમાં શ્રાદ્ધપક્ષ વખતે કાગડા ભાડેથી ફેરવવાવાળા 'રેન્ટ-એ-ક્રો' કંપનીવાળા સોશ્યલ મિડિયામાં નજરે પડ્યા હતા. એ શું કરે ખબર છે? જંગલમાંથી કાગડા પકડી લાવે. પછી એક પગે દોરી બાંધી દે. પછી એક એક ખભા ઉપર બે-બે કાગડા બેસાડીને બૂમ પાડતા નીકળે'લો કૌઆ ભાડેસે... લો કૌઆ ભાડેસે...' એ વખતે અગાસીમાં ખીર-પૂરી મૂકીને ઊભા હોય પણ કાગડા ન આવતા હોય એવાં લોકો તરત જ ભાડૂતી કાગડાવાળાને ઉપર બોલાવે છે. પેલો અગાસી કે ધાબા પર જઈને કાગડાને ખીર-પૂરી ખવડાવે છે અને બદલામાં સો-દોઢસો રૂપિયાનું ભાડું વસૂલ કરીને નીકળી જાય છે. બોલો! કાગડા ભાડે આપવાનો આ કસદાર સીઝનલ ધંધો કેવો?'

ભાડૂતી કાગડાની વાત સાંભળીને પથુકાકા બોલ્યા સાચું બોલજે હો? જૂઠ બોલે કૌઆ કાટે... કાલે કૌએ સે ડરિયો...' મેં હસીને કહ્યું કાકા તમે બોબી ફિલ્મનું આ ગીત ખરૂં યાદ અપાવ્યું હો?' કાકા બોલ્યા 'તને ખબર છે? રાજ કપૂર મેરા નામ જોકર બનાવતા હતા. ખાવાના શોખીન અને મોટા મનના રાજ કપૂર પોતાના આસિસ્ટન્ટ ડિરેક્ટરના ઘરે જમવા ગયા. પૂરી, શાક, દાલ તડકા સહિત કૈક વ ાનગી આસિસ્ટન્ટ ડિરેક્ટરના મમ્મીએ પીરસી હતી. રાજ કપૂર ટેસથી ખાતા હતા. એ વખતે મમ્મીજીએ વ્હાલથી કહ્યું બેટા તુમ તો કુછ ખાતે હી નહીં હો... ત્યારે શોમેને કહ્યું મમ્મીજી જૂઠ બોલે કૌઆ કાટે... દેખતે નહીં કિતના સારા ખા લિયા?' બસ પછી જૂઠ બોલે કૌઆ કાટે... એ મુખડું એમના દિમાગમાં સતત ઘૂમરી લેતું હતું. જ્યારે 'બોબી' ફિલ્મ બનાવી ત્યારે તેમણે આ મુખડા પરથી ગીત બનવવાનું ગીતકારને કહ્યું અને આમ મજેદાર ગીત બન્યું જૂઠ બોલે કૌઆ કાટે... કાલે કૌએ સે ડરિયો...

## કલ્પવૃક્ષ



તમામ જ્ઞાન મનુષ્યના મનની અંદર જ રહેલું છે. શિક્ષણ અને અનુભવ માત્ર તે આંતરિક જ્ઞાનને બહાર લાવવાનું (આવરણ હટાવવાનું) કામ કરે છે.

\- સ્વામી વિવેકાનંદ

*

જ્ઞાન માત્ર પુસ્તકિયા માહિતી નથી, પરંતુ ચારિત્ર્યનિર્માણનું સાધન છે. અક્ષરજ્ઞાન કરતાં 'આત્મજ્ઞાન' અને 'નૈતિક મૂલ્યો' મહત્ત્વના અને સર્વોપરી છે.

\- મહાત્મા ગાંધી

*

તમારી સૌથી મોટી ભૂલ એ છે કે તમે વિચારો છો કે તમારી પાસે સમય છે. જીવન ક્ષણભંગુર છે, તેથી જે કરવાનું છે તે વર્તમાન ક્ષણમાં જ કરી લેવું જોઈએ.

\- ભગવાન બુદ્ધ

*

જ્યારે તમે વર્તમાનમાં સંપૂર્ણ રીતે જીવો છો, ત્યારે સમય અદ્રશ્ય થઈ જાય છે - તે જ સાચું ધ્યાન છે. મન ભૂતકાળ અને ભવિષ્યમાં ભમે છે, પણ જીવન માત્ર 'અત્યારે' જ અસ્તિત્વ ધરાવે છે.

\- ઓશો

*

આપણને મળતું જીવન ટૂંકું નથી, પરંતુ આપણે તેનો ઘણો સમય વેડફી નાખીએ છીએ. જો સમયનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો જીવન ઘણું મોટું અને સાર્થક ભાસે છે.

\- સેનેકા

*

ધૈર્યઅનેસમયએબેસૌથીશક્તિશાળી યોદ્ધાઓ છે. યોગ્ય સમય આવતા બધું જ આપોઆપ ઠીક થઈ જાય છે. બસ, ધીરજ રાખવાની જરૂર હોય છે.

\- લિયો તોલ્સતોય

*

ગુમાવેલો સમય ક્યારેય પાછો મળતો નથી. જો તમને જીવન વહાલું હોય તો સમય ન વેડફો, કારણ કે જીવન સમયથી જ બનેલું છે.

\- બેન્જામિન ફ્રેન્કલિન

## દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

મૂકીને આરોપ કર્યો હતો કે કેટલાક નેતાઓ અને ભારત વિરોધી તત્વો મળીને દેશમાં હિંસા ફેલાવવા યુવાનોને ભડકાવી રહ્યા છે.

### તિહાર જેલમાં સીજેપી નેતાઓ હાઈ સિક્યુરીટી વોર્ડમાં

વગર પરવાનગીએ જંતર મંતરમાં પ્રવેશ કરવાની કોશિષ કરનાર કોકરોચ જનતા પાર્ટીના આસુતોષ રાંકા અને સૌરવ દાસને દિલ્હીની તિહાર જેલમાં હાઈ સિક્યુરીટી વોર્ડમાં રાખવામાં આવ્યા છે. જેલના સત્તાધિશોએ એમની કોટડીની બહાર વધારાના સુરક્ષા કર્મચારીઓ મૂક્યા તેમ જ દિવસના સમયે બીજા કેદીઓ સાથે બહાર નીકળીને મળે નહીં એનું પણ ધ્યાન રાખવામાં આવ્યું. જેલના રેકોર્ડ પ્રમાણે રાંકાનો કેદી નંબર ૧૭૮૪ અને દાસનો કેદી નંબર ૩૭૫૨ છે. શરૂઆતમાં બંને ને જેલ નંબર ૨માં રાખવામાં આવ્યા હતા, પરંતુ પછીથી રાંકાને જેલ નંબર ૪માં ખસેડવામાં આવ્યા હતા. જેલના પરિસરમાં બીજા બ્લોકોની સરખામણીએ આ બંનેને જ્યાં રાખવામાં આવ્યા છે ત્યાં કેદીઓની સંખ્યા ઓછી છે. ચોવીસે કલાક એમના પર નજર રાખવામાં આવે છે.

### '૨૦૨૩ના ચૂંટણી કમિશન કાયદાને ટેકો આપીને ભુલ કરી'

વાયએસઆરસીપીના પ્રમુખ અને આંધ્રપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વાયએસ જગન મોહન રેડ્ડીએ કબુલ કર્યું છે કે, મુખ્ય ચૂંટણી કમિશનર અને બીજા ચૂંટણી કમિશનરોની નિમણૂકને લઈને ૨૦૨૩માં બનાવવામાં આવેલા કાયદાને એમણે ટેકો આપીને ભૂલ કરી હતી. નિષ્પક્ષ ચૂંટણી પ્રક્રિયા માટે એમણે સુધારો કરવાની માંગણી કરી છે. રેડ્ડીનું કહેવું છે કે, ચૂંટણી કરાવવા માટેની જવાબદારી જેમના પર છે એમને પસંદ કરવાની સત્તા સત્તાધારી પક્ષ પાસે હોવી જોઈએ નહીં. પહેલાની પદ્ધતિ એટલે કે ચૂંટણી કમિશનર નિમવાની સત્તા વડાપ્રધાન, વિરોધ પક્ષના નેતા અને ભારતના મુખ્ય ન્યાયાધીશને આપવામાં આવતી હતી. પરીક્ષકની નિમણૂક વિદ્યાર્થી દ્વારા નહી થઈ શકે. જો કોઈ નિષ્પક્ષ સંસ્થા દ્વારા ચૂંટણી કમિશનરોની નિમણૂક નહીં થાય તો ચૂંટણી કમિશનએ ટીકાનો સામનો કરવો પડી શકે છે.

### લખનૌમાં ઉલટી ગંગા, એબીવીપીનું જ્ઞાનેશ કુમારના સમર્થનમાં પ્રદર્શન

સીઈસી જ્ઞાનેશ કુમારના રાજીનામા માટે દિલ્હી સહિત દેશ આખામાં દેખાવો થઈ રહ્યા છે. જોકે હવે ભાજપની વિદ્યાર્થી પાંખ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી)એ લખનૌમાં જ્ઞાનેશ કુમારના ટેકામાં દેખાવો કર્યા હતા. દેખાવો દરમિયાન એબીવીપીના કાર્યકરોએ જ્ઞાનેશ કુમારના રાજીનામાંની માંગણીને ગેરકાયદેસર ગણાવી છે. એબીવીપીના નેતાઓનું કહેવું છે કે, દેશના બંધારણીય પદો પર રહેલી વ્યક્તિઓ સામે દેખાવો કરવા જોઈએ નહીં. આવા દેખાવોને કારણે લોકશાહી નબળી પડે છે. એબીવીપીએ 'અરાજકતા રોકો, લોકતંત્ર અપનાવો' અભિયાન હેઠળ 'છાત્ર હુંકાર' વિરોધ પ્રદર્શનનું આયોજન કર્યું છે. લખનૌ યુનિવર્સિટીના ગેટ નંબર ૩ નજીક એબીવીપીના સેંકડો કાર્યકરો ભેગા થયા હતા અને એમણે સૂત્રો પોકાર્યા હતા. એમણે કોકરોચ પાર્ટી મુર્દાબાદના સૂત્રો પોકારીને અભિજીત દિપકે અને ધ્રુવ રાંઠીને દેશદ્રોહી ગણાવ્યા હતા.

### જુબીન નૌટીયાલના પિતા કોંગ્રેસમાં જોડાયા

દહેરાદુન જિલ્લા પંચાયતના ભૂતપૂર્વ પ્રમુખ અને ગાયક જુબીન નૌટીયાલના પિતા રામ શરણ નૌટીયાલ કોંગ્રેસમાં જોડાઈ ગયા છે. થોડા દિવસો પહેલા એમણે ભાજપમાંથી રાજીનામું આપ્યું હતું. એમણે જ્યારે ભાજપમાંથી રાજીનામું આપ્યું ત્યારે જ એવી ચર્ચા થતી હતી કે તેઓ કોંગ્રેસમાં જોડાશે. એઆઈસીસીના રાષ્ટ્રીય મહામંત્રી કુમારી સૈલજાએ એમને કોંગ્રેસ પ્રવેશ આપ્યો હતો. રામ શરણ નૌટીયાલએ રાજકારણની શરૂઆત કોંગ્રેસમાંથી કરી હતી. તેઓ ઉત્તરાખંડ કોંગ્રેસના ઉપપ્રમુખ પણ રહ્યા હતા. ૨૦૧૪ના વર્ષમાં નૌટીયાલ ભાજપમાં જોડાયા હતા. ત્યાર પછી ૨૦૨૨ની ચૂંટણીમાં ભાજપે એમને ચકરાતા બેઠકની ટિકિટ આપી હતી. જોકે તેઓ જીતી શક્યા નહોતા. કોંગ્રેસમાં જોડાયા પછી નૌટીયાલએ કહ્યું હતું કે, 'પક્ષ મારા માટે શું વિચારે છે એ હું કહી શકું નહીં, પરંતુ મારૂ મન કોંગ્રેસ વગર માનતું નહોતુ. એટલે હું ફરીથી કોંગ્રેસમાં જોડાયો.'

### બદનક્ષીની નોટીસ બાબતે સુધાકર સિંહની સ્પીકરને રાવ

બિહારના ભોજપુર જિલ્લામાં આવેલા બીલૌટી ગામમાં ભરત ભૂષણ તિવારીના કહેવાતા બનાવટી એન્કાઉન્ટરનો કિસ્સો હવે સંસદીય સ્તર પર પહોંચી ગયો છે. આ બાબતે સવાલો કરનાર આરજેડીના સાંસદ સુધાકર સિંહએ બિહારના સિનિયર આઈપીએસ અધિકારી કુંદન કૃષ્ણન તરફથી મોકલવામાં આવેલી બદનક્ષીની નોટીસ સંદર્ભે લોકસભાના અધ્યક્ષ ઓમ બીરલાના હસ્તક્ષેપની માંગણી કરી છે. સુધાકર સિંહે પત્ર લખીને સંપૂર્ણ કિસ્સાની તપાસ કરવા તેમજ પ્રથમ દ્રષ્ટીએ જે હકીકત જાણવા મળે એને સંસદની વિશેષાધિકાર સમિતિ પાસે મોકલવાની માંગણી કરી છે. કુંદન કૃષ્ણનએ એમના અંગત વકીલ મારફતે આ નોટીસ મોકલી હતી. સાંસદનું કહેવું છે કે નોટીસમાં જાહેર માફી સાથે પાંચ કરોડ રૂપિયાના વળતરની માંગણી પણ થઈ છે.

### ટાઈગર શ્રોફ પર ફાયરીંગ કરાવનાર અનિલ પંડીત કોણ છે?

અમેરિકામાં બેઠેલા ગેંગસ્ટર અનિલ પંડીતનું નામ ફરી એકવાર ચર્ચામાં આવ્યું છે. રવિવારે સાંજે મુંબઈના જુહુ વિસ્તારમાં અભિનેતા ટાઈગર શ્રોફની કાર પર ફાયરીંગ કરવામાં આવ્યું હતું. ત્યાર પછી બહાર આવેલા વીડિયોમાં અનિલ પંડીત અને હરમન સંધુએ આ ઘટનાની જવાબદારી લીધી છે. પંડીતએ ઓડીયોમાં સલમાન ખાન અને એના પરિવારને પણ ધમકી આપી છે. અનિલ પંડીતનું નામ આ પહેલા હરિયાણામાં થયેલા એક ફાયરીંગમાં બહાર આવ્યું હતું. આ વર્ષના માર્ચ મહિનામાં પાણીપતની એક મની એક્સચેન્જ ઓફિસ પર દિવસે ગોળીબાર કરવામાં આવ્યો હતો. સોશ્યલ મીડિયા પર લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે જોડાયેલી વ્યક્તિઓએ આ ગોળીબાર કરાવ્યો હોવાની જવાબદારી લીધી હતી. એ વખતે અમેરિકા રહેતા અનિલ પંડીત અને રણદીપ મલ્લીકના નામ બહાર આવ્યા હતા. એ વખતે પંજાબના એક ગાયક-રૈપર બાદશાહને પણ ધમકીઓ આપવામાં આવી હતી.

## અમેરિકન

(પહેલા પાનાનું ચાલુ)

સેટેલાઈટને તોડવાની સ્પર્ધા જામી શકે છે અને તો એ દુનિયાના કોમ્યુનિકેશન સિસ્ટમ માટે બહુ મોટું જોખમ સર્જાઈ શકે છે. રશિયાએ કોસમોસ-૨૬૧૨ સેટેલાઈટ હજુ આ વર્ષે એપ્રિલમાં જ લોંચ કર્યો હતો. તે વખતે શક્ય છે યુક્રેનની આધુનિક મિસાઈલો અને ડ્રોન્સની રડાર સિસ્ટમ ખોરવી નાખવાની ગણતરી સાથે જ તેને લોંચ કર્યો હોય.

આ ઘટના પછી પહેલી વખત રશિયા-યુક્રેન વચ્ચેનું યુદ્ધ જમીનથી ઉપર અંતરીક્ષ સુધી પહોંચી ગયું છે.

## ફ્રાન્સમાં હિંસા

(પહેલા પાનાનું ચાલુ)

છે. ફ્રાન્સ પ્રમુખે હિંસા રોકવા માટે પોલીસ માટે નવી રણનીતિ ઘડવાનાં પણ નિર્દેશ આપ્યા છે. રવિવારે અનેક શહેરોમાં દેખાવકારોએ રસ્તા પર પડેલી કચરાપેટીઓ, સાયકલો, વાહનોને આગ ચાંપી હતી.

## સહયોગી દેશો

(પહેલા પાનાનું ચાલુ)

**ઈન્ફ્રાસ્ટ્રકચરની ૧૦ સુવિધાઓને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે.**

**આ હુમલાને કારણે પાંચ લાખથી વધુ લોકો વીજળી, હિટિંગ અને પાણીનાં પુરવઠાથી વંચિત થઈ ગયા છે. કીવ અને તેની આસપાસનાં વિસ્તારોમાં ૧૬ બેલેસ્ટિક મિસાઈલો છોડવામાં આવી હતી. રશિયાએ યુક્રેનમાં ટ્રેનો, શોપિંગ મોલ, ગેસ સ્ટેશન, સુપરમાર્કેટ અને અન્ય જગ્યાઓ પર હુમલાઓ કરીને સામાન્ય જનજીવનમાં અવરોધ ઉભો કરવાનો પ્રયત્ન કર્યો છે.**

**આ દરમિયાન યુક્રેને યુદ્ધ અંગે અમેરિકા-ચીન-રશિયાની વચ્ચે મંત્રણાની સંભાવનાઓને ફગાવી દીધી છે.**

**લિથુઆનિયાનાં વડાપ્રધાન મિંડાઉગાસ સિન્કેવિસિયસે સોમવારે જણાવ્યું હતું કે સ્ટારલિંક બેઝ પર આગ લગાવવાનાં પ્રયત્ન પછી લિથુઆનિયામાં સુરક્ષા વધારવામાં આવી છે.**

<u>વિજ્ઞાનીઓની સોળ માપદંડોનો અભ્યાસ કરીને ચેતવણી</u>

# ક્લાઈમેટ ચેન્જનું વધતુ જોખમ ધરતીના સાત સંકેતો રેકોર્ડ સ્તરે

નવી દિલ્હી, તા.૧૯

**૧૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બાયોસાયન્સ જર્નલમાં પ્રકાશિત અહેવાલ મુજબ, જળવાયુ પરિવર્તનનો ખતરો સતત વધી રહ્યો છે. વિજ્ઞાનીઓએ પૃથ્વીની સ્થિતિ દર્શાવતા સોળ મહત્વપૂર્ણ સંકેતોનો અભ્યાસ કર્યો, જેમાંથી સાત રેકોર્ડ સ્તરે પહોંચ્યા છે. હવામાં કાર્બન ડાયોક્સાઈડ અને મિથેનનું વધતું પ્રમાણ, પીગળતા ગ્લેશિયરો અને સમુદ્રની વધતી સપાટી દર્શાવે છે કે માનવીય પ્રવૃત્તિઓ પૃથ્વીને સતત ગરમ કરી રહી છે.**

## ગ્રીનહાઉસ ગેસો અને પીગળતા ગ્લેશિયરોએ ચિંતા વધારી, ફોસિલ ઈંધણનો ઉપયોગ ઘટાડવો અનિવાર્ય

અહેવાલ મુજબ વર્ષ ૨૦૨૬માં કાર્બન ડાયોક્સાઈડ, મિથેન અને નાઈટ્રસ ઓક્સાઈડનું સરેરાશ પ્રમાણ રેકોર્ડ સ્તરે રહ્યું છે. આ ગ્રીનહાઉસ વાયુઓ વાતાવરણમાં ગરમી રોકે છે, જેના કારણે પૃથ્વીનું તાપમાન વધે છે. ગ્રીનલેન્ડની બરફની ચાદરનું વજન અને હિમનદીઓની જાડાઈ ઐતિહાસીક નીચલા સ્તરે પહોંચ્યા છે. સમુદ્રમાં ગરમીનો સંગ્રહ અને જળસ્તર વધવાથી પૂર, દરિયાકાંઠાના વિસ્તારોમાં નુકસાન તેમજ પર્યાવરણીય જોખમો વધી રહ્યા છે.

વિજ્ઞાનીઓએ ચેતવણી આપી છે કે તાપમાનમાં સતત વધારો થવાથી ક્લાઈમેટ ટિપિંગ પોઈન્ટ જેવી સ્થિતિ ઊભી થઈ શકે છે, જેમાં પર્યાવરણમાં થતા મોટા ફેરફારો રોકવા અથવા અગાઉની સ્થિતિમાં લાવવા મુશ્કેલ બને છે. જો કે, આવા તમામ ફેરફારો થઈ ચુક્યા હોવાનો અહેવાલ દાવો નથી કરતો. બીજી તરફ સૌર અને પવન ઊર્જાની ઉત્પાદનક્ષમતા તેમજ બેટરીમાં વીજળી સંગ્રહ કરવાની સુવિધા વધી છે. વર્ષ ૨૦૨૫માં પ્રાચીન ટ્રોપિકલ જંગલોનું નુકસાન પણ ઘટ્યું હતું. આ સકારાત્મક પ્રગતિ છતાં કોલસા, તેલ અને ગેસનો કુલ વપરાશ ઘટ્યો નથી. વધતી ઊર્જાની માગને કારણે સ્વચ્છ ઊર્જા તરફનું પરિવર્તન વધુ ઝડપી બનાવવું જરૂરી છે.

## મણિપુરમાં

(પહેલા પાનાનું ચાલુ)

એમના મોત થયા, જ્યારે ક્ષેત્રિમાયુમ સુશીલ (૩૨) નું એક ખાનગી હોસ્પિટલમાં મોત થયું.

ઘાયલ થયેલા અન્ય ત્રણ નાગરિકો એન સૂરજ (૧૯), મેડ્સનામ સોમેન્દ્રો(૫૩) અને કે. બોસન (૪૫) ને સારવાર પૂરી પડાઈ રહી છે. આ લોકો સહિતનું ૧૬ જણનું જૂથ સવારે ૭ના સુમારે પોતાના ગામ પાસેની પહાડીયો પરથી બળતણ માટેના લાકડાં લેવા ગયા હતા. એ વખતે એમના પર હુમલો ઝીંકી દેવાયો હતો. આથી રોષે ભરાયેલા લોકસમૂહે બનાવના વિરોધમાં મુખ્યમંત્રીના ઘરની બહાર દેખાવો કરતા મુખ્યમંત્રી વાઈ ખેમચંદ સિંહે ઘાયલ થયેલા લોકોના હોસ્પિટલમાં જઈને ખબર-અંતર પૂછયા, પરંતુ પત્રકારોના કોઈ પ્રશ્નનો જવાબ આપ્યો નહિ.

પોલીસે પ્રદર્શનકારીઓને વિખેરવા માટે અશ્રુવાયુના ટેટા ફોડ્યા. મોડેથી મૃતકોના શબોને જવાહરલાલ નહેરૂ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસ ખાતે લઈ જવાયા. મુખ્યમંત્રીના ઘર અને ત્યાં સુધી પહોંચતા રસ્તાઓ પર સુરક્ષા વધારી દેવાઈ છે. આ બનાવ પછી સમગ્ર ઈમ્ફાલમાં બજારો અને દુકાનો બંધ રહ્યા.

## ટાઈગર પર

(પહેલા પાનાનું ચાલુ)

કર્યું હતું. રિતિક કુમાર ઉર્ફે રોશન રેપિડો બાઈક રાઈડર હોવાથી તે બાઈક ચલાવવામાં કુશળ હતો અને તેને તમામ રસ્તાની માહિતી હતી. આથી તેણે બાઈક ચલાવી હતી. રિતિકે જ બોરીવલી પહોંચી ત્યાંથી એપ દ્વારા સુરતની કેબ બૂક કરી હતી. ડીસીપીએ જણાવ્યું હતું કે શૂટર દ્વારા ઉપયોગમાં લેવાયેલી મોટરસાઈકલ અંધેરી વિસ્તારમાંથી મળી આવી હતી.ત્રણ શંકાસ્પદો પાસેથી કોઈ શ મળી આવ્યું નથી. અમે આરોપીઓને રાજસ્થાનથી મુંબઈ લાવી રહ્યા છીએ.

ડીસીપીએ કહ્યું કે ટાઈગર શ્રોફ દ્વારા જીવના જોખમની કોઈ ફરિયાદ પહેલા મળી ન હતી. અભિનેતા પર ગોળીબાર કરવા પાછળનો હેતુ હજુ સુધી સ્પષ્ટ થયો નથી. શંકાસ્પદ હુમલાખોરોની પૂછપરછ કર્યા પછી અમે ગોળીબારનું ચોક્કસ કારણ જાણી શકીશું.

દેખીતી રીતે જ આરોપીઓએ બાઈક, લોકલ ટ્રેન, કેબ ફરી લાંબા અંતરની ટ્રેન એમ જુદા જુદા પરિવહન વિકલ્પોનો ઉપયોગ કરી તપાસ એજન્સીઓને ગૂંચવવા પ્રયાસ કર્યો હતો. પરંતુ દિલ્હી, ગુજરાત અને રાજસ્થાન પોલીસ દળોની સક્રિય ટેકનિકલ અને ઓપરેશનલ સહાય સાથે ક્રાઈમ બ્રાન્ચની ૨૦ વિશેષ ટીમો દ્વારા હાથ ધરવામાં આવેલા ઝડપી આંતરરાજ્ય ઓપરેશનમાં ઘટનાના ૧૫ કલાકની અંદર રાજસ્થાનના કોટામાં ટ્રેનમાંથી ત્રણેયને ઝડપી લેવાયા હતા.

સુરતથી તેઓ પુણે-જયપુર ટ્રેનમાં બેઠા હતા. તેઓ ચોક્કસ કયાં કમ્પાર્ટમેન્ટમાં બેઠા છે તેની માહિતી પણ મુંબઈ પોલીસે મેળવી લીધી હતી. સચોટ માહિતીને આધારે કોટા પોલીસે ટ્રેનમાં તરત જ આ કમ્પાર્ટમેન્ટમાં પહોંચી ત્રણેયને પકડી લીધા હતા.

રિતિકે હુમલામાં વપરાયેલી બાઈક હજુ ગઈ ૧૧મી સપ્ટેમ્બરે જ ખરીદી હતી. તેણે તેના માલિકીના કાગળો પણ ટ્રાન્સફર કરાવ્યા ન હતા. ૨૦૨૨થી આ બાઈકની માલિકી અલગ અલગ ચાર લોકો વચ્ચે બદલાઈ હતી. રિતિકને બાઈક કોણે ઉપલબ્ધ કરાવી અને તેના પૈસા ક્યાંથી આવ્યા તેના આધારે પોલીસ આ ગોળીબારના સૂત્રધારો સુધી પહોંચી શકે છે.

ત્રણમાંથી બે આરોપીઓ એક જ સ્થળના રહેવાસી અને એકબીજાના પરિચિત હતા. સીસીટીવી ફૂટેજમાં કેપ પહેરેલો આરોપી દેખાયો છે તે રેહાન હતો. ગોળીબારમાં બે હથિયારોનો ઉપયોગ થયો હતો. અનેક રાઉન્ડ ફાયર થયા હતા. તમામ આરોપીઓ સામે હત્યાના પ્રયાસ સહિતની કલમો લગાડવામાં આવી છે. પોલીસ ગોળીબારની જવાબદારી લેતી લોરેન્સ બિશ્નોઈ ગેંગની સોશિયલ મીડિયા પોસ્ટની સત્યતા વિશે પણ હજુ તપાસ કરી રહી છે એમ ડીસીપીએ જણાવ્યું હતું. ટાઈગર શ્રોફને આ પહેલાં કોઈ દ્વારા ધમકી મળ્યાની કોઈ ફરિયાદ પોલીસ રેકોર્ડ પર નથી.

<u>ઈન્ડોનેશિયા-મલેશિયાના શહેરો પણ યાદીમાં સામેલ</u>

# વિશ્વના ૨૦ સૌથી પ્રદૂષિત શહેરોમાંથી ૧૩ ભારતના, દિલ્હીનો સમાવેશ નહીં

નવી દિલ્હી, તા. ૧૯

**વિશ્વના સૌથી પ્રદૂષિત શહેરોની વૈશ્વિક રેન્કિંગમાં ભારતનું વર્ચસ્વ જોવા મળ્યું, જેમાં ૨૦માંથી ૧૩ શહેરોમાં સૌથી વધુ હવા પ્રદૂષણના સ્તર નોંધાયા. જોકે, ભારતમાં હવાની ગુણવત્તા બગડવા સાથે ઘણીવાર જોડાયેલું દિલ્હી તે સમયે સૂચિમાં નહોતું. એક્યુઆઈએ સોમવારે જાહેર કરેલા ડેટા મુજબ, ઉત્તર પ્રદેશના બુલંદ શહરને વૈશ્વિક સ્તરે ત્રીજું સ્થાન મળ્યું, જ્યાં યુએસ એક્યુઆઈ રીડિંગ ૧૯૮ હતું, જે અસ્વસ્થ કેટેગરીમાં આવે છે.**

## પ્રદૂષણ અંગેના રિયલ ટાઈમ વૈશ્વિક રેન્કિંગમાં દિલ્હીમાં હવાની ગુણવત્તાનું સ્તર બદલાતું રહ્યું

ત્રિપુરાનું અગરતલા એક્યુઆઈ ૧૮૧ સાથે ચોથા સ્થાને હતું. ટોપ ૨૦માં સામેલ અન્ય ભારતીય શહેરોમાં રાજસ્થાનના પાલી અને ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરનો સમાવેશ થાય છે, બંનેમાં એક્યુઆઈ ૧૭૪ નોંધાયો . મધ્ય પ્રદેશના બુરહાનપુરમાં પણ એક્યુઆઈ ૧૭૪ હતો, જ્યારે હરિયાણાના રોહતકમાં ૧૭૨. રાજસ્થાનના કોટામાં ૧૭૦, મુંબઈમાં ૧૬૭, હાપુરમાં ૧૬૬, હિસારમાં ૧૬૫, બીકાનેરમાં ૧૬૫ અને બરેલીમાં ૧૬૪ નોંધાયા હતા. આ રીડિંગ્સે ભારતના આ શહેરોને વિશ્વના સૌથી પ્રદૂષિત શહેરી વિસ્તારોમાં મૂકી દીધા છે.

ઈન્ડોનેશિયાના અનેક શહેરો પ્રદૂષિત શહેરોમાં ટોચની નજીક હતા. મધ્ય કાલિમંતાનના પલંગકરાયા પ્રથમ સ્થાને રહ્યું, જે યુએસ એક્યુઆઈ ૨૪૨ સાથે ગંભીર કેટેગરીમાં આવે છે. પલેમ્બાંગમાં ૨૦૭ નોંધાયો, જે પણ ગંભીર કેટેગરીમાં છે. સામ્પિત અને જામ્બી અનુક્રમે ૧૮૦ અને ૧૭૬ એક્યુઆઈ સાથે પાંચમા અને છઠ્ઠા સ્થાને રહ્યા. મલેશિયાના પુત્રજયા, કુઆલા લમ્પુર અને પેટાલિંગ જયા પણ ટોપ ૨૦માં સામેલ હતા. જોકે દિલ્હી વૈશ્વિક ટોપ ૨૦ શહેરોના રેન્કિંગમાં નહોતું, તેની હવાની ગુણવત્તા રાત્રે બગડી હતી.

રાજધાનીના ઐતિહાસિક એક્યુઆઈ ગ્રાફમાં સોમવારે યુએસ એક્યુઆઈ મહત્તમ ૧૯૧ સુધી પહોંચ્યો હતો, પછી દિવસ દરમિયાન ઘટ્યો. ૧૮ ઓક્ટોબરે સાંજે ૫:૦૧ વાગ્યે લઘુત્તમ ૧૨૬ નોંધાયો હતો.

દિલ્હીનો એક્યુઆઈ સવારની ટોચથી ઘટીને ૧૯ ઓક્ટોબરની બપોરે ૧૩૦ના આંકડા સુધી આવ્યું. આ રીડિંગ્સ દર્શાવે છે કે હવા પ્રદૂષણ શહેરો અને કલાકો વચ્ચે કેટલું બદલાઈ શકે છે. વાસ્તવિક સમયની રેન્કિંગમાં કોઈ શહેરની સ્થિતિ માત્ર એક સ્નેપશોટ છે અને હવામાનની સ્થિતિ, ઉત્સર્જન અને વાતાવરણીય પરિભ્રમણ બદલાતાં તે બદલાઈ શકે છે. એક્યુઆઈ.ઈન રેન્કિંગ યુએસ એર ક્વૉલિટી ઈન્ડેક્સનો ઉપયોગ કરે છે, જેમાં ૧૫૧થી ૨૦૦ વચ્ચેના રીડિંગ્સ અસ્વસ્થ કેટેગરીમાં આવે છે, જ્યારે ૨૦૦થી ઉપરના મૂલ્યો ખૂબ અસ્વસ્થ અથવા ગંભીર પ્રદૂષણ દર્શાવે છે. કોઈ શહેર વૈશ્વિક રેન્કિંગમાંથી બહાર હોય ત્યારે પણ ઊંચું પ્રદૂષણ સ્વાસ્થ્ય માટે જોખમ ઊભું કરી શકે છે. ખાસ કરીને બાળકો, વૃદ્ધો અને શ્વસન અથવા હૃદય-રક્તવાહિની સમસ્યાવાળા લોકો માટે જોખમ વધી શકે છે.

<u>કર્ણાટક અને આંધ્ર પ્રદેશના ઘણાં વિસ્તારોમાં દુષ્કાળ જાહેર</u>

# દક્ષિણ ભારતમાં નૈઋત્યનું ચોમાસુ નિષ્ફળ જતા પાણીની અછત સર્જાઈ

નવી દિલ્હી, તા.૧૯

**દક્ષિણ ભારતના જળાશયોમાં જળસંગ્રહ ઓછો થયો હોવાથી આગામી મહિનાઓમાં કૃષિ, પેય જળ અને વીજળી ઉત્પાદન વિગેરે માટે સમસ્યા ઊભી થશે. દક્ષિણ ભારત જૂનથી સપ્ટેમ્બર દરમિયાન સાઉથ વેસ્ટ મોન્સૂન અને ઓક્ટોબર ડિસેમ્બર દરમિયાન નોર્થ ઈસ્ટ મોન્સૂન પર નિર્ભર છે. આ નોર્થ ઈસ્ટ મોન્સૂન તમિલનાડુ, પુડુચેરી, આંધ્ર પ્રદેશના સાગરી કાંઠાઓનો કેટલોક હિસ્સો અને કર્ણાટકના દક્ષિણ ભાગમાં પડે છે. સાઉથવેસ્ટ મોન્સૂન (નૈરુત્યનું ચોમાસુ) અને નોર્થ ઈસ્ટ મોન્સૂન (પૂર્વોત્તર ચોમાસુ) આમ બે વાર દ.ભારતના ઘણાં વિસ્તારોમાં વરસાદ પડે છે.**

## પીવાના પાણીની અછત અને પાકની નિષ્ફળતા જેવી સમસ્યાઓ ઉભી થઈ

ચોમાસા પછી જળાશયોમાં સંગ્રહ થયેલા પાણીનો ઉપયોગ સિંચાઈ, ઘરમાંની જરૂરતો અને વીજળી ઉત્પાદન માટે કરવામાં આવે છે. પાણીની ડિમાન્ડ, ભૂજળની ઉપલબ્ધતા અને હવે પછી વરસાદ પડશે તેના આધારે વિવિધ ક્ષેત્રના જળસંકટની ગંભીરતા જણાશે. આંધ્ર પ્રદેશના સોમશિલા જળાશયમાં કુલ ક્ષમતાના ફક્ત ૨૨.૦૫ ટકા, શ્રી શૈલમમાં ૩૩.૬૪ ટકા, તમિલનાડુના મેટ્ટુરમાં ૩૨.૪૯ ટકા, કેરળના ઈડ્ડુકીમાં ૧૦.૬૨ ટકા, કર્ણાટકના ઘટપ્રભામાં ૨૨.૫૬ ટકા અને તુગભદ્રામાં ૨૨.૫૪ ટકા છે. કેરળના શોલાયારમાં ૨૩.૬૨ ટકા અને પેરિયારમાં ૪૬.૪૩ ટકા જળસંગ્રહ થયો છે. કાવેરી નદી બેસિનમાં જળસંગ્રહની કુલ ક્ષમતામાં ૬૦.૫૦ ટકા અને પેન્નાર બેસિનમાં ૭૨.૩૨ ટકા જળસંગ્રહ ઓછો થયો છે.

કૃષ્ણા બેસિનમાં સામાન્યથી ૩૨.૫૯ ટકા ઓછો સંગ્રહ થયો છે. પેન્નારથી કન્યાકુમારી સુધી વહેતી નદીઓ અને તાદરીથી કન્યાકુમારી સુધી વહેતી નદીઓના બેસિનમાં પાણીનો જળસંગ્રહ ઓછો થયો છે. ઈન્ડિયા મિટિઓરોલોજિકલ ડિપાર્ટમેન્ટ (આઈએમડી- ભારતીય હવામાન વિભાગ)ના આંકડા દર્શાવે છે ૧ જૂન અને ૩૦ સપ્ટેમ્બર વચ્ચે કર્ણાટકમાં વરસાદની અછત ૩૦ ટકા અને આંધ્ર પ્રદેશમાં ૨૫ ટકા નોંધાઈ હતી. કર્ણાટકના અંતરિયાળ વિસ્તારોમાં અને આંધ્ર પ્રદેશના રાયલસી ક્ષેત્રમાં વરસાદની અછતની ગંભીર અસર થઈ છે.


## જાહેર નોટિસ

જત ડિસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડિસ્ટ્રીક્ટ અને તાલુકા સાણંદના ગામ મોજે ચેખલાની સીમના (જુના બ્લોક નંબર - ૨૫૩ પૈકી, ૩૧૯ પૈકી, ૩૨૧, ૩૨૨ પૈકી, ૩૨૩ પૈકી, ૩૨૪ પૈકી, ૨૫૬ પૈકી) એકત્રીત બ્લોક નંબર - ૩૨૧ વિગેરેની જમીન ઉપર આવેલ સિલ્વર સ્પ્રિંગસ ના નામથી ઓળખાતી યોજનામાં આવેલ પ્લોટો પૈકી સબ પ્લોટ નંબર - ૧૨૩ ની ૪૧૨.૨૪ ચોરસમીટર ના ક્ષેત્રફળની રહેણાંકના હેતુ માટેની બિનખેતીની જમીન જવલંતભાઈ વોહરા એચ.યુ.એફ. નામે આવેલ એચ.યુ.એફ. ના કર્તા જવલંતભાઈ વોહરા નુ તા.૧૩-૧૨-૨૦૧૫ના રોજ અવસાન થતા નામદાર કોર્ટના વારસાઈ પ્રમાણપત્રના આધારે નયનાબેન જવલંતભાઈ વોહરા એ તેઓની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની તમામ પ્રકારના બોજા મુક્ત આવેલ હોવાનું જણાવીને સદર જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને આ અંગે અમારા અસીલએ અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સ સર્ટિફીકેટની માંગણી કરેલ છે.

સદરહુ જમીન ઉપર કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, દાવો, લાગભાગ, લીઝ, ગીરો કે બોજો હોય તો તે અંગેના લેખિત પુરાવા સાથે અમોને દિન-૭ (સાત)માં નીચેના સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો બોજો કે હક્ક દાવા કે અધિકાર નથી અને જો હોય તો તે તમામ જતા કરેલ છે તેમ સમજીને અમો સદરહુ જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશું. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી. જેની નોંધ લેવી.

અમદાવાદ. તા. ૨૦-૧૦-૨૦૨૬.

**મુકેશ જી.પંડ્યા, એડવોકેટ**
૪૦૩, વિશ્વનાથ નોર્થ વ્યુ, એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજની સામે, સેંટ ઝેવિયર્સ કોલેજની પાસે, નવરંગપુરા, અમદાવાદ.
Office.:98258 09777
Mob. : 98259 09777

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે,રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા બાવળાના ગામ મોજે દુર્ગી ની સીમના નવા સર્વે નંબર-૨૬૪(જુના સર્વે/બ્લોક નંબર-૧૪૩)ની કુલ ૨૮૮૮૨ ચોરસમીટર તથા નવા સર્વે નંબર-૨૬૬(જુના સર્વે / બ્લોક નંબર-૧૪૪)ની કુલ ૩૦૩૦૨ ચોરસમીટર ખેતીની જમીન હેમુભાઈ કાળુભાઈ, મધુ ભાઈ કાળુભાઈ, મપારામ ભાઈ કાળુભાઈ,બુટાભાઈ કાળુભાઈ, સાગરભાઈ ધરમશીભાઈ, સમજુબેન તે પોપટભાઈની વિધવા પત્ની,દીલુભાઈ પોપટભાઈ,વશીબેન પોપટભાઈ તથા લાભુભાઈ પોપટભાઈએ તેઓની સંપુર્ણપણે સંયુક્ત, માલિકી, કબજા, ભોગવટાની તમામ બોજા રહીત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ,હક્ક,હીત,હીસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત)માં અમોને તે બદલના જરૂરી પુરાવાઓ સહીત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ,હક્ક, હીત,હીસ્સો,દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ માનીને અમો સદરહુ જમીનનું ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.

તારીખ-૨૦/૧૦/૨૦૨૬

**કૌશિક.જી.પટેલ**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**(બી.એસ.સી.,એલ.એલ.બી.)**
ઓફીસ :-૧૨,બીજો માળ, જે. બી. આર.આર્કેડ,આર.કે.રોયલ હોલની બાજુમાં, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
મો.નં.૯૮૨૪૬૭૮૭૬૯

## જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૮ (સોલા) ના તાલુકે ઘાટલોડીયા ના મોજે ગામ સોલાની સીમના એકત્રિત રેવન્યુ સરવે નં.૪૪૭ યાને ટી.પી. સ્કીમ નં.૪૨ ના ફાઈનલ પ્લોટ નં.૫૮/૧ અને ૫૮/૨ ની બીનખેતીની જમીનમાં બાંધવામાં આવેલ 'સપ્તક બંગલોઝ' એ નામની યોજનામાં આવેલ રહેણાંકના પ્લોટ / બંગલોઝ ટાઈપની મિલકતો પૈકી સબ પ્લોટ / બંગલા નં.૩૩ ની આશરે ૨૧૦ ચો.મી. યાને ૨૫૧ ચો.વાર જમીનમાં આશરે ૧૪૫.૭૮ ચો.મી. (એ.એમ.સી. ના ટેક્ષ બીલ મુજબ) ના બાંધકામવાળી મિલકત તથા યોજનાની જમીનમાં પોષાતા વગર વહેંચાયેલ જમીનના હકક હિસ્સા સહિતની મિલકત (૧) અરૂણાબેન રસિકભાઈ રાવલ (૨) કલ્પન રસિકભાઈ રાવલ તથા (૩) કેતકી તે રસિકલાલ રાવલ પુત્રી અને સંજયકુમાર રાવલના પત્ની ની કુલ સંયુકત માલિકી કબજા ભોગવટાની આવેલ છે અને અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલ છે તેમ જણાવી અમારી પાસે ટાઈટલ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જે અંગે બીજા કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો, બોજો કે અલાખો હોય તો દિન-૭ માં રજી.એ.ડી.પોસ્ટથી પુરાવા સહિત લેખિત જાણ કરવી, નહીં તો તેઓએ પોતાનો હક્ક, હિત, હિસ્સો જતો કરેલ છે તેમ માની ટાઈટલ કલીયર સર્ટીફીકેટ અંગેની કાર્યવાહી કરવામાં આવશે. જેની સર્વેએ નોંધ લેવી.

તા.૧૯/૧૦/૨૦૨૬
સ્થળ: અમદાવાદ

**મારી મારફતે,**
**મહેન્દ્રસિંહ બી. સિસોદીયા (એડવોકેટ)**
**(મો) ૯૮૨૫૩૮૨૬૨૫**
બી/૨૨, રૂતુરાજ સોસાયટી, સુભાષ ચોક પાસે, ગુરૂકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨.

## જાહેર નોટિસ

આથી અમો એડવોકેટશ્રી એમ.એસ.કાઝી તે અમારા અસીલ નિર્ભયનગર કો.ઓ.હા.સો.લિ. રજીસ્ટ્રેશન નં.ઘ-૬૪૧ ના ચેરમેન-સેક્રેટરીની સુચના અને ફરમાઈશથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે- ડીસ્ટ્રીકટ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૫(નારોલ), મણીનગર તાલુકાના મોજે દાણીલીમડાના સ.નં.૨૦/૨, ટી.પી.સ્કીમ નં.૩૭, ફા.પ્લોટ નં.૮૩, સેકટર-૨ માં આવેલ નિર્ભયનગર કો.ઓ.હા.સો.લિ.રજીસ્ટર્ડ નં.ઘ-૬૪૧ ના ટેનામેન્ટ નં.૧૧-બી વાળી મીલકત મુળ એલોટી મેમ્બર શાંતાબેન કાંતિલાલ સોની હતા. તેઓને સોસાયટીના શેર નં.૨૪૬ થી ૨૫૦ ઈસ્યુ કરેલા અને ઓરીજીનલ શેર સર્ટીફીકેટ તેમને આપવામાં આવેલ. શાંતાબેન કાંતિલાલ સોની તા.૧૫-૯- ૨૦૦૪ ના રોજ અવસાન પામેલા છે અને તેમને આપેલ શેર સર્ટીફીકેટ ભુલથી અને શરતચુકથી ખોવાઈ ગયેલ છે અને ઘણી શોધખોળ કરતા મળી આવતુ નથી તેમ જણાવેલ. તેમના વારસો પૈકી ભુપેન્દ્ર કાંતિલાલ સોની અને સુદીપ વ્રજવલ્લભ સોનીએ સોસાયટીમાં ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ મેળવવા અરજી કરેલ છે. સદરહુ વારસદારોને ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ આપવા સામે કોઈને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં સોસાયટીના ચેરમેન-સેક્રેટરીને તથા અમો એડવોકેટશ્રીને લેખિતમાં વાંધા તકરારો મોકલી આપવા. જો કોઈ વાંધા તકરાર નહીં આવે તો તેઓને ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ કાઢી આપવામાં આવશે. ત્યારબાદ કોઈનો વાંધો કે તકરાર ચાલશે નહીં તેની નોંધ લેશો.

અમદાવાદ તા:-૨૦-૧૦-૨૦૨૬
ચેરમેન/સેક્રેટરીની સહી
(નિર્ભયનગર કો.ઓ.હા.સો.લિ.)
શાહઆલમ ટોલનાંકા, દાણીલીમડા, અમદાવાદ

**મારી મારફતે**
**(એમ.એસ. કાઝી) એડવોકેટ**
8/A, Nirbhaynagar Co.op. Hou. Society Ltd. Shahalam, Ahmedabad-28

## જાહેર નોટિસ

જત ડિસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડિસ્ટ્રીક્ટ અને તાલુકા સાણંદના ગામ મોજે રેથલની સીમના એકત્રીત સર્વે/બ્લોક નંબર - ૨૨૦ ( સર્વે નંબર - ૧૨૭, ૨૧૨, ૨૧૮, ૨૧૯, ૨૨૧, ૨૨૪, ૨૩૧, ૨૩૭, ૨૬૪, ૨૬૮, ૨૭૪, ૨૯૨, ૨૯૫, ૩૯૮, ૪૦૦, ૪૧૦, ૪૧૧, ૪૧૫, ૪૧૬, ૪૧૭, ૪૨૩, ૪૨૪) વિગેરેની રહેઠાણના હેતુવાળી બીનખેતીની જમીન ઉપર મુકવામાં આવેલ પ્લોટીંગની સ્કિમ જે સુરમ્ય એબોડ તરીકે ઓળખાય છે. તેમાં આવેલ સબ પ્લોટ નંબર - એઈ - ૨૩ ની ૫૩૩ ચોરસવાર (એલોટમેન્ટ લેટર મુજબ - ૫૭૦ ચોરસવાર સુપર એરિયા)ની રહેણાંકના હેતુની બીનખેતીની જમીન અંકીત અક્ષયકુમાર મર્ચન્ટ તથા અવની અંકીત મર્ચન્ટ એ તેઓની સંયુક્ત માલીકી કબજા ભોગવટાની તમામ પ્રકારના બોજા મુક્ત આવેલ હોવાનું જણાવીને સદર જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને આ અંગે અમારા અસીલએ અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટિફીકેટની માંગણી કરેલ છે. સદરહુ પ્લોટની જમીન ઉપર કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, દાવો, લાગભાગ, લીઝ, ગીરો કે બોજો હોય તો તે અંગેના લેખિત પુરાવા સાથે અમોને દિન-૭ (સાત)માં નીચેના સરનામે રજી. એ.ડી. થી જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો બોજો કે હક્ક દાવા કે અધિકાર નથી અને જો હોય તો તે તમામ જતા કરેલ છે તેમ સમજીને અમો સદરહુ જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરીશું. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી. જેની નોંધ લેવી.

અમદાવાદ. તા. ૨૦-૧૦-૨૦૨૬.

**મુકેશ જી.પંડ્યા, એડવોકેટ**
૪૦૩, વિશ્વનાથ નોર્થ વ્યુ, એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજની સામે, સેંટ ઝેવિયર્સ કોલેજની પાસે, નવરંગપુરા, અમદાવાદ.
Mob. : 98259 09777
Tel – 29600062

## જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા બાવળા મોજે ભાયલાની સીમના ખાતા નં. ૫૯૫ ના બ્લોક/સર્વે નં. ૧૫૩ પૈકી ૧ ની હે-આર-ચો.મી. ૦-૬૫-૮૬ આકાર રૂા.૩.૪૦ વાળી યાને કે ૬૫૮૬ સમ.ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી જુની શરતની પિયત ખેતીની જમીનવાળી મિલકત વનરાજસિંહ રામસંગભાઈ પરમાર ની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની તથા ધી ભાયલા ગ્રુપ સેવા સહકારી મંડળી લી.ના લીધેલ લોનના બોજા સિવાયના, તમામ બોજાઓથી મુકત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. અને તેઓએ સદરહું નંબર અને માપવાળી મિલકત અંગેના ટાઈટલ કલીયર સર્ટીફીકેટની અમારી પાસેથી માંગણી કરેલ છે. જેથી સદરહું મિલકત ઉપર જે કોઈનો હકક, દાવો, લીઝ પેન્ડસી, અલાખો, લાગભાગ, ખોરાકી, પોષાકી, લીયન, બોજો, તકરાર કે ભરણ પોષણનો હક્કદાવો, ઈઝમેન્ટરાઈટ, ચાર્જ, બાનાખતના હકક કે અન્ય કોઈપણ પ્રકારનો, હકક, હીસ્સો કે હીત સંબંધ વિગેરે કાંઈપણ હોયતો તેમણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને દસ્તાવેજી લેખીત પુરાવા સહીત નીચેના સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો મજકુર મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક,હીસ્સો, હીત સંબધ, બોજો, ચાર્જ નથી અને હોય તો તેમણે પોતાનો હકક જતો [Waive] કરેલ છે, તેમ સમજીને ટાઈટલ કલીયર સર્ટીફીકેટ ઈસ્યુ કરી દેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા.૨૦-૧૦-૨૦૨૬.

**R. D. Savalia (Advocate)**
**R Savalia & Co.**
ઓફીસ : રોહિત એસ્ટેટ, ઉજાલા સર્કલની સામે, એસ.જી. હાઈવે, સરખેજ, અમદાવાદ - ૩૮૨૨૧૦.
મો.:૯૮૯૮૦૦૧૭૮૧, ૯૮૯૮૦૧૧૭૮૧

## જાહેર નોટિસ

**મોજે વિસલપુર**

ડીસ્ટ્રીક અમદાવાદ, તાલુકો દશક્રોઈના મોજે ગામ વિસલપુર ની સીમનાં ખાતા નંબર ૨૦૩૩ ના બ્લોક/સર્વે નંબર ૭૭૩ પૈકી ૨ વાળી કુલ ૦-૧૩-૯૬ હે.આરે.ચો.મી. યાને કે ૧૩૯૬ ચો.મી. વાળી જમીન તે બિનખેતી થયા અગાઉ સર્વે નંબર ૭૭૩નો હિસ્સો છે તે સર્વે નંબર ૭૭૩ વાળી સમગ્ર ૨૩૫૯ ચો.મી. જમીનનો સમાવેશ ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નંબર ૪૩૦ માં થતા તેને ફાળવવા માં આવેલ, તે ફાઈનલ પ્લોટ નંબર ૧૨૭ વાળી ૧૩૯૬ ચો.મી. બિનખેતી વાળી જમીન (૧) સંદીપકુમાર જયંતિલાલ પટેલ (૨) મેહુલકુમાર અરવિંદભાઈ પટેલનાઓની સંયુક્ત માલિકી કબજા ભોગવટા ની, બિન બોજા ની તેમજ કાનૂની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસેથી ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાય ની માંગણી કરેલ છે. આથી સદરહુ જમીનમાં કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટ્સ કે અન્ય કોઈપણ પ્રકારનો લાગભાગ, કબજા-હક્ક, હિત, હિસ્સો, દાવો,તકરાર કે બોજો હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી નીચેનાં સરનામે દિન-૧૫ માં લેખિત પુરાવા સહીત રજી.એ.ડી.થી જાણ કરવી જો તેમ કરવામાં નહિ આવે તો મુદત વીત્યે સદરહુ જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો બોજો, હક્ક-દાવો કે અધિકાર રહેલો નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેવું સમજી સદરહુ જમીન નું ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાય નું સર્ટીફીકેટ ઈસ્યુ કરી દઈશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહિ.

અમદાવાદ
તારીખ : ૨૦/૧૦/૨૦૨૬

**જૈમિન રોહિતભાઈ પટેલ, એડવોકેટ**
૩૧૩૫, ત્રીજો માળ, ટી.આર.પી. મોલ, ઈસ્ટ કોર્ટ, બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮.
મો. નં. ૯૭૭૮૬ ૩૨૧૯૯

## જાહેર નોટિસ

આથી જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર સબ ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર ઝોન - ૩ ના તાલુકા ગાંધીનગરના મોજે ગામ ઈસનપુર મોટાની સીમના ખાતા નંબર ૧૨૩૬ ના બ્લોક નંબર ૧૨૯૧ (જુના બ્લોક નંબર ૬૬૪ ના જુના રેવન્યુ સર્વે નંબર ૬૮૪) ની કુલ હે.આરે.ચો.મી. ૦-૨૭-૩૫, આકાર રૂા. ૧.૪૫ પૈસાવાળી ખેતીની જમીન., કપીલાબેન રામાભાઈ પટેલની કુલ સ્વતંત્ર સંયુક્ત માલીકીપણા અને કબજા ભોગવટાની તથા બોજા રહીત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે., અને અમારા અસીલે અમારી પાસે સદર જમીનના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદર જમીન ઉપર કપીલાબેન રામાભાઈ પટેલ એ કોઈપણ બેંક, વ્યક્તિ, પેઢી કે ખાનગી સંસ્થા પાસેથી લોન ધિરાણ મેળવી બોજો ઉત્પન્ન કરેલ નથી કે હાલમાં ચાલુ નથી., તેમજ સદરહુ જમીન અન્ય કોઈપણ ત્રાહિત વ્યકિત શખ્સને લખી આપી ટ્રાન્સફર એસાઈન કરેલ નથી કે સદર જમીનમાં હાલ કોઈપણ જાતની રેવન્યુ તકરારો કે દિવાની તકરારો ચાલતી નથી કે પેન્ડીંગ નથી કે કોઈપણ જાતનું હુકમનામું થયેલ નથી કે મનાઈ હુકમ ચાલુ નથી., તેમજ સદર જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમોને લેખિત પુરાવાઓ સહીત રજી.એ.ડી.થી નીચે જણાવેલ સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વીતે સદર જમીનમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન નથી અને જો હોય તો તે જતો કર્યો છે તેમ સમજી સદર જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે., અને ત્યારબાદ સદર જમીન અમારા અસીલ વેચાણ રાખવા અંગેની કાર્યવાહી હાથ ધરશે., તો ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં, તેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમદાવાદ
તારીખ:- ૧૯/૧૦/૨૦૨૬

**નેહલ એન. શાહ એસોસીએટ્સ**
**સૌરિન રાજેશભાઈ શાહ**
**એડવોકેટ**
૪૦૮, શાંતિમોલ, નવરંગ ટાવર સામે, સાર્થક સ્કુલ પાસે, સત્તાધાર ચાર રસ્તા પાસે, ઘાટલોડીયા, અમદાવાદ.
મો.નં.- ૭૯૮૪૯૩૦૧૩૭

## મણિપુર : મૃતદેહ સાથે CM હાઉસ ખાતે વિરોધ



મણિપુરમાં ફરી હિંસાની ઘટનાઓ સામે આવી છે. બે અલગ-અલગ ઘટનાઓમાં ચાર લોકોનાં મોત થયાં છે, જ્યારે અન્ય ત્રણ લોકો ઘાયલ થયા છે. ત્રણ ગ્રામજનોની કથિત હત્યાના વિરોધમાં રોષે ભરાયેલા સ્થાનિક લોકો બે મૃતદેહો લઈને મુખ્યમંત્રી યુમનમ ખેમચંદ સિંહના ઈમ્ફાલ સ્થિત નિવાસસ્થાને પહોંચ્યા હતા. પોલીસે પ્રદર્શનકારીઓને વિખેરવા ટિયર ગેસના શેલ છોડ્યા હતા.

### ક્રૂડનાં ભાવ ૧૦૦ ડોલર ઊપર રહેતા આયાત બિલ વધ્યું

# ભારતે છ મહિનામાં ક્રૂડ આયાતની પાછળ ૨૯ અબજ ડોલર વધુ ખર્ચવા પડ્યા

નવી દિલ્હી, તા. ૨૭

નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭નાં પ્રથમ છ મહિનામાં ભારતે ક્રૂડ ઓઈલની આયાત પાછળ ૯૦.૬ અબજ ડોલર ખર્ચ કર્યા છે જે ગયા વર્ષનાં સમાન સમયગાળાની સરખામણીમાં ૨૯ અબજ ડોલર વધારે છે.

## એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૬માં ક્રૂડની આયાત માટે ૯૦.૬ અબજ ડોલર ખર્ચ્યા, ગયા વર્ષે ૬૧.૯ અબજ ડોલરનો ખર્ચ થયો

વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલનાં ભાવ વધવાને કારણે આયાતનું પ્રમાણ લગભગ સ્થિર રહેવા છતાં ભારતનું ઉર્જા બિલ ખૂબ જ વધી ગયું છે. પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ (પીપીએસી)નાં આંકડા અનુસાર એપ્રિલ-સપ્ટેમ્બર દરમિયાન ક્રૂડ ઓઈલનું આયાત બિલ ગયા વર્ષનાં ૬૧.૯ અબજ ડોલરથી વધીને ૯૦.૬ અબજ ડોલર થઈ ગયું છે. જ્યારે આયાતનું પ્રમાણ ૧ ટકાથી પણ ઓછું વધીને ૧૨.૨૭ કરોડ ટન રહ્યું છે.

વાસ્તવમાં ભારતે ક્રૂડ ઓઈલની એટલી માત્રામાં જ આયાત કરી છે પરંતુ પ્રતિ બેરલ માટે ખૂબ જ વધારે કીંમત ચુકવી હતી. રૂપિયાનાં હિસાબથી જોઈએ તો દેશમાં ફક્ત છ મહિનામાં ક્રૂડ ઓઈલની આયાત પર ૮.૫૩ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા છે.

પ્રથમ છ મહિનાનું આ બિલ સમગ્ર નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬નાં ૧૨૫.૮ અબજ ડોલરનાં કુલ આયાત બિલનાં લગભગ ૭૨ ટકા છે. જે કીંમતોમાં જોવા મળેલા મોટા ઉછાળાની ગંભીરતાને દર્શાવે છે.

આ વધેલું આયાત બિલ એવા સમયે આવ્યું છે જ્યારે ડોમેસ્ટિક સ્તરે ઇંધણની માંગમાં ઘટાડો જોવા મળ્યો છે. એપ્રિલ-સપ્ટેમ્બર દરમિયાન પેટ્રોલિયમ ઉત્પાદનોની વપરાશ ગયા વર્ષની સરખામણીમાં ૩.૩ ટકા ઘટીને ૧૧.૪૮ કરોડ ટન રહી ગઈ છે. આનાથી સ્પષ્ટ થાય છે કે આયાત પડતરમાં આ ભારે વૃદ્ધિનું મુખ્ય કારણ કીંમતોમાં ઉછાળો હતો ન કે માંગમાં કોઈ ખાસ વૃદ્ધિ જોવા મળી છે.

### હિંસા ભડકાવતી પોસ્ટ-રીલ્સ દૂર કરવા આઈટી મંત્રાલયની તાકીદ

# યુઝર્સને એક જ પ્રકારનું કન્ટેન્ટ આપતા મેટાને અલ્ગોરિધમ રિવ્યૂ કરવા કેન્દ્રનો આદેશ

(પીટીઆઈ) નવી દિલ્હી, તા. ૧૯

દેશમાં પ્રદર્શનો ચાલી રહ્યા છે ત્યારે કેન્દ્રના માહિતી અને પ્રસારણ મંત્રાલયે ફેસબુક-ઈન્સ્ટાગ્રામની કંપની મેટાને કન્ટેન્ટના અલ્ગોરિધમ બાબતે રિવ્યૂ કરવાનો આદેશ આપ્યો છે. મેટાને કહેવાયું કે એક જ તરફી નરેટિવ ધરાવતું કન્ટેન્ટ ન મળે એવું કરો. હિંસા ભડકે તેવું કન્ટેન્ટ દૂર કરવાની ભલામણ પણ આ સાથે કેન્દ્ર સરકારે કંપનીને આપી હતી.

## દેશમાં ચાલતી ઘટનાઓને લગતું કન્ટેન્ટ યુઝર્સને મળે ત્યારે તારીખ, સ્થળ, તથ્ય સહિતના સંદર્ભ આપવા કેન્દ્રનો નિર્દેશ

દિલ્હીમાં જે દિવસે કોકરોચ જનતા પાર્ટીએ પ્રદર્શન શરૂ કર્યું એ જ દિવસે એટલે કે ૧૦મી ઓક્ટોબરે કેન્દ્રના આઈટી મંત્રાલયે મેટાને અલ્ગોરિધમ રિવ્યૂ કરવાની તાકીદ કરી હતી. આ અંગેની જાણકારી હવે જાહેર થઈ છે. કેન્દ્રના આઈટી મંત્રાલયના કહેવા પ્રમાણે જે રીલ્સ કે પોસ્ટથી હિંસા ભડકે તેમ હોય એવી સામગ્રી દૂર કરો. મેટાના પ્લેટફોર્મ્સ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ માટે આઈટી મંત્રાલયે કહ્યું હતુંઃ દેશમાં ઘટનાઓ ચાલતી હોય ત્યારે એક તરફનું નરેટિવ સેટ થાય તેવું કન્ટેન્ટ યુઝર્સને ન મળે તે જરૂરી છે. એક જ પ્રકારના કન્ટેન્ટને બદલે અલ્ગોરિધમની સિસ્ટમ રિવ્યૂકરવી જરૂરી છે. જે સંવેદનશીલ સામગ્રી હોય તેની સાથે ઘટના ક્યારે બની તેની તારીખ, સ્થળ અને તથ્ય પણ બતાવો કે જેથી યુઝર્સ ગેરમાર્ગે ન દોરાય. કેન્દ્રની આ સૂચનામાં કોઈ ઘટના બાબતે ફોડ પાડવામાં આવ્યો ન હતો, પરંતુ તેને પ્રદર્શન સાથે જોડીને જોવામાં આવી રહ્યું છે.

મેટાને કેન્દ્રએ કહ્યું કે કોઈ એક અથવા તો લિમિટેડ સંખ્યા હોય એવા નરેટિવ્સને જરૂરિયાતથી વધારે એક્સપોઝન મળે તે જોવું જોઈએ. આઈટી એક્ટને ટાંકીને કેન્દ્રના આઈટી મંત્રાલયે કંપનીને સમયસર દેશના કાયદાનું પાલન કરવા કહ્યું છે. ઉલ્લેખનીય છે કે અગાઉ ઓગસ્ટ માસમાં પણ કેન્દ્ર સરકારે અલ્ગોરિધમ બાબતે ટેક કંપનીઓ સાથે ચર્ચા કરી હતી. એ વખતે મેટાની ટેકનિકલ ટીમે અલ્ગોરિધમમાં સુધારા કરવાનો પ્લાન કેન્દ્રીય અધિકારીઓ સમક્ષ રજૂ કર્યો હતો. ફરીથી કેન્દ્ર સરકારે મેટાને કન્ટેન્ટના અલ્ગોરિધમ રિકમેન્ડેશન અને રેકિંગ સિસ્ટમના રિવ્યૂની તાકીદ કરી છે.

ગુજરાત સમાચાર
ક્લાસિફાઇડ
ટ્યુકડી જાહેરખબર
CLASSIFIEDS
Call : 8799236001/2/3

પ્રાઇમ પ્રોપર્ટી
ટ્યુકડી જાહેરખબર

સિન્ધુભવન
વેચવાનું છે
Anant Property 8866328010

નરોડા-નિકોલ
વેચવાનું છે
9825399140

આશ્રમરોડ
વેચવાનું છે
9925017777

સાયન્સસીટી
વેચવાનું છે
વેચવાનો છે ફ્લેટ 4 B H K, 5160 ફૂટ SBU, વાસ્તુ મુજબ, ... સાયન્સ સીટી
9909961290

પ્રોપર્ટી જનરલ
વેચવાનું છે
9662769133

આંબાવાડી
વેચવાનું છે
8160469889-9925074211

ગોતા-ચાંદલોડીયા
વેચવાનું છે
વેચવાનો છે ફ્લેટ, 3 B H K, 4th Floor, 185 ચો. વાર, Three Side Open, Road Touch, ... ICB Island, ... ગોતા.
9428007910

વેચવાનો છે પ્લોટ
2,53,000 ચો. વારનો
NA. ક્લિયર માણકોલ
પ્રાઇમ લોકેશન ખાતે
8320418716
9979279458

### સીઈસી જ્ઞાનેશ કુમાર સામે દેખાવોની ટીકા

# વિદેશમાં અભ્યાસ કરતા ૪૦૦ ભારતીય મૂળના વિદ્યાર્થીઓનો ચૂંટણી પંચને ટેકો

વોશિંગ્ટન, તા. ૧૯

ભારતીય મૂળના ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ, રિસર્ચરે ભારતમાં હાલ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે ચાલી રહેલા પ્રદર્શનનો વિરોધ કર્યો હતો. સંયુક્ત નિવેદનમાં આ વિદ્યાર્થીઓએ કહ્યું હતું કે અરાજક્તાથી ભારતને બક્ષી દો. વોટચોરી મુદ્દે હાલ જેન-ઝી અને વિપક્ષના નેતાઓ દ્વારા તાજેતરમાં વિરોધ પ્રદર્શનો થયા હતા. જેને લઈને આ નિવેદન જાહેર કરાયું છે.

## રસ્તા પર ઉતરી પ્રદર્શનો કરનારાઓ ભારતમાં અરાજક્તા ફેલાવવા માગતા હોવાનો પત્રમાં દાવો

વિદેશમાં ૨૭ જેટલા દેશોની યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા એક ખુલ્લો પત્ર જાહેર કરવામાં આવ્યો છે. વોટચોરી, ૧૩ કરોડ મતદારોના નામ યાદીમાંથી દૂર કરવા સહિતના આરોપોથી ઘેરાયેલા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારનો આ પત્ર દ્વારા બચાવ કરવામાં આવ્યો છે. જ્યારે જે લોકો વિરોધ કરી રહ્યા છે તેમની ટિકા કરવામાં આવી છે. સ્પેર ઈન્ડિયા ફ્રોમ એનર્કી ટાઈટલ સાથે આ પત્ર જાહેર કરવામાં આવ્યો છે.

આ પત્રમાં જાહેરમાં રસ્તાઓ પર વિરોધ પ્રદર્શનોનો પણ વિરોધ કરવામાં આવ્યો છે એટલુ જ નહીં આ પ્રદર્શનોને અરાજક સ્ટ્રીટ પ્રોટેસ્ટ નામ પણ આપવામાં આવ્યું છે. સાથે જ દાવો કરવામાં આવ્યો છે કે તાજેતરનો વિરોધ લોકશાહી પ્રક્રિયા સામે થઈ રહ્યો છે. પત્રમાં વિદ્યાર્થીઓ, રિસર્ચર્સે કહ્યું છે કે લોકશાહીને બચાવવાના નામે લોકશાહીનો જ વિરોધ થઈ રહ્યો છે. મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી પંચ બન્નેનો આ પત્ર દ્વારા બચાવ કરવામાં આવ્યો છે. અમેરિકા, કેનેડા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા, જર્મની, ફ્રાન્સ, જાપાન વગેરે દેશોમાં અભ્યાસ કરતા ભારતીય મૂળના વિદ્યાર્થીઓ દ્વારા આ પત્ર જાહેર કરાયો છે. તાજેતરમાં બ્રિટનમાં પણ જ્ઞાનેશ કુમાર સામે દેખાવો થયા હતા.

### હુથીઓએ યમન સૈન્ય મથક પર ત્રણ મિસાઈલો છોડી

# હુથીઓનો યમનના સૈન્ય પર સૌથી મોટો હુમલો, ૫૩ સૈનિકોના મોત

સના, તા. ૧૯

હુથીઓએ યમનમાં સરકાર સમર્થક સૈન્યના કેમ્પ પર હુમલો કર્યો હતો જેમાં ૫૦થી વધુ સૈનિકો માર્યા ગયા હતા. યમન સૈન્યએ કહ્યું હતું કે તાજેતરમાં સૈનિકો પરનો આ સૌથી મોટો હુમલો છે. બળવાખોર જુથ યમને શબવા પ્રાંતમાં અલ આલમ સૈન્ય કેમ્પ પર મિસાઈલ છોડી હતી. જેમાં આ મોટી જાનહાની થઈ હતી.

## સાઉદી અને યમનના સંયુક્ત ઓપરેશન વચ્ચે હુથીઓ દ્વારા કરાયેલા હુમલામાં ૨૦૦થી વધુ સૈનિકો ઘાયલ

હુથીઓએ યમનના સૈન્ય કેમ્પ પર સોમવારે ત્રણ મિસાઈલો છોડી હતી, શરૂઆતના સમયમાં આ હુમલાનો મૃત્યુઆંક ૨૦ હોવાનું જાહેર કરાયું હતું, જોકે અનેક સૈનિકો ઘાયલ થયા હોવાથી મૃત્યુઆંક વધ્યો હતો અને ૫૦ને પાર જતો રહ્યો હતો. જ્યારે ઘાયલોની સંખ્યા પણ ૨૦૦થી પણ વધુ છે. હુથીઓ દ્વારા યમનમાં સૈનિકો પર અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો માનવામાં આવે છે. ઈરાન હાલ હુથીઓને સાથ આપી રહ્યું છે, જેને પગલે હુથીઓ યમનની સાથે સાઉદીમાં પણ મિસાઈલ હુમલા કરી રહ્યા છે. ગયા મહિને જ હુથીઓએ યમનના મહત્વપૂર્ણ પ્રાંત પર કબજો કરી લીધો હતો જેમાં રેડ સીના કિનારાનો પણ સમાવેશ થાય છે. યમનને હાલ સાઉદી અરબ દ્વારા સમર્થન મળી રહ્યું છે, બન્નેએ મળીને હુથીઓ સામે મોટું ઓપરેશન લોન્ચ કર્યું છે, જોકે હુથીઓને નુકસાન પહોંચાડે તે પહેલા જ હુમલો થઈ ગયો જેમાં અનેક સૈનિકો માર્યા ગયા છે જ્યારે ઘાયલોની સંખ્યા પણ વધી છે. તાજેતરમાં જ હુથીઓએ સાઉદીના રિયાદના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર હુમલો કર્યો હતો, સાથે જ ઓઈલ કંપનીને પણ નિશાન બનાવવામાં આવી રહી છે.

### ઈલોન મસ્કે એક્સ પર જાહેરાત કરી

# મસ્ક અમેરિકાનાં દરેક બાળકને સ્પેસ એક્સનો એક શેર આપશે

વોશિંગ્ટન, તા. ૧૯

ટેસ્લાનાં સીઈઓ ઈલોન મસ્કે અમેરિકાનાં બાળકો માટે એક મોટી જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું હતુ કે આગામી વર્ષે અમેરિકાનાં દરેક બાળકને તેમની કંપની સ્પેસ એક્સનો એક શેર આપવામાં આવશે.

## ૨૦૨૪માં અમેરિકામાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોની સંખ્યા ૭.૩૧ કરોડ હતી

મસ્કનાં આ નિવેદન પછી હવે આ યોજના અંગે ચર્ચા શરૂ થઈ ગઈ છે. મસ્કે ૧૯ઓક્ટોબરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટ દ્વારા આ માહિતી આપી હતી. ૧૯ ઓક્ટોબરે એક્સ પર એક પોસ્ટમાં મસ્કે લખ્યું છે કે આગામી વર્ષે હું અમેરિકાનાં દરેક બાળકને મારી પાસેથી સ્પેસ એક્સનો એક શેર આપીશ. ૧૬ ઓક્ટોબરનાં રોજ સ્પેસ એક્સનાં શેરનો ભાવ ૧.૭૪ ટકાનાં ઘટાડા સાથે ૧૪૬.૦૩ ડોલરની સપાટીએ બંધ રહ્યો હતો. છેલ્લા બે મહિનામાં શેરની કીંમત ૧૪૫થી ૧૬૫ ડોલરની વચ્ચે રહી છે.

હાલમાં મસ્ક પાસે સ્પેસએક્સનાં ૪.૮ અબજ શેર છે. જો અનવેસ્ટેડ એવોર્ડ્સ અને સ્ટોક ઓપ્શનને પણ તેમાં સામેલ કરવામાં આવે તો આ આંકડો ૬.૪ અબજ થઈ જશે. જે કંપનીનાં ૪૮.૪ ટકા હિસ્સાની બરાબર છે. યુએસ સેન્સસ બ્યુરો અનુસાર ૨૦૨૪માં અમેરિકામાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોની સંખ્યા ૭.૩૧ કરોડ હતી.

જો દરેક બાળકને સ્પેસ એક્સનો એક શેર આપવામાં આવે અને તેનો ભાવ ૧૪૬.૦૩ ડોલર ગણવામાં આવે તો કુલ ખર્ચ ૧૦.૭ અબજ ડોલર થશે. ઈલોન મસ્કની નેટવર્થ ૯૦૮.૫ અબજ ડોલર છે. આ હિસાબે બાળકોને શેર આપવા પર થનાર ખર્ચ તેમની કુલ સંપત્તિનાં લગભગ ૧ ટકા કે તેનાથી વધારે થશે.

### ચેટજીપીટી હવે માણસો જેવા દેખાતા રોબોટ બનાવશે

# ઓપનએઆઈના હ્યુમનોઈડ રોબોટઃ ભવિષ્યની ટેકનોલોજી

નવી દિલ્હી, તા.૧૯

ઓપનએઆઈ હવે આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ (એઆઈ) સાથે માનવ જેવા દેખાતા રોબોટ વિકસાવવાની દિશામાં આગળ વધી રહી છે. કંપનીના સીઈઓ સેમ ઓલ્ટમેનના સંકેતો અનુસાર વર્ષ ૨૦૨૭માં આ હ્યુમનોઈડ રોબોટનો ડેમો રજૂ થઈ શકે છે. જો કે, તેનો અર્થ એ નથી કે રોબોટ બજારમાં વેચાણ માટે ઉપલબ્ધ થઈ જશે. તેની લોન્ચ તારીખ, કિંમત અને વિશેષતાઓ વિશે હજી સત્તાવાર વિગતો જાહેર નથી કરાઈ.

## ૨૦૨૭માં ડેમોની સંભાવના, ઓપનએઆઈ ઉપરાંત ટેસ્લા સહિત અન્ય કંપનીઓ પણ સ્માર્ટ રોબોટ્સની રેસમાં

માનવ જેવા રોબોટ બનાવવાનો મુખ્ય હેતુ તેમને આપણા રોજિંદા વાતાવરણમાં કામ કરવા સક્ષમ બનાવવાનો છે. ઘરો, ઓફિસો અને કારખાના મોટાભાગે માનવીની શારીરિક રચનાને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યા છે. તેથી, માનવ જેવી રચના ધરાવતા રોબોટ દરવાજા ખોલવા, દાદર ચઢવા અને સામાન ઉપાડવા જેવા કાર્યો સરળતાથી કરી શકે છે. આ ટેકનોલોજીનો ઉપયોગ ભવિષ્યમાં અનેક ક્ષેત્રોમાં થઈ શકે છે. માત્ર માનવ જેવું શરીર હોવું પૂરતુ નથી, રોબોટમાં આસપાસની પરિસ્થિતિ સમજવાની અને યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતા પણ જરૂરી છે. ઓપનએઆઈ પોતાની એઆઈ ટેકનોલોજીનો ઉપયોગ કરીને રોબોટને વસ્તુઓ ઓળખવા, તેમને ઉપાડવાની યોગ્ય રીત સમજવા અને સૂચનાઓ અનુસાર કામ પૂર્ણ કરવા સક્ષમ બનાવી શકે. આવી બુદ્ધિશાળી કાર્યપદ્ધતિથી રોબોટ માત્ર પૂર્વનિર્ધારીત આદેશોનું પાલન કરવાની બદલે પરિસ્થિતિ મુજબ કાર્ય કરી શકશે.




### એર ઓસ્ટ્રિયાની ફ્લાઈટનું બુલ્ગેરિયામાં ઈમરજન્સી લેન્ડિંગ

# ઈઝરાયલથી વિએના જતી ફ્લાઈટને બોમ્બથી ઉડાવવાની ધમકીથી ખળભળાટ

સોફિયા, તા. ૧૯

ઈઝરાયલથી ઓસ્ટ્રિયાના વિએના જવા નીકળેલી ફ્લાઈટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં મુસાફરો, એરલાઈન્સ અને સરકારોના જીવ તાળવે ચોંટ્યા હતા. તાત્કાલિક ઈમરજન્સી લેન્ડિંગનો નિર્ણય લેવાયો હતો ને વિમાન સફળતાથી લેન્ડ થાય તે માટે બુલ્ગેરિયાનું વાયુસેનાનું વિમાન તૈનાત થયું હતું. આખી ઘટનાની તપાસનો આદેશ આપવામાં આવ્યો છે.

## વિમાન રોમાનિયાની હદમાં હતું ત્યારે ધમકી મળતાં દોડધામ બુલ્ગેરિયાનાં વાયુસેનાના વિમાને એરસ્પેસમાં સુરક્ષા આપી

ઓસ્ટ્રિયાની એરલાઈન્સનું વિમાન ઈઝરાયલથી વિએના જવા નીકળ્યું હતું. વિમાનમાં ૫૧ પેસેન્જર્સ અને છ ક્રુ મેમ્બર્સ હતા. વિમાન ઈઝરાયલના તેલ અવીવથી ટેક ઓફ થયું હતું ને રોમાનિયાની એર સ્પેસમાં પહોંચ્યું તે વખતે ક્રૂ મેમ્બર્સને ધમકી મળી કે વિમાનને બોમ્બથી ઉડાવી દેવામાં આવશે. આ ધમકી પછી તુરંત એર ટ્રાફિક કંટ્રોલરનો સંપર્ક કરવામાં આવ્યો હતો. એરલાઈન્સની સૂચના બાદ વિમાનને નજીકના દેશ બુલ્ગેરિયામાં લેન્ડ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. બુલ્ગેરિયન એરપોર્ટ ઓથોરિટીએ લેન્ડિંગની પરવાનગી આપવાની સાથે સાથે બુલ્ગેરિયાના ઉડ્ડયન મંત્રાલયે તુરંત વાયુસેનાનું વિમાન તૈનાત કર્યું હતું. વાયુસેનાનું વિમાન ઓસ્ટ્રિયન એરલાઈન્સના વિમાનને એસ્કોર્ટ કરવા ઉડ્યું હતું અને સલામત રીતે વિમાનનું લેન્ડિંગ કરાવાયું હતું.

ઈમરજન્સી લેન્ડિંગની ઘટના બાદ તુરંત આખાય વિમાનની તપાસ થઈ હતી. પ્રાથમિક તપાસમાં વિમાનમાંથી કોઈ શંકાસ્પદ ચીજ મળી ન હતી. એરબસ એ૩૨૦ વિમાનને કોણે ધમકી આપી અને તે પાછળ ક્યા કારણો જવાબદાર હતા તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. ફ્લાઈદુબઈની ઘટના બાદ હવે વિમાની સુરક્ષાને લઈને ઈઝરાયલની સરકાર વધારે સતર્ક થઈ છે. ઈઝરાયલની સરકારે આ ધમકી બાદ પણ તુરંત તપાસ શરૂ કરી છે અને એરલાઈન્સને રિપોર્ટ રજૂ કરવા જણાવાયું છે.

### વૉકિંગ એક્સકેવેટર અને ડ્રેજિંગ મશીનરી પણ નિયંત્રણ હેઠળ

# ચીને ભારતમાં મશીનરીની નિકાસ પર નિયંત્રણો નાખ્યાં, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ ખોરવાશે

બેઈજિંગ, તા. ૧૯

ચીને ભારતના માળખાગત વિકાસ માટે મહત્ત્વપૂર્ણ ગણાતાં ટનલ બોરિંગ મશીનો (ટીબીએમ) સહિતનાં કેટલાંક સાધનોની નિકાસ પર નવાં નિયંત્રણો જાહેર કર્યા છે. ચીનના વાણિજ્ય મંત્રાલય (એમઓએફસીઓએણ)એ જણાવ્યું કે આ પગલાં રાષ્ટ્રીય સુરક્ષા અને હિતોના રક્ષણ માટે લેવામાં આવ્યાં છે. નવા નિયંત્રણો ૧૮ નવેમ્બરથી અમલમાં આવશે.

## ટનલ બોરિંગ મશીનો સહિતનાં સાધનો માટે લાઈસન્સ ફરજિયાતત ૧૮ નવેમ્બરથી નવા નિયમો અમલી બનશે

આ નિર્ણયથી ભારતમાં ભૂગર્ભ મેટ્રો રેલવે, હાઈ-સ્પીડ રેલવે અને સરહદી વિસ્તારોમાં ટનલ નિર્માણ જેવા પ્રોજેક્ટ્સ પર અસર થવાની શક્યતા છે. ચીને અગાઉ પણ ભારતને ટીબીએમની નિકાસ પર નિયંત્રણો લાદ્યાં હતાં. વર્ષ ૨૦૨૪માં વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે જર્મનીના તત્કાલીન વાઈસ ચાન્સેલર રોબર્ટ હાબેક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ચીનમાં ટીબીએમ બનાવતી જર્મન કંપનીને ભારત માટે નિકાસની મંજૂરી આપવામાં આવી રહી નહોતી.

ચીનના નવા નિયમોમાં દુર્ગમ ભૂપ્રદેશમાં કામ કરતાં વૉકિંગ એક્સકેવેટર અને ઊંચા પર્વતીય વિસ્તારોમાં ઉપયોગમાં લેવાતાં વેટ શૉટક્રીટ મશીનોનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત, ચોક્કસ તકનીકી માપદંડો ધરાવતા ડ્રેજિંગ સાધનો, સ્લરી પંપ, ડ્રેગહેડ અને કટરહેડની નિકાસ પર પણ નિયંત્રણો લાગુ પડશે. સંબંધિત વસ્તુઓની નિકાસ કરવા માટે વેપારીઓએ ચીનના વાણિજ્ય મંત્રાલય પાસેથી લાઈસન્સ મેળવવું પડશે. કસ્ટમ્સની ઘોષણામાં નિયંત્રિત વસ્તુઓના દ્વિ-ઉપયોગી નિકાસ નિયંત્રણ કોડ દર્શાવવા પણ ફરજિયાત રહેશે. જો જાહેર કરાયેલી માહિતી અંગે શંકા ઊભી થાય, તો કસ્ટમ્સ અધિકારીઓ વધુ તપાસ કરી શકશે અને તપાસ દરમિયાન માલની નિકાસ અટકાવી શકાશે.

દરમિયાન, ચીને શુક્રવારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, બાયોટેક્નોલોજી અને સોલર ઊર્જા સહિતનાં ક્ષેત્રોની ૧૪ ટેક્નોલોજી પર નવાં નિકાસ નિયંત્રણો લાદવા માટે મુસદ્દો પણ જાહેર કર્યો હતો. આ પગલાં વૈશ્વિક ટેક્નોલોજી સ્પર્ધા અને ચીનની ટેક્નોલોજી પર નિર્ભર દેશો માટે મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. ભારત માટે આ નિર્ણયથી મશીનરીની ખરીદી, સ્પેરપાર્ટ્સની ઉપલબ્ધતા અને કેટલાક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના સમયપત્રકમાં અનિશ્ચિતતા ઊભી થઈ શકે છે. જોકે, તમામ ભારતીય પ્રોજેક્ટ્સ પર સીધી અસર પડશે તેવું હાલ નિશ્ચિતપણે કહી શકાય નહીં.

### બ્રાઝીલમાં એકલા રહેતા શખ્સ સાથે એઆઈથી છેતરપિંડી

# બ્રાઝીલનો યુવાન ગર્લફ્રેન્ડને મળવા બધું વેચી ૨૦૦૦ કિમી દૂર પહોંચ્યો, યુવતી એઆઈ નીકળી

રિયો ડિ જેનેરો, તા. ૧૯

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એઆઈનો એક વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. બ્રાઝીલનો એક પુરૂષ છેતરાયો હતો, પોતાની ઓનલાઈન ગર્લફ્રેન્ડને મળવા માટે તમામ સંપત્તિ કે બચતને વેચી દીધી હતી અને સામાન પેક કરીને બે હજાર કિમી સુધી પ્રવાસ કર્યો, જોકે તેને અંતે ખ્યાલ આવ્યો કે તે ઓનલાઈન જે ગર્લફ્રેન્ડ સાથે વાત કરી રહ્યો હતો તે એઆઈ દ્વારા તૈયાર કરાયેલી ફેક યુવતી હતી.





મીડિયા સાથે વાતચીતમાં બ્રાઝીલના ૪૯ વર્ષીય એડિમર માર્ટિને કહ્યું હતું કે હું ૨૦૨૦માં જેસિકા ઓલિવેરિયા નામના એક સોશિયલ મીડિયા એકાઉન્ટના સંપર્કમાં આવ્યો હતો. મને ક્યારેય ખ્યાલ ના આવ્યો કે જે યુવતી સાથે હું ઓનલાઈન વાત કરી રહ્યો હતો કે લગ્નના સ્વપ્ન જોઈ રહ્યો હતો તે એઆઈ જનરેટેડ હશે.

મને પુરો વિશ્વાસ હતો કે આ યુવતી મારી સાથે પ્રેમસંબંધમાં છે. તેથી મે ૨૦૦૦ કિમી સુધી પ્રવાસ માટે મારી વસ્તુઓ વેચી દીધી અને બ્રાઝીલના અન્ય એક રાજ્ય મિનાસ ગેરાઈસ સુધી જવા માટે નીકળી ગયો. હું બાદમાં એક રેડિયો સ્ટેશન પહોંચ્યો જ્યાંથી મને જાણવા મળ્યું કે જે વ્યક્તિને હું મળવા આવ્યો હતો તેવી કોઈ હકીકતમાં હતી જ નહીં, બાદમાં માર્ટિને એક સામાજિક કાર્યકર્તાને પોતાની આપવીતી વર્ણવી હતી અને કહ્યું હતું કે હું એકલા રહીને કંટાળી ગયો હતો મારે કોઈ જીવનસાથીની જરૂર હતી તેથી મે આ ફેક યુવતીને સાચી માનીને વિશ્વાસ કરી લીધો. ટિકટોક પર આ ફેક એઆઈ જનરેટેડ યુવતીના ત્રણ લાખથી વધુ ફોલોઅર્સ છે.

તેણે એક વીડિયો પોસ્ટ કર્યો હતો અને કહ્યું હતું કે મારી સાથે મારા ફાર્મ પર રહી શકે તેવા જીવનસાથીની શોધ કરી રહી છું. આ વીડિયોને સાચો માની લઈને બાદમાં માર્ટિને યુવતી સાથે સંપર્ક કર્યો અને વાતચીતમાં આવી ગયો.

## એઆઈ જનરેટેડ યુવતીએ ટિકટોક પર વીડિયો અપલોડ કરી જીવનસાથી શોધી રહી હોવાનો દાવો કર્યો હતો

# સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

## મોના અગ્રવાલે શુટિંગ અને નિશાદ કુમારે લાંબા કુદકામાં ગોલ્ડ મેડલની સિદ્ધિ મેળવી

# એશિયન પેરા ગેમ્સમાં ભારતનો શાનદાર પ્રારંભ : ચાર ગોલ્ડ સહિત ૧૧ મેડલ જીત્યા

નાગોયા,તા. ૧૯

જાપાનના આઈચી-નાગોયામાં યોજાઈ રહેલી એશિયન પેરા ગેમ્સમાં ભારતીય ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કરીને સ્પર્ધાના પ્રથમ દિવસે ચાર ગોલ્ડ, પાંચ સિલ્વર અને બે બ્રોન્ઝ સહિત કુલ ૧૧ મેડલ જીતીને મજબૂત શરૂઆત કરી હતી. શૂટિંગમાં મોના અગ્રવાલ અને એથ્લેટિક્સમાં નિશાદ કુમારે ગોલ્ડ મેડલ જીતીને ખાસ ધ્યાન ખેંચ્યું હતું.

### મોનાનું ગોલ્ડન નિશાન

ભારત માટે દિવસની સૌથી નોંધપાત્ર સફળતાઓમાંની એક પેરા શૂટિંગમાં જોવા મળી હતી. મહિલાઓની ૧૦ મીટર એર રાઈફલ સ્ટેન્ડિંગ જીલ્લ૧ સ્પર્ધામાં મોના અગ્રવાલે ૨૫૦.૦ પોઈન્ટ મેળવીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેણે આ સાથે એશિયન પેરા ગેમ્સનો નવો રેકોર્ડ પણ નોંધાવ્યો હતો.

આ સ્પર્ધામાં ભારતની જ અવની લેખરાએ ૨૪૯.૬ પોઈન્ટ સાથે સિલ્વર મેડલ જીતીને ભારતને પ્રથમ અને બીજા ક્રમે સ્થાન અપાવ્યું હતું. બંને ખેલાડીઓ વચ્ચે માત્ર ૦.૪ પોઈન્ટનો તફાવત રહ્યો હતો.


નિશાદ


રિંકુ હુડ્ડા


મોના અગ્રવાલ



સૌમ્યા

### નિશાદને લોંગ જમ્પમાં ગોલ્ડ

પેરા એથ્લેટિક્સમાં નિશાદ કુમારે પોતાની પ્રતિભાનો પરિચય આપતાં પુરુષોની ૪૭ લોંગ જમ્પ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેણે ૭.૧૧ મીટરનો શ્રેષ્ઠ કૂદકો લગાવીને પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

તેણે લોંગ જમ્પમાં આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રથમ વખત ભાગ લઈને સુવર્ણ સફળતા મેળવી હતી. ઉઝબેકિસ્તાનના ઓમાદબેક ખસાનોએ ૬.૯૯ મીટર સાથે સિલ્વર, જ્યારે શ્રીલંકાના મોહમ્મદુ સફરાને બ્રોન્ઝ મળ્યો હતો.

### એથલેટિક્સમાં બે ગોલ્ડ

ભારતીય એથ્લેટ્સે ટ્રેક અને ફિલ્ડ સ્પર્ધાઓમાં પણ પ્રભાવશાળી દેખાવ કર્યો હતો.

**રિંકુ હુડ્ડા :** પુરુષોની F46 ભાલાફેંક સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ જ સ્પર્ધામાં ભારતના અજીત સિંહ યાદવે સિલ્વર મેડલ મેળવીને ભારતને બેવડી સફળતા અપાવી હતી.

**સૌમ્યા :** મહિલાઓની ૧૫૦૦ મીટર T12/T13 સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. ભારતની રાધા વેંકટેશે સિલ્વર મેડલ મેળવીને આ સ્પર્ધામાં પણ ભારતને પ્રથમ બે સ્થાન અપાવ્યાં હતાં.

### અન્ય મેડલ વિજેતા

ભારતના મેડલ અભિયાનમાં અન્ય ખેલાડીઓએ પણ નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. જુડોમાં કોકિલાએ મહિલાઓની J2-52 કિલોગ્રામ કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યો હતો, જ્યારે પુરુષોની J1 -70 કિલોગ્રામ કેટેગરીમાં કપિલ પરમારે બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

પેરા સ્વિમિંગમાં રવિ કાર્તિક બુડિગિનાએ પુરુષોની ૧૦૦ મીટર ફ્રીસ્ટાઈલ S13 સ્પર્ધામાં સિલ્વર મેડલ જીત્યો હતો. એથ્લેટિક્સમાં રવન્ની વલસનાનીએ મહિલાઓની ૧૫૦૦ મીટર T-11 સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

### ભારત ચોથા સ્થાને

મેડલ ટેલીમાં ચીન ૨૦ ગોલ્ડ સહિત કુલ ૫૩ મેડલ સાથે પ્રથમ સ્થાને હતું. જાપાન સાત ગોલ્ડ સહિત ૨૪ મેડલ સાથે બીજા અને ઉઝબેકિસ્તાન છ ગોલ્ડ સહિત ૨૨ મેડલ સાથે ત્રીજા સ્થાને હતું. ભારત ચાર ગોલ્ડ, પાંચ સિલ્વર અને બે બ્રોન્ઝ સાથે કુલ ૧૧ મેડલ મેળવીને ચોથા સ્થાને રહ્યું હતું.

## એથલેટિક્સમાં રિંકુ અને સૌમ્યાએ ગોલ્ડ મેડલ સાથે ખાતું ખોલ્યું ચીન ૨૦ ગોલ્ડ સાથે મેડલ ટેબલમાં પ્રથમ, ભારત ચોથા સ્થાને

## BCCIની જાહેરાત : રમેશ પવાર પસંદગી સમિતિના સભ્ય તરીકે સમાવાયા

# અગરકરના સ્થાને પ્રજ્ઞાન ઓઝા પસંદગી સમિતિના ચેરમેન તરીકે નિયુક્ત થયા

નવી દિલ્હી, તા. ૧૯

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ભારતીય પુરુષ ક્રિકેટ ટીમની પસંદગી સમિતિમાં મહત્ત્વપૂર્ણ ફેરફાર કરતાં ભૂતપૂર્વ ભારતીય સ્પિનર પ્રજ્ઞાન ઓઝાને સમિતિના નવા અધ્યક્ષ એટલે કે મુખ્ય પસંદગીકાર તરીકે નિયુક્ત કર્યા છે. સાથે જ ભૂતપૂર્વ ભારતીય સ્પિનર અને કોચ રમેશ પવારને પણ પસંદગી સમિતિમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ નિમણૂકો અજિત અગરકરનો કાર્યકાળ પૂરો થયા બાદ કરવામાં આવી છે.



### હેડ કોચ ગૌતમ ગંભીર જોડે પસંદગી સમિતિના સમીકરણો કેવા રહે છે તેના પર નજર

### ટેસ્ટ ક્રિકેટનો અનુભવ

ભારતીય ક્રિકેટ બોર્ડના જણાવ્યા અનુસાર, પસંદગી સમિતિના અધ્યક્ષની જવાબદારી નક્કી કરવામાં ભારતીય ટીમ તરફથી રમેલી ટેસ્ટ મેચોની સંખ્યાને વરિષ્ઠતાનો આધાર બનાવવામાં આવ્યો છે. પ્રજ્ઞાન ઓઝાએ ભારત માટે ૨૪ ટેસ્ટ મેચ રમી હોવાથી તેમને સમિતિના અધ્યક્ષપદની જવાબદારી સોંપવામાં આવી છે. તેઓ અગાઉ પણ પસંદગી સમિતિનો હિસ્સો રહી ચૂક્યા છે. હવે ભારતીય પુરુષ ટીમના ખેલાડીઓની પસંદગી અને વિવિધ શ્રેણીઓ માટેની ટીમની રચનામાં તેમની ભૂમિકા મહત્ત્વપૂર્ણ રહેશે.

### પ્રજ્ઞાન ઓઝાને ટેસ્ટ ક્રિકેટનો અને પવારને મહિલા ટીમના કોચનો અનુભવ કામ લાગ્યો

### પવારનું મૂલ્યાંકન

રમેશ પવારને પસંદગી સમિતિમાં સામેલ કરવાનો નિર્ણય ક્રિકેટ સલાહકાર સમિતિની પ્રક્રિયા બાદ લેવામાં આવ્યો છે. અશોક મલ્હોત્રા અને જતીન પરાંજપેની બનેલી સલાહકાર સમિતિએ ઉમેદવારોની મુલાકાત અને મૂલ્યાંકન કર્યા બાદ પવારના નામની સર્વાનુમતે ભલામણ કરી હતી.

પવારે ભારત તરફથી બે ટેસ્ટ અને ૩૧ વન-ડે આંતરરાષ્ટ્રીય મેચ રમી છે. ખેલાડી તરીકેની કારકિર્દી બાદ તેમણે કોચિંગ ક્ષેત્રે પણ નોંધપાત્ર અનુભવ મેળવ્યો છે. તેઓ ભારતીય મહિલા ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ઉપરાંત મુંબઈ અને ગુજરાતની ટીમ સાથે પણ કોચ તરીકે કામ કરી ચૂક્યા છે. ભારતીય ક્રિકેટ બોર્ડના સેન્ટર ઑફ એક્સલન્સમાં તેમણે સ્પિન બોલિંગ કોચની જવાબદારી પણ નિભાવી હતી. ભારતીય મહિલા ટીમના કોચ તરીકે તેમના કાર્યકાળ દરમિયાન ટીમે એશિયા કપનો ખિતાબ જીત્યો હતો અને ૨૦૨૨ની કોમનવેલ્થ ગેમ્સમાં રજતચંદ્રક મેળવ્યો હતો.

### અગરકરને બિરદાવ્યો

જુલાઈ ૨૦૨૩માં મુખ્ય પસંદગીકાર તરીકેની જવાબદારી અજિત અગરકરે સંભાળી હતી. પોતાના ત્રણ વર્ષના કાર્યકાળ દરમિયાન ભારતીય ક્રિકેટમાં અનેક મહત્ત્વપૂર્ણ સફળતાઓ મળી છે. તેમના નેતૃત્વ હેઠળની પસંદગી સમિતિના સમયગાળામાં ભારતે ૨૦૨૪નો ટી ૨૦ વર્લ્ડ કપ અને ૨૦૨૫ની ચેમ્પિયન્સ ટ્રોફી જેવા મહત્ત્વપૂર્ણ ખિતાબો જીત્યા હતા. ભારતીય ક્રિકેટ બોર્ડે અગરકરની પ્રતિબદ્ધતા, દ્રઢતા અને ભારતીય ક્રિકેટમાં તેમના યોગદાનની પ્રશંસા કરી છે.

### નવી પસંદગી સમિતિ

બોર્ડ દ્વારા જાહેર કરાયેલી નવી પુરુષ પસંદગી સમિતિમાં પ્રજ્ઞાન ઓઝા અધ્યક્ષ તરીકે રહેશે. અન્ય સભ્યોમાં શિવ સુંદર દાસ, આર.પી. સિંહ, અજય રાત્રા અને રમેશ પવારનો સમાવેશ થાય છે. આ સમિતિની પસંદગીઓ આગામી આંતરરાષ્ટ્રીય શ્રેણીઓ અને મોટી સ્પર્ધાઓ માટે ભારતીય ટીમની રચનામાં મહત્ત્વની સાબિત થશે.

નવી જવાબદારી સાથે પ્રજ્ઞાન ઓઝા સામે ટીમમાં યોગ્ય પ્રતિભાને તક આપવાનો, યુવા ખેલાડીઓ અને અનુભવી ક્રિકેટરો વચ્ચે સંતુલન જાળવવાનો તથા ભારતીય ક્રિકેટની ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને પસંદગીના નિર્ણયો લેવાનો પડકાર રહેશે. બીજી તરફ, રમેશ પવારનો આંતરરાષ્ટ્રીય અને કોચિંગનો અનુભવ પસંદગી સમિતિની કામગીરીમાં ઉપયોગી સાબિત થઈ શકે છે. હવે ક્રિકેટપ્રેમીઓની નજર નવી સમિતિના નિર્ણયો અને આગામી સ્પર્ધાઓ માટે ટીમની પસંદગી પર રહેશે.ખાસ કરીને હેડ કોચ ગૌતમ ગંભીરને અગરકર જોડે સારો તાલમેલ હતો. હવે આ સમીકરણો કેવા રહે છે તે જોવાનું રહેશે.

## બદોનીના ૨૧૭ અને પ્રિયાંશ આર્યના ૧૯૯ રન

# રણજી ટ્રોફી : દિલ્હીએ ગુજરાત સામે છ વિકેટે ૬૪૮ રને ઈનિંગ ડિક્લેર કરી

નવી દિલ્હી, તા. ૧૯

દિલ્હી સામે રણજી ટ્રોફીની મેચના બીજા દિવસે ગુજરાત સામે મોટો પડકાર સર્જાયો છે. દિલ્હીએ પ્રથમ દિવસની રમતના અંતના ચાર વિકેટે ૩૮૧ રનથી આગળ રમતા આજે છ વિકેટે ૬૪૮ રને પ્રથમ ઈનિંગ ડિક્લેર કરી હતી.

કેપ્ટન આયુષ બદોનીએ ૨૪૬ બોલમાં ૨૨ ચોગ્ગા અને બે છગ્ગા સાથે ૨૧૭, જ્યારે ઓપનર પ્રિયાંશ આર્ય ૨૨૧ બોલમાં ૨૪ ચોગ્ગા, છ છગ્ગા સાથેના ૧૯૯ રન બનાવી આઉટ થતાં બેવડી સદી એક રન માટે ચુક્યો હતો. સુમિત માથુરે ૯૨ રન ફટકાર્યા હતા.

ગુજરાતે અભિષેક દેસાઈ (૩૪)અને આર્ય દેસાઈ (૧૧)ની વિકેટ ગુમાવી બે વિકેટે ૯૮ રન કર્યા છે.



### બરોડાની ૨૫૦ની સરસાઈ

**બરોડા :** બિહાર સામે બરોડાએ ૨૫૦ રનની સરસાઈ મેળવીને મજબૂત સ્થિતિ પ્રાપ્ત કરી લીધી છે.

### બરોડાના પ્રિયાંશ મોલીયાના બિહાર સામે ૧૩૨ કર્ણાટકના ૩૪૨ સામે સૌરાષ્ટ્રના ૪ વિકેટે ૧૬૪ રન

બિહારના પ્રથમ ઈનિંગના ૧૬૬ રન સામે આજે બીજા દિવસે બરોડાએ ત્રણ વિકેટે ૭૭ રનથી આગળ રમતા ૪૧૬ રનનો સ્કોર ખડકયો હતો. પ્રિયાંશુ મોલીયાએ ૨૩૩ બોલમાં ૧૯ ચોગ્ગા સાથે ૧૩૨, દિપક હુડાએ ૭૦ અને મહેશ પીઠીયાએ ૬૧ રન કર્યા હતા. બિહારના ફાસ્ટ બોલર અમિત યાદવે ૫ વિકેટ ઝડપી હતી.

રમતના અંતે બિહારે તેની બીજી ઈનિંગમાં વિના વિકેટે ચાર રન કર્યા છે.

### કર્ણાટક - સૌરાષ્ટ્ર મેચ

**અલુર :** કર્ણાટકે સૌરાષ્ટ્ર સામે તેઓની પ્રથમ ઈનિંગમાં ૩૪૨ રન કર્યા હતા જવાબમાં બીજા દિવસની રમતના અંતે સૌરાષ્ટ્રે ૧૬૪ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. કર્ણાટકના નવમાં ક્રમના માનવંથ કુમારે ૧૩૫ રન નોંધાવી સૌરાષ્ટ્રને હતાશ કર્યું હતું. આખરી બે વિકેટે ૧૪૮ રન ઉમેર્યા હતા. સૌરાષ્ટ્રના પાર્થ ભટ્ટે પાંચ અને ઉનડકટે ત્રણ વિકેટ ઝડપી હતી. સૌરાષ્ટ્રની બેટિંગમાં હાર્દિક દેસાઈએ ૭૭, હાર્વિક કોટકે ૪૬ રન કર્યા હતા. અર્પિત વસાવડા ૨૫ અને પ્રેરક માંકડ ૧૩ રને રમતમાં છે.

અન્ય મેચમાં હિમાચલ પ્રદેશના ૧૪૦ સામે મુંબઈએ ૪ વિકેટે ૩૯૮ (સરફરાઝ ખાન ૧૩૯*) રન નોંધાવી ૨૫૮ની સરસાઈ મેળવી લીધી છે.

## આ અગાઉ ૧૯૪૮-૪૯માં નિમ્બાલકરે આ સિદ્ધિ મેળવી હતી

# ચિન્મય સુતાર રણજી ટ્રોફીના ઈતિહાસમાં ૪૦૦* રન ફટકારનાર ભારતનો બીજો બેટ્સમેન બન્યો

ઈમ્ફાલ, તા. ૧૯

ભારતના ઘરઆંગણાના ક્રિકેટની પ્રતિષ્ઠિત રણજી ટ્રોફીમાં મિઝોરમના બેટ્સમેન ચિન્મય સુતારે ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. નાગાલેન્ડ સામેની પ્લેટ ગ્રૂપની મેચમાં ચિન્મયે અણનમ ૪૦૦ રનની મેરેથોન ઈનિંગ રમીને ક્રિકેટ જગતમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. આ સાથે તે રણજી ટ્રોફીના ઈતિહાસમાં એક જ ઈનિંગમાં ૪૦૦ કે તેથી વધુ રન બનાવનાર ભારતનો માત્ર બીજો બેટ્સમેન બન્યો છે. અગાઉ ૧૯૪૮-૪૯ની સિઝનમાં ભાઉસાહેબ નિમ્બાલકરે ૪૪૩ રનની અણનમ ઈનિંગ રમીને આ સિદ્ધિ મેળવી હતી.

તેમણે મહારાષ્ટ્ર તરફથી રમતા કાઠિયાવાડ સામે અણનમ ૪૪૩ રન બનાવ્યા હતા.

ચિન્મયે ૫૧૭ બોલનો સામનો કરીને અણનમ ૪૦૦ રન બનાવ્યા હતા. તેની ઈનિંગમાં ૪૬ ચોગ્ગા અને સાત છગ્ગાનો સમાવેશ થાય છે. ચિન્મયની સિદ્ધિમાં આખરી બેટ્સમેનનું પણ યોગદાન હતું.



### ચિન્મયે મિઝોરમ તરફથી રમતા નાગાલેન્ડ સામે સીમાચિન્હ પ્રાપ્ત કર્યું

અગિયારમા ક્રમે બેટિંગ કરવા આવેલા લાલરેમ્પુઈયા છકછુઆકે તેને સારો સાથ આપ્યો હતો.

બંને બેટ્સમેન વચ્ચે અણનમ ૧૮૯ રનની ભાગીદારી થઈ હતી. આ ભાગીદારીએ મિઝોરમને ૫૮૧ રનના વિશાળ સ્કોર સુધી પહોંચાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

## શીતલ દેવીના ૭૨૦માંથી ૭૦૪ પોઈન્ટ

# એશિયન પેરા ગેમ્સ : શીતલ દેવીએ તિરંદાજીમાં વિશ્વ રેકોર્ડની બરાબરી કરી

નાગોયા,તા. ૧૯

જાપાનના આઈચી-નાગોયામાં ચાલી રહેલી એશિયન પેરા ગેમ્સ ૨૦૨૬માં ભારતની પ્રતિભાશાળી તીરંદાજ શીતલ દેવીએ ઐતિહાસિક પ્રદર્શન કર્યું હતું. મહિલાઓની કમ્પાઉન્ડ તીરંદાજીની ક્વોલિફિકેશન સ્પર્ધામાં શીતલે ૭૨૦માંથી ૭૦૪ પોઈન્ટ મેળવીને વિશ્વ રેકોર્ડની બરાબરી કરી હતી. આ સાથે તેણે પોતાનો જ એશિયન રેકોર્ડ સુધાર્યો હતો અને ફાઈનલ તરફ મજબૂત ડગલું માંડ્યું હતું. ૧૯ વર્ષની શીતલ દેવીએ પોતાની અદભુત એકાગ્રતા અને સચોટ નિશાનબાજીનો પરિચય આપતાં ૭૨માંથી ૫૭ તીર નિશાનના ૧૦ પોઈન્ટવાળા વર્તુળમાં લગાવ્યા હતા. આમાંથી ૩૨ તીર નિશાનના સૌથી પરફેક્ટ X ક્ષેત્રમાં લાગ્યાં હતાં. શીતલનો ૭૦૪ પોઈન્ટનો સ્કોર તુર્કીની તીરંદાજ ઓઝનુર ક્યુરે ગિર્દીએ પેરિસ પેરાલિમ્પિક્સ ૨૦૨૪માં નોંધાવેલા વિશ્વ રેકોર્ડની બરાબરી કરે છે. શીતલે આ પહેલાં માર્ચ ૨૦૨૬માં બેંગકોક ખાતે ૬૯૮ પોઈન્ટનો એશિયન રેકોર્ડ બનાવ્યો હતો.

### આબાદ નિશાન : ૭૨માંથી ૫૭ નિશાન ૧૦ પોઈન્ટના વર્તુળમાં



## જુદા જુદા વય જૂથની સ્પર્ધા પણ યોજાઈ

# સ્ટેટ ટેબલ ટેનિસમાં અમદાવાદ મેન્સ અને સુરત વિમેન્સે ટાઈટલ જીત્યા



ગાંધીધામ, સોમવાર

આદિપુરમાં રમાઈ રહેલી ફ્રેન્ડ્સ ગૃપ ગુજરાત સ્ટેટ એન્ડ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપમાં ટોચના ના ક્રમાંકિત અમદાવાદે બીજા ક્રમાંકિત અરવલ્લીને ૩-૧થી હરાવીને મેન્સ ટીમનું ટાઈટલ જીતી લીધું હતું, જ્યારે સુરતે વિમેન્સ ઈવેન્ટના મુકાબલામાં ભાવનગરને ૩-૧થી હરાવીને ચેમ્પિયનનું ટાઈટલ હાંસલ કર્યું હતું.

મેન્સ ઈવેન્ટમાં ફાઈનલમાં ધૈર્ય પરમાર, સોહમ ભટ્ટાચાર્યે વિજયી દેખાવ કર્યો હતો. ડિફેન્ડિંગ ચેમ્પિયન અને મોખરાના ક્રમની સુરતની વિમેન્સ ટીમે બીજા ક્રમાંકિત ભાવનગર સામે ૩-૧ના શાનદાર વિજય સાથે ટાઈટલ જીતી લીધું હતું. ફિલઝાફાતીમા કાદરી અને વિશ્રુતિ જાદવે વિજય મેળવ્યો હતો.

જુનિયર બોયઝની ફાઈનલમાં સુરતે વડોદરાને ૩-૧થી હરાવ્યું હતું.

અમદાવાદે સબ જુનિયર બોયઝની ફાઈનલમાં સુરતને ૩-૨થી હરાવીને ટાઈટલ જીત્યું હતું.

રેહાંશ અને પ્રિશા અંડર-૧૧ ચેમ્પિયન અને સાયાંશ અને અનાયરાએ અંડર-૯માં વિજય મેળવ્યો હતો તો

### અમદાવાદ અને સુરત બંનેનો ૩-૧થી વિજય

કચ્છના રેહાંશ સિંઘવી અને સુરતની પ્રિશા પારેખે અનુક્રમે બોયઝ અને ગર્લ્સ હોપ્સ (અંડર-૧૧)ના ટાઈટલ જીત્યાં હતાં.

હોપ્સ (અંડર-૯) કેટેગરીમાં અમદાવાદના ટોચના ખેલાડી સાયાંશ ક્રિસ્ટીએ બોયઝનું ટાઈટલ જીત્યું હતું.

ગર્લ્સની ફાઈનલમાં, અમદાવાદની બીજી ક્રમાંકિત અનાયરા મણિયારે અંડર-૯ ટાઈટલ પોતાના નામે કર્યું હતું.બોયઝ અંડર-૭ની ફાઈનલમાં, કચ્છના ભ્રાજ હિંગોરાણીએ ટાઈટલ જીત્યું હતું.

# બીજી ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયા સામે સાઉથ આફ્રિકાના પાંચ વિકેટે ૯૭

**કવેબેહરા :** બીજી ટેસ્ટમાં વરસાદના વિઘ્ન વચ્ચે ઓસ્ટ્રેલિયા સામે બીજા દિવસના અંતે સાઉથ આફ્રિકાના પ્રથમ ઈનિંગમાં પાંચ વિકેટે ૯૭ રન થયા હતા.બોલેન્ડે ચાર અને સ્ટાર્કએ એક વિકેટ ઝડપી હતી. માર્કરામ ૧૧, એકરમેન ૬, બેડિંગહામ ૦, બ્રિટઝકે ૪ અને રિકલટોન ૩૧ રને આઉટ થયા હતા. બવુમા ૪૧ અને મુલ્ડર ૨ રને રમતમાં છે.

### મહિલા પ્રીમિયર લીગ માટે ૨૮ ઓક્ટોબરે કોચીમાં મેગા હરાજી

## મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાના ભવિષ્ય અંગે અટકળો તેજ

# અશ્વિનના મતે હાર્દિક પંડ્યા રાજસ્થાન રોયલ્સની ટીમ સાથે જોડાઈ શકે છે

ચેન્નાઈ, તા ૧૯

ઈન્ડિયન પ્રીમિયર લીગની આગામી સિઝન પહેલાં ભારતીય ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાના ભવિષ્યને લઈને ક્રિકેટજગતમાં ચર્ચાઓ તેજ બની છે. મુંબઈ ઈન્ડિયન્સનો આ સ્ટાર ખેલાડી ટ્રેડ દ્વારા અન્ય ટીમમાં જોડાઈ શકે છે તેવી અટકળો વચ્ચે ભારતના ભૂતપૂર્વ સ્પિનર રવિચંદ્રન અશ્વિને એક નવો સંકેત આપ્યો છે. અત્યાર સુધી હાર્દિકને ચેન્નાઈ સુપર કિંગ્સ સાથે જોડતી ચર્ચાઓ થઈ રહી હતી, પરંતુ અશ્વિનના મતે રાજસ્થાન રોયલ્સ તેને પોતાની ટીમમાં સામેલ કરવાની દોડમાં આગળ હોઈ શકે છે.

ચર્ચા એવી ચાલતી હતી કે ચેન્નાઈના દિગ્ગજ ખેલાડી મહેન્દ્રસિંહ ધોની પોતે હાર્દિકને ટીમમાં જોડાવા માટે મનાવી શકે છે. અશ્વિનના મતે હાર્દિક જેવો ઓલરાઉન્ડર ચેન્નાઈની ટીમ માટે ચોક્કસ ઉપયોગી સાબિત થઈ શકે, પરંતુ અત્યારે આ ટ્રેડ થવાની શક્યતા ઓછી છે. તેણે રાજસ્થાન રોયલ્સને સંભવિત ટ્રેડની દોડમાં આગળ ગણાવી હતી. જોકે, આ અશ્વિનનું વ્યક્તિગત આકલન છે.



### ચેન્નાઈ, કોલકાતા પણ હાર્દિકને ખરીદવામાં રસ બતાવે છે

રાજસ્થાન રોયલ્સ ઉપરાંત કોલકાતા નાઈટ રાઈડર્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સનાં નામ પણ હાર્દિક સાથે સંકળાયેલી ચર્ચાઓમાં સામે આવ્યાં છે. ગુજરાત ટાઈટન્સમાં તેની વાપસી અંગે પણ ચાહકોમાં અટકળો છે. રાજસ્થાન સાથે સંભવિત ખેલાડી-બદલાની ચર્ચામાં યશસ્વી જયસ્વાલનું નામ પણ ઉછળ્યું છે. વૈભવ સૂર્યવંશી જ આઈ. પી. એલ. માં રાજસ્થાન રોયલ્સ તરફથી છવાયેલો રહેતો હોઈ જયસ્વાલ જ અન્ય ટીમના ઓપનર તરીકે જવા માંગે છે તેવુ મનાય છે.

IPL 2027 પહેલાં ટીમોની રિટેન્શન યાદી જાહેર કરવાની સમયમર્યાદા ૧૫ નવેમ્બર નક્કી કરવામાં આવી હોવાનું જણાવાયું છે. તેથી આગામી દિવસોમાં હાર્દિકના ભવિષ્ય અંગે વધુ સ્પષ્ટતા મળી શકે છે.

## લા લીગા ફૂટબોલ : રિયલ મેડ્રિડે સેવીલાને હરાવ્યું



લા લીગા ફૂટબોલની મેચમાં રિયલ મેડ્રિડે સેવીલાને ૪-૧થી સજ્જડ પરાજય આપ્યો હતો. મેડ્રિડના સ્ટાર ખેલાડી એમબાપેએ બે ગોલ ફટકારી તેની આગવી અદાથી ઉજવણી કરી હતી. જેમાં એક ગોલ પેનલ્ટીથી કર્યો હતો. બાર્સેલોના પોઈન્ટ ટેબલમાં રિયલ મેડ્રિડ કરતા છ પોઈન્ટની સરસાઈ ધરાવે છે. બંને વચ્ચે આવતા અઠવાડીયે રોમાંચક મુકાબલો યોજાનાર છે.

# વિક્ટોરિયાઝ સિક્રેટના રનવે પર ગ્લેમરનો જલવો


જેસ્મીન ટ્યુકેસ


કેન્ડીસ સ્વેનેપોલ


ડેવીન ગાર્ડિયા


કાઈલી જેનર


એશ્લી ગ્રેહામ


બેલા હદીદ


બાર્બરા પેલ્વીન


ગ્રેસ એલિઝાબેથ

## કાઈલી જેનરનું બ્રાન્ડના રનવે પર ડેબ્યુ : ૪,૪૧૦ ડાયમંડથી સજ્જ ૫૦ મિલિયન ડોલરના ટોપમાં રેમ્પવોક

વિક્ટોરિયાઝ સિક્રેટનો ૨૦૨૬નો ફેશન શો રવિવારે લોસ એન્જલસના કલ્વર સિટીમાં યોજાયો હતો. આ શોમાં રિયાલિટી ટીવી સ્ટાર કાઈલી જેનરે પહેલી વખત બ્રાન્ડના રનવે પર ડેબ્યૂ કર્યું. તેણે અંદાજે ૫૦ મિલિયન ડોલરની કિંમતનું ટોપ પહેર્યું હતું. કાઈલી જેનર ઉપરાંત ગિગી હદીદ, બેલા હદીદ, એડ્રિયાના લિમા અને એલેસાન્ડ્રા એમ્બ્રોસિયો સહિતની જાણીતી મોડલ્સે પોતાના આકર્ષક લુકસથી શોની રોનક વધારી હતી. **કાઈલીનું ૫૦ મિલિયન ડોલરનું ટોપ :** કાઈલી જેનરના લૂકમાં લક્ઝરી જ્વેલરી બ્રાન્ડ જેકબ એન્ડ કંપનીનું કોલોબ્રેશન હતું. તેના માટે તૈયાર કરવામાં આવેલા પીસમાં ૪,૪૧૦ નેચરલ ડાયમંડ અને તેની વચ્ચે ૭૫.૫૪ કેરેટનો યલ્લો ડાયમંડ જડવામાં આવ્યો હતો. તેને તૈયાર કરવામાં ૧૫ કારીગરોને ૧,૦૦૦ કલાકથી વધુ સમય લાગ્યો હતો. આ ડિઝાઈનનું વજન લગભગ ચાર પાઉન્ડ હતું. **હદીદ સિસ્ટર્સનો જલવો :** ગિગી હદીદે પિંક અને બ્લુ રંગના ચમકદાર આઉટફિટમાં રેમ્પ પર વોક કર્યું હતું. બેલા હદીદે પણ પોતાના અલગ-અલગ રનવે લુકસથી આકર્ષણ જમાવ્યું હતું. બંને બહેનોની હાજરીએ શોમાં સુપરમોડલ્સના ગ્લેમરને વધુ ચમકાવ્યું હતું. **૧૬ મોમ્સ બનેલી મોડલ્સે પણ ખેંચ્યું ધ્યાન :** આ વખતના ફેશન શોમાં મોડેલિંગ અને માતૃત્વ વચ્ચેના સંબંધની પણ ચર્ચા થઈ હતી. ૬૦થી વધુ મોડલ્સના શોમાં ૧૬ માતાઓ સામેલ હતી. તેમાં ગિગી હદીદ, કાઈલી જેનર, એશ્લી ગ્રેહામ, કેન્ડિસ સ્વાનેપોલ, એલ્સા હોસ્ક અને એડ્રિયાના લિમા જેવી જાણીતી હસ્તીઓનો સમાવેશ થતો હતો.

## હદીદ સિસ્ટર્સે અલગ-અલગ રનવે લુક્સથી આકર્ષણ જમાવ્યું : શોમાં કુલ ૧૬ મોડલ મોમ્સે ધ્યાન ખેંચ્યું

### ૮૦ વર્ષની વયે ફરી સેટ પર હાજર

## અરૂણા ઈરાનીએ પતિ કુકુ કોહલીના અવસાનના બે મહિને કામ શરૂ કર્યું

મુંબઈ, તા. ૧૯

૨૫ ઓગસ્ટે ૭૭ વર્ષના વયે કુકુ કોહલીનું હાર્ટ એટેકમાં અવસાન થયાના બે મહિના બાદ અરૂણા ઈરાનીએ સોશ્યલ મિડિયા પર એક પોસ્ટ મુકી મુશ્કેલ સમયમાં પડખે રહેવા બદલ ચાહકોનો આભાર માની પોતે ફરીથી કામ શરૂ કરી રહી હોવાનું જણાવ્યું હતું. ૮૦ વર્ષની વયે અરુણા ઈરાની સેટ પર પાછાં ફરી પોતાનાં પ્રોફેશનલ કમીટમેન્ટસ પૂરાં કરશે.



કુકુ કોહલી પરિણિત હતા અને તેમને બે પુત્રીઓ હોઈ અરૂણા ઈરાનીએ તેમના કુકુ કોહલી સાથેના લગ્ન ખાનગી રાખ્યા હતા. એક મુલાકાતમાં અરૂણાઈરાનીએ જણાવેલું કે આ મુશ્કેલ નિર્ણય હતો પણ કુકુ મારી પડખે રહ્યા અને બીજાઓનો વિરોધ છતાં મને પરણવાનું પસંદ કર્યું હતું.

કુકુ કોહલીની પ્રથમ પત્ની રીટા કોહલી તરફથી ટીકા સહન કરી હોવાનું જણાવી અરૂણાઈરાનીએ ઉમેર્યું હતું કે પતિ તેના લગ્ન માટે જવાબદાર હોય છે અને જોકોઈ સમસ્યા આવે તો તેને જવાબદાર ઠેરવવો જોઈએ.

### મુશ્કેલ સમયમાં પડખે રહેલા ચાહકોનો એક પોસ્ટમાં અરૂણા ઈરાનીએ આભાર માન્યો

### કમાણીની રીતે નઈ નવેલી આગળ

## યામીની નઈ નવેલી અને રાજકુમાર રાવની પ્રહાર બંને ફલોપ

મુંબઈ, તા. ૧૯

ગયા શુક્રવારે રજૂ થયેલી યામી ગૌતમની હોરર કોમેડી 'નઈ નવેલી' અને રાજકુમાર રાવની 'પ્રહારઃ ધ ઉજ્જવલ નિકમ સ્ટોરી' બંને બોક્સ ઓફિસ પર ટકરાઈ હતી અને બંને ફિલ્મો ફલોપ ગઈ છે. આશરે ૩૦ કરોડનાં બજેટમાં બનેલી બંને ફિલ્મોમાંથી 'નઈ નવેલી' ચાર દિવસમાં માંડ ૧૫ કરોડ કમાઈ છે જ્યારે 'પ્રહાર'ની કમાણી ફક્ત ૧૨ કરોડ થઈ છે. આમ, બોક્સ ઓફિસ પર કમાણી કરવાના મામલે 'નઈ નવેલી'એ 'પ્રહાર' પર સારી એવી સરસાઈ મેળવી છે.સોમવારે આ બંને ફિલ્મોની બોક્સ ઓફિસ ઓક્યુપેન્સી માંડ ૧૨થી ૧૫ ટકા



રહી હતી. ટ્રેડ વર્તુળોમાં મન્ડે ટેસ્ટ બહુ મહત્વનો ગણાય છે. વીક એન્ડમાં સારી કમાણી મેળવનારી ફિલ્મ સોમવારે પણ બોક્સ ઓફિસ પર ટકી જાય તો તે આગળ સારી ચાલશે તેમ મનાય છે. જોકે, આ બંને ફિલ્મો મન્ડે ટેસ્ટમાં નાપાસ થઈ ગઈ છે. ટ્રેડ વર્તુળોના જણાવ્યા અનુસાર રજનીકાન્તની 'જેલર ટુ'નું હિન્દીમાં યોગ્ય રીતે માર્કેટિંગ કરાયું ન હતું. આ ફિલ્મ ધીમે ધીમે હિન્દી દર્શકોમાં લોકપ્રિય બની રહી છે. જો આ ફિલ્મને હિન્દી માર્કેટમાં આક્રમક રીતે રજૂ કરવામાં આવી હોત તો 'નઈ નવેલી' અને 'પ્રહાર' બંનેની હાલત વધુ કફોડી થવાનું નક્કી હતું.

### આશરે ૩૦ કરોડનાં બજેટમાં બનેલી બંને ફિલ્મો ખર્ચો પણ કાઢે તેવી શક્યતા ઓછી

### બ્રેક અપ પછી પણ બંનેની દોસ્તી યથાવત

## એક્સ ગર્લફ્રેન્ડ દિશા ટાઈગરને મળવા સૌથી પહેલી પહોંચી

મુંબઈ, તા. ૧૯

રવિવારે જુહૂમાં ટાઈગર પર ગોળીબાર થયો હોવાના સમાચાર મળતાં જ દિશા પટણી ટાઈગરની ખબર પૂછવા માટે તેના જુહૂમાં આવેલાં ઘરે પહોંચી ગઈ હતી. ફાયરિંગ પછી ટાઈગરને મળનારા બોલિવુડ સેલિબ્રિટીઓમાં દિશા સૌથી પહેલી હતી. દિશાએ આ પ્રસંગે હાજર ફોટોગ્રાફર્સની પરવા કર્યા વિના તેની કારમાંથી નીકળી સીધી ટાઈગરના ઘરમાં દોડી ગઈ હતી.



ટાઈગર અને દિશા આશરે છ વર્ષ સુધી રિલેશનશિપમાં રહ્યાં હતાં. જોકે, જુલાઈ ૨૦૨૨માં પ્રકાશિત અહેવાલો અનુસાર છ વર્ષ ડેટિંગ કર્યા બાદ બંને જણાં અલગ થઈ ગયા હતા. જોકે, આજે પણ તેમની દોસ્તી યથાવત છે. વાસ્તવમાં દિશાને ટાઈગરના તમામ પરિવારજનો સાથે સારું બને છે. ટાઈગરની બહેન ક્રિષ્ણા હજુ પણ તેની ગાઢ સખી છે અને બંને અવારનવાર સાથે દેખાય છે. કહેવાય છે કે દિશા લગ્ન માટે ઉતાવળ કરતી હતી પરંતુ ટાઈગર તેના માટે તૈયાર ન હોવાથી આ મુદ્દે બંને વચ્ચે બ્રેક અપ થઈ ગયું હતું.

### ટાઈગરનાં ઘરની બહાર ફોટોગ્રાફર્સની પરવા કર્યા વિના દોડીને અંદર પહોંચી

### બીજી પુત્રીના જન્મ બાદ વિરામ લીધો હતો

## પેટર્નીટી બ્રેક બાદ રણવીર ફરી પ્રલય માટે શૂટિંગ કરશે

મુંબઈ, તા. ૧૯

૧૯ સપ્ટેમ્બરે બીજી પુત્રીના જન્મ બાદ પેટર્નિટી બ્રેક લેનારો રણવીર સિંહ હવે તેની આગામી ફિલ્મ 'પ્રલય'નું શૂટિંગ ફરી શરુ કરશે. મુંબઈમાં ૨૭ ઓક્ટોબરથી યોજાનારા થોડા અઠવાડિયાના શૂટિંગમાં રણવીરસિંહ સામેલ થશે. એ પછી ફિલ્મનું શૂટિંગ ૨૦૨૭માં થશે.



મૂળ તો રણવીરસિંહ દિવાળી સુધી સળંગ શૂટિંગ કરવાનો હતો પણ સપ્ટેમ્બરમાં ફરી પિતા બનવા સાથે તેણે પેટર્નિટી લીવ લેતાં શૂટિંગને એ પ્રમાણે ગોઠવવામાં આવ્યું હતું. ફિલ્મને ઓસ્ટ્રેલિયામાં શૂટ કરવાનું આયોજન હતું પણ રણવીર સિંહ અને દિપિકા પદુકોણને બીજું બાળક આવવાનું હોઈ નિર્માતાએ આ સમયગાળામાં પ્રોડકશન મુંબઈ ખસેડ્યુ હતું. હવે રણવીર ઓક્ટોબરમાં પ્રલય ફિલ્મનું શૂટિંગ ફરી શરૂ કરશે. જય મહેતા નિર્દેશિત પ્રલય ફિલ્મનું નિર્માણ બિરલા સ્ટુડિયોઝ, હંસલ મહેતા, સાહિલ સાઈગલ અને રણવીરસિંહ મળીને કરી રહ્યા છે.

### દીપિકાની ડિલિવરીને ધ્યાને રાખી શૂટિંગ ઓસ્ટ્રેલિયાથી મુંબઈ ખસેડાયું હતું

### ફ્રાન્સ, આલ્બેનિયા, ઈટાલી, પોર્ટુગલ અને બેલ્જિયમ જેવા પાંચ દેશોમાં એકસાથે વિશાળ જનઆંદોલનો અને દેખાવો

# મોંઘવારી, બેરોજગારી મુદ્દે યુરોપમાં જનાક્રોશનો જ્વાળામુખી ભભૂક્યો

સમગ્ર યુરોપ હાલના સમયમાં આર્થિક અને સામાજિક અસ્થિરતાના અત્યંત ગંભીર તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. ફુગાવો, સતત કમરતોડ વધતી જતી મોંઘવારી, યુવાનોમાં વધતી બેરોજગારી, રહેણાંક મકાનોની આસમાને પહોંચેલી કિંમતો તેમજ સરકારી જાહેર સેવાઓની કથળતી સ્થિતિને કારણે સામાન્ય પ્રજાનો રોષ હવે રસ્તાઓ પર ઉતરી આવ્યો છે. તાજેતરમાં ફ્રાન્સ, આલ્બેનિયા, ઈટાલી, પોર્ટુગલ અને બેલ્જિયમ જેવા પાંચ મુખ્ય દેશોમાં એકસાથે વિશાળ જનઆંદોલનો અને દેખાવો જોવા મળી રહ્યા છે. જોકે કેટલાક વિસ્તારોમાં આ કૂચ શાંતિપૂર્ણ રહી હતી, પરંતુ મોટાભાગના અગ્રણી ઔદ્યોગિક અને ઐતિહાસિક શહેરોમાં દેખાવકારો અને સુરક્ષા દળો વચ્ચે ઉગ્ર અને હિંસક અથડામણો સર્જાઈ હતી. વિરોધ પ્રદર્શનની આડમાં અસામાજિક તત્ત્વો દ્વારા સ્થાનિક દુકાનો, શોપિંગ મોલ્સ અને વ્યવસાયિક કેન્દ્રોમાં કરવામાં આવેલી લૂંટફાટ તથા તોડફોડને પગલે સમગ્ર યુરોપની સુરક્ષા વ્યવસ્થા સામે મોટો પ્રશ્નાર્થ ચિહ્ન ઊભો થયો છે.

**આલ્બેનિયામાં પરિસ્થિતિ અત્યંત સ્ફોટક બની છે. તેની રાજધાની તિરાનામાં સરકાર વિરોધી આંદોલન સતત પાંચમા દિવસે વધુ ઉગ્ર બન્યું હતું. વિરોધ પક્ષો અને આમ જનતા ભ્રષ્ટાચારના આરોપો હેઠળ વડાપ્રધાન એડી રામાના તાત્કાલિક રાજીનામાની માંગ કરી રહ્યા છે. સરકારી તંત્રમાં વ્યાપક ભ્રષ્ટાચાર, યુવાનોમાં સતત વધી રહેલી બેરોજગારી અને કથળતી શિક્ષણ વ્યવસ્થા પ્રત્યેની ભારે નારાજગી મુખ્ય પરિબળ છે : ઈટાલીની આર્થિક રાજધાની ગણાતા મિલાન શહેરમાં પણ આર્થિક સંકટ, વૈશ્વિક યુદ્ધો અને મોંઘવારી વિરુદ્ધ કાઢવામાં આવેલી કૂચ જોતજોતામાં હિંસક તોફાનોમાં ફેરવાઈ ગઈ હતી. ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ આ હિંસાની આકરા શબ્દોમાં નિંદા કરતાં જણાવ્યું હતું કે, લોકશાહીમાં શાંતિપૂર્ણ વિરોધ કરવો એ દરેક નાગરિકનો અધિકાર છે, પરંતુ જાહેર કે ખાનગી સંપત્તિને નુકસાન પહોંચાડવું સ્વીકાર્ય નથી : જો યુરોપના દેશો સમયસર પોતાના નાગરિકોની આર્થિક મુશ્કેલીઓને હળવી કરવા માટે નક્કર પગલાં નહીં ભરે, તો આ પ્રકારના આંદોલનો માત્ર કાયદો-વ્યવસ્થાની કટોકટી પૂરતા સીમિત ન રહેતાં સમગ્ર ખંડની રાજકીય સ્થિરતાને પણ જોખમમાં મૂકી શકે છે**

ફ્રાન્સથી લઈને ઈટાલી સુધીના બજારોમાં લૂંટફાટની ઘટનાઓ, સરકારી ઈમારતો પર હુમલા અને વાહનોને આગ ચાંપવાના દ્રશ્યોએ સ્થાનિક વહીવટી તંત્રોને હચમચાવી મૂક્યા છે. આલ્બેનિયામાં વડાપ્રધાનના રાજીનામાની માંગ સાથે સતત પાંચમા દિવસે હિંસક અથડામણો નોંધાઈ છે, જ્યારે ફ્રાન્સમાં લાખો નાગરિકો જીવનનિર્વાહના અસહ્ય ખર્ચ અને સામાજિક સુરક્ષામાં કાપ સામે એકજૂથ થઈને બહાર આવ્યા છે. યુરોપિયન ખંડમાં ફેલાતી આ વ્યાપક અશાંતિ અને કાયદો-વ્યવસ્થાની કટોકટીએ ત્યાંની લોકશાહી સરકારો સામે અત્યાર સુધીનું સૌથી જટિલ આર્થિક અને શાસકીય પડકાર ઊભો કરી દીધો છે.

જાણકારોના મતે, ફ્રાન્સના વિવિધ શહેરોમાં ફાટી નીકળેલી હિંસા અને આગજનીએ રાષ્ટ્રીય કટોકટી જેવું વાતાવરણ ઊભું કર્યું છે. સરકારી આંકડા અને મજૂર સંગઠનો વચ્ચે દેખાવકારોની સંખ્યાને લઈને મોટો તફાવત જોવા મળી રહ્યો છે. મોટાભાગના નાગરિકોએ શાંતિપૂર્ણ રીતે પોતાનો અવાજ બુલંદ રાખવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કેટલાક કટ્ટરપંથી અને હિંસક જૂથોએ શાંત કૂચને હિંસક સ્વરૂપ આપી દીધું હતું. લિમોજ શહેરમાં પ્રદર્શનકારીઓએ સીધા સિટી હોલને આગ ચાંપી દીધી હતી, જેનાથી સરકારી દસ્તાવેજો અને ઈમારતને ભારે નુકસાન પહોંચ્યું હતું. માર્સેલી શહેરમાં આક્રોશિત ભીડ સ્થાનિક મ્યુનિસિપલ ભવનમાં બળજબરીપૂર્વક ઘૂસી ગઈ હતી અને દિવાલો પર ક્રાંતિકારી નારા લખી નાખ્યા હતા. તેવી જ રીતે લ્યોન શહેરમાં પર્યટન [illegible] કેન્દ્રને નિશાન બનાવીને સંપૂર્ણપણે બાળીને ખાખ કરી દેવામાં આવ્યું હતું.

આ ઉપરાંત ફ્રાન્સની રાજધાની પેરિસમાં સ્થિતિ વધુ બેકાબૂ બની ગઈ હતી, જ્યાં હજારોની ભીડને વિખેરવા માટે સુરક્ષા દળોએ સતત ટીયરગેસના સેલ છોડવા પડ્યા હતા. હિંસક તત્ત્વોએ પેરિસના મુખ્ય વ્યાપારી કેન્દ્રોને લક્ષ્ય બનાવ્યા હતા. એક વિશાળ મોલ અને શોપિંગ સેન્ટરમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, બેંકોના કાચ તોડીને એટીએમ મશીનોને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું તથા બ્રાન્ડેડ કપડાં અને મોબાઈલ ફોનની દુકાનોમાં ધોળે દિવસે ખુલ્લેઆમ લૂંટ ચલાવવામાં આવી હતી. રસ્તાઓ પર પાર્ક કરેલી અનેક ખાનગી તથા સરકારી ગાડીઓને આગના હવાલે કરી દેવામાં આવી હતી. ફ્રાન્સના વડાપ્રધાન સેબાસ્ટિયન લેકોર્નૂએ કડક શબ્દોમાં ચેતવણી આપતાં સ્પષ્ટ કર્યું છે કે સરકાર કોઈપણ સંજોગોમાં હિંસા, અરાજકતા અને ઉપદ્રવીઓ સામે ઝૂકશે નહીં. તેમણે ગંભીર આક્ષેપ કર્યો હતો કે આગામી રાષ્ટ્રપતિની ચૂંટણીઓ પહેલાં કેટલાક રાજકીય પરિબળો દેશમાં અરાજકતા ફેલાવીને રાજકીય લાભ ખાટવાનો પ્રયાસ કરી રહ્યા છે. રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોંએ પણ હિંસા આચરનારા તમામ અસામાજિક તત્ત્વો સામે કડક કાનૂની કાર્યવાહીની ખાતરી આપી છે. સત્તાવાર અહેવાલો મુજબ, સમગ્ર દેશમાંથી અત્યાર સુધીમાં આશરે બે હજારથી વધુ ઉપદ્રવીઓની ધરપકડ કરવામાં આવી છે.

ન્યૂઝ ફોકસ

બીજી તરફ બાલ્કન ક્ષેત્રના આલ્બેનિયામાં પણ પરિસ્થિતિ અત્યંત સ્ફોટક બની છે. તેની રાજધાની તિરાનામાં સરકાર વિરોધી આંદોલન સતત પાંચમા દિવસે વધુ ઉગ્ર બન્યું હતું. વિરોધ પક્ષો અને આમ જનતા ભ્રષ્ટાચારના આરોપો હેઠળ વડાપ્રધાન એડી રામાના તાત્કાલિક રાજીનામાની માંગ કરી રહ્યા છે. હિંસા જ્યારે હદ વટાવી ગઈ ત્યારે સ્થાનિક પોલીસે પરિસ્થિતિ કાબૂમાં લેવા માટે પહેલીવાર રબર બુલેટ્સનો ઉપયોગ કરવો પડ્યો હતો. આ સિવાય ટીયર ગેસ, વોટર કેનન અને લાઠીચાર્જ વડે ભીડને વિખેરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. તેના જવાબમાં પ્રદર્શનકારીઓએ સુરક્ષા દળો પર પથ્થરમારો કર્યો હતો, પેટ્રોલ બોમ્બ ફેંક્યા હતા અને દેશી ફટાકડા ફોડીને ભયનો માહોલ બનાવ્યો હતો. તિરાનાના મુખ્ય રસ્તાઓ પર કચરાપેટીઓ અને મોટરકારોને આગ લગાવીને મોટા બેરિકેડ્સ ખડકી દેવાયા હતા જેથી પોલીસની અવરજવર રોકી શકાય.

અહેવાલો પ્રમાણે આલ્બેનિયાના આરોગ્ય મંત્રાલયે પુષ્ટિ કરી છે કે માત્ર શનિવારના સંઘર્ષમાં જ ૩૫ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા, જેમાં ૧૮ પોલીસકર્મીઓ અને ૧૭ સામાન્ય નાગરિકોનો સમાવેશ થાય છે. આલ્બેનિયાના પોલીસ વડા સ્કેન્ડર હિતાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે છેલ્લા પાંચ દિવસના હિંસક તોફાનોમાં કુલ ૧૩૨ પોલીસ જવાનો ઘાયલ થયા છે અને અત્યાર સુધીમાં ૧૬૭ હિંસક પ્રદર્શનકારીઓની અટકાયત કરવામાં આવી છે. આ આંદોલન પાછળ સરકારી તંત્રમાં વ્યાપક ભ્રષ્ટાચાર, યુવાનોમાં સતત વધી રહેલી બેરોજગારી અને કથળતી શિક્ષણ વ્યવસ્થા પ્રત્યેની ભારે નારાજગી મુખ્ય પરિબળ છે. જોકે વડાપ્રધાન એડી રામાએ રાજીનામું આપવાનો સાફ ઈનકાર કરી દીધો છે અને આક્ષેપ કર્યો છે કે રૂઢિચુસ્ત વિપક્ષી નેતાઓ સત્તા મેળવવા માટે નિર્દોષ યુવાનોને ઉશ્કેરીને દેશમાં હિંસા ભડકાવી રહ્યા છે.

આ સિવાય ઈટાલીની આર્થિક રાજધાની ગણાતા મિલાન શહેરમાં પણ આર્થિક સંકટ, વૈશ્વિક યુદ્ધો અને મોંઘવારી વિરુદ્ધ કાઢવામાં આવેલી કૂચ જોતજોતામાં હિંસક તોફાનોમાં ફેરવાઈ ગઈ હતી. અસામાજિક તત્ત્વોએ મોઢા છુપાવીને રસ્તા પરથી પેવિંગ બ્લોક્સ અને પથ્થરો ઉખાડીને પોલીસના કાફલા પર જોરદાર પથ્થરમારો કર્યો હતો. કેટલાક ચોકો પર કામચલાઉ અવરોધો ઊભા કરી તેમાં આગ ચાંપવામાં આવી હતી અને પ્રતિષ્ઠિત વ્યાપારી પેઢીઓમાં લૂંટ ચલાવવામાં આવી હતી. પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ હતી કે પોલીસે ટીયર ગેસ અને વોટર કેનનનો સહારો લેવો પડ્યો હતો, જેના કારણે મિલાનના વિશ્વપ્રસિદ્ધ 'પિયાઝા ડેલ ડુઓમો' વિસ્તાર અને આસપાસની મોંઘી લક્ઝરી દુકાનોને તાત્કાલિક ખાલી કરાવવી પડી હતી.



સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વિડીયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે કઈ રીતે લૂંટારુઓ દુકાનોના શટર તોડીને કિંમતી સામાન લૂંટી રહ્યા છે. આ ઘટનાઓ સામે આવતા અમેરિકા સહિત વિશ્વભરના ઈન્ટરનેટ યુઝર્સે યુરોપની સુરક્ષા વ્યવસ્થા પર કટાક્ષ કરતા સવાલો ઉઠાવ્યા હતા કે શું અહીં બંદૂકો પર પ્રતિબંધ હોવાથી સામાન્ય દુકાનદારો આટલા અસહાય બની ગયા છે. ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ આ હિંસાની આકરા શબ્દોમાં નિંદા કરતાં જણાવ્યું હતું કે, લોકશાહીમાં શાંતિપૂર્ણ વિરોધ કરવો એ દરેક નાગરિકનો અધિકાર છે, પરંતુ જાહેર કે ખાનગી સંપત્તિને નુકસાન પહોંચાડવું અને શહેરોને આગના હવાલે કરવા એ કોઈપણ રીતે સ્વીકાર્ય નથી. આ ઉપરાંત ઈટાલીના બોલોન્યા શહેરમાં પણ આવી જ હિંસક ઘટનાઓ બની હતી, જ્યાં પોલીસ દ્વારા વોટર કેનન ચલાવવામાં આવ્યા હતા અને સાત ઉપદ્રવીઓની ધરપકડ કરવામાં આવી હતી.

દક્ષિણ યુરોપના દેશ પોર્ટુગલની વાત કરીએ તો, તેની રાજધાની લિસ્બનમાં હજારો નાગરિકો આવાસ સંકટ અને વધતા જીવનનિર્વાહ ખર્ચ સામે અવાજ ઉઠાવવા રસ્તા પર ઉતરી આવ્યા હતા. પોર્ટુગલમાં લોકો માટે સૌથી મોટો પડકાર રહેણાંક મકાનોની ગગનચુંબી કિંમતો બની ગઈ છે. રોઈટર્સના સત્તાવાર અહેવાલ મુજબ વર્ષ૨૦૧૭ પછી પોર્ટુગલમાં રિયલ એસ્ટેટ અને મકાનોના ભાવો બમણાથી પણ વધુ થઈ ગયા છે. વિદેશી રોકાણકારો અને પ્રવાસન ક્ષેત્રના અતિશય દબાણને કારણે સ્થાનિક સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારો માટે ઘર ખરીદવું તો દૂર રહ્યું, સામાન્ય ભાડું ચૂકવવું પણ અસંભવ બની રહ્યું છે. પગાર મર્યાદિત હોવા છતાં ભાડાં અને દૈનિક ચીજવસ્તુઓના ભાવમાં થયેલા અસહ્ય વધારાથી ત્રસ્ત જનતા હવે સરકાર સામે કડક આવાસ નીતિઓની માંગણી કરી રહી છે.

## સરકાર દ્વારા શિક્ષણ બજેટમાં કરવામાં આવી રહેલા કાપથી બ્રસેલ્સમાં પણ વિરોધના વંટોળ

યુરોપિયન યુનિયનના વડામથક સમાન બેલ્જિયમની રાજધાની બ્રસેલ્સમાં પણ સેંકડો વિદ્યાર્થીઓ અને યુવા સંગઠનો રસ્તા પર ઉતરી આવ્યા હતા. કેટલાક સ્થળોએ વિદ્યાર્થીઓ અને પોલીસ વચ્ચે ઝપાઝપી થઈ હતી. વિદ્યાર્થી સંગઠનોનો મુખ્ય આક્ષેપ એ છે કે સરકાર દ્વારા શિક્ષણ બજેટમાં કરવામાં આવી રહેલા કાપ અને ફી વધારાને લીધે ઉચ્ચ શિક્ષણ સામાન્ય પરિવારોના સંતાનોની પહોંચ બહાર જઈ રહ્યું છે. મોંઘવારીના કારણે પુસ્તકો, છાત્રાલયો અને અભ્યાસ સામગ્રી એટલી મોંઘી થઈ ગઈ છે કે યુવાનો પોતાનું ભવિષ્ય અંધકારમય જોઈ રહ્યા છે. વિશ્લેષકોના મતે બેલ્જિયમમાં થયેલા આ યુવા દેખાવો પર પડોશી દેશ ફ્રાન્સમાં ચાલી રહેલા વ્યાપક આંદોલનનો સ્પષ્ટ પ્રભાવ જોવા મળ્યો છે. આ સમગ્ર પરિસ્થિતિનું તારણ કાઢતાં સ્પષ્ટ થાય છે કે યુરોપ હાલ માત્ર કાયદો અને વ્યવસ્થાની સમસ્યાનો સામનો નથી કરી રહ્યું, પરંતુ તે બીજા વિશ્વયુદ્ધ પછીના સૌથી ગંભીર માળખાકીય સામાજિક-આર્થિક સંકટમાં ઘેરાયેલું છે. રશિયા-યુક્રેન યુદ્ધ બાદ ઊર્જા સંકટ, વૈશ્વિક ફુગાવો, સપ્લાય ચેઈનની અડચણો અને અયોગ્ય સરકારી નીતિઓએ સામાન્ય યુરોપિયન નાગરિકના જીવનધોરણને ઊંડી અસર પહોંચાડી છે. જ્યારે મૂળભૂત જરૂરિયાતો જેવી કે ખોરાક, રહેઠાણ, ઊર્જા અને શિક્ષણ સામાન્ય વર્ગની પહોંચ બહાર જતા રહે છે, ત્યારે લોકશાહીના માળખામાં પણ અસંતોષનો વિસ્ફોટ અનિવાર્ય બની જાય છે.

જો યુરોપના દેશો સમયસર પોતાના નાગરિકોની આર્થિક મુશ્કેલીઓને હળવી કરવા માટે નક્કર પગલાં નહીં ભરે, તો આ પ્રકારના આંદોલનો માત્ર કાયદો-વ્યવસ્થાની કટોકટી પૂરતા સીમિત ન રહેતાં સમગ્ર ખંડની રાજકીય સ્થિરતાને પણ જોખમમાં મૂકી શકે છે.


હીરો ભારતની કલાકૃતિઓની ઉજવણી કરે છે.
હિમાચલ પ્રદેશના ધની રામ દ્વારા કાંગડા કલા દર્શાવવામાં આવી છે.
Hero
હીરોની સંગે
તહેવાર છે બધે અહીં...
દશેરાની શુભકામનાઓ
Splendor+
XTEC 2.0
Destini
જીતવાનો મોકો મળે સોનાના સિક્કા અને ઘણું બધું
કેશ ડિસ્કાઉન્ટ ₹2 500 સુધી
એક્સચેન્જ બોનસ ₹5 000 સુધી
ઇંસ્ટન્ટ ડિસ્કાઉન્ટ ₹10 000 સુધી
sbi card
HDFC BANK
pine labs
ઓછું ડાઉન પેમેન્ટ ₹4 999 થી શરૂ
કોર્પોરેટ ઓફર ₹3 200 સુધી
For bulk / institutional inquiries, please write to us at : institutionalsales@heromotocorp.com | Available in CSD
5 YEAR WARRANTY
Hero GoodLife
Also Available on:
Flipkart
amazon.in
TOLL FREE
1800 266 0018
Authorised Dealers:

**સરપ્લસ વીજળીની દાવા વચ્ચે સરકારનું 'પાવર મેનેજમેન્ટ' ફેલ**

# ગુજરાતમાં વીજસંકટ : ગામડામાં અંધારપટ અને ઉદ્યોગોમાં વીજકાપ

અમદાવાદ,સોમવાર

એક તરફ, ગુજરાત સરકાર સરપ્લસ વીજળી ધરાવતા રાજ્યના મોટા-મોટા દાવાઓ કરે છે, તો બીજી તરફ કડવી વાસ્તવિકતા એ છે કે, નવરાત્રી જેવા પવિત્ર તહેવારોના દિવસોમાં જ ગુજરાતમાં વીજ સંકટ વધુ ઘેરુ બન્યું છે. વીજસંકટ માટે સરકારે અલ નીનોનું કારણ આગળ ધર્યુ છે પણ હકીકત એછેકે, ગુજરાત સરકારનું 'પાવર મેનેજમેન્ટ' સદંતર નિષ્ફળ નીવડ્યું છે. બીજા રાજ્યો અને ખાનગી કંપનીઓને 'પાણીના ભાવે' વીજળી વેચતી સરકાર પોતાના જ રાજ્યના ખેડૂતો, ગ્રામજનો અને ઉદ્યોગકારોને પૂરતી વીજળી આપવામાં નાકામ રહી છે. તેનુ કારણ એછેકે, ગામડાઓમાં અંધારપટા છવાયુ છે જ્યારે નાના કારખાના-ફેક્ટરીઓને ફરજિયાત ૪થી ૮ કલાક બંધ રાખવા દબાણ કરવામાં આવી રહ્યુ છે. આ પરથી ગુજરાતમાં વીજ કટોકટી કેટલી હદે છે તેનો અંદાજ આવી શકે તેમ છે.

## ખાનગી કંપનીઓને પાણીના ભાવે વીજળી વેચતી સરકાર ગુજરાતના જ ખેડૂતો- ઉદ્યોગોને વીજળી આપવામાં નાકામ

ખેડૂત આગેવાનોનું કહેવુ છેકે, છેલ્લા ૨૫ દિવસથી સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના ગામડાઓમાં ગમે ત્યારે

**સૌરાષ્ટ્ર-દ.ગુજરાતમાં ૪થી ૮ કલાક કારખાના બંધ રાખવા દબાણ કરાયું, દિવાળી સમયે નાના ઉદ્યોગકારો મુશ્કેલીમાં**

વીજળી ડુલ થઇ જાય છે. એવી પણ ફરિયાદો ઉઠી છેકે, સાંજના થી રાત્રિના ૯.૩૦ વાગ્યા દરમિયાન વીજળી જતી રહી છે. આ એ સમય છે જ્યારે ઘરોમાં માતાજીની આરતી થતી હોય અને પરિવારો જમવા બેસતા હોય. 'ડિજિટલ ઈન્ડિયા' અને '૨૪ કલાક વીજળી'ની ડીંગો હાંકવામાં આવી રહી છે ત્યારે નવરાત્રિ જેવા પવિત્ર તહેવારમાં પણ ગ્રામીણ જનતાને અંધારામાં રહેવું પડ્યું છે. હાલ ગામડાઓમાં તો એવી અનિશ્ચિતતા પ્રવર્તી રહી છેકે, વીજળી ક્યારે જાય તે નક્કી જ નથી. દિવસમાં ત્રણ-ચાર વખત વીજળી જાય છે, જેને પગલે પ્રજામાં લોકોમાં રોષ

(અનુસંધાન છટ્ઠે પાને)


વેચવાનો છે NEW ફ્લેટ
3 BHK
Fully Furnished, 72 Lac.
9313500800

Ready Possession
Plots @ 30Lakh
• Bank Loan Available
• All Amenities Ready
Sanand, Ahmedabad
9930069141 • 8000444477

Kathwada Plot for Sale
પ્રાઇમ લોકેશનમાં
ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ વેચવાનો છે
3500 વાર (કારપેટ)
94260 13922 - 95869 76855

NA - READY POSSESSION
PLOTS
STARTING 15 LACS
SANAND NALSAROVAR RD
98250 39864/67

વેચાણથી આપવાની છે
4200 Sq.Ft.
સુપર બિલ્ડઅપ એરિયા
9512677373
9512677474

ચોથી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ





સ્વ. ગોવિંદરામ ભાવનદાસ ભાટીયા

For Sale Plot (500 થી 1000 વાર)
પ્લાન પાસ NA
THE GREEN ORCHARDS
EXCEPTIONAL RESIDENTIAL PLOTS
THE GREEN ORCHARDS 2
SERENE RESIDENTIAL PLOTS
Left of Sanand- Kadi Road, Chekhla- Andej Road, Nr. Chekhla, Andej, Gujarat.
98790 53885 - 98250 47010

THE ADDRESS YOU WAITED FOR IS HERE
BE AMONG THE FIRSTS TO OWN
BOOKINGS OPEN
PALM GROVE
Live the LuxBud Life





3 & 4 BHK LUXBUD RESIDENCES
@Jodhpur-Satellite, Ahmedabad.
PODDAR REALTY GROUP
BUILDING FUTURISTIC DREAMS
92134 45247
prgworld.in
RAA17498
SCAN FOR LOCATION


